
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



આભાર—પત્ર

શ્રીમાન્ ચંદુલાલ ગુલાબચંદ દેશાઈ,

મોરબી.

આપ સાત સાત વર્ષ થયાં મ્હારાં ' સ્થાનકવાસી જૈન ' પત્રના
ચાલુ ગ્રાહક રહી, સમાજના પત્રને પ્રોત્સાહન આપવા ઉપરાંત, અવાર-
નવાર ધાર્મિક પુસ્તકો મંગાવી જૈનધર્મ પ્રત્યેનો આપનો પ્રેમ બતાવી
આપો છો, એટલું જ નહિ પણ આપ આપણી સ્થા. જૈન કોન્ફરન્સની
ાર્યવાહીનું પરોક્ષ નિરીક્ષણ કરી સમાજોન્નતિ માટે ધગશ ધરાવો છો
મેવું મેં જાણ્યું ત્યારે આપની વધુ મુંગી સેવા જાણવાની મ્હને જીજ્ઞાસા
ઈ ત્યારે મેં જાણ્યું કે, આપ આપના મૂળ વતન ' વવાણીયા 'ના સેવા-
માજના પેટ્રન છો, દુષ્કાળ વખતે તે સેવાસમાજદ્વારા ગરીબોને અન્ન
આદિની મદદ આપી આપે દ્રવ્યનો સારો સદુપયોગ કર્યો હતો, તથા
ાપના બંધુના સ્મારકરૂપ વવાણીયામાં હાલ ' શ્રી વિકમચંદ ફ્રી લાય-
બ્રેરી ' ચાલે છે. આ ઉપરાંત કવિવર્ય શ્રી નાનચંદ્રજી મ. વિરચિત
' પ્રાર્થના પદ ' પુસ્તકની ચોથી આવૃત્તિમાં આપે કિંમતી સહાય આપી
છે. આ બધી આપની શુભ પ્રવૃત્તિઓ જાણી, ' કોન્ફરન્સ ઇતિહાસ
નામક આ પુસ્તકની કેટલીક નકલો લેવા વિષેનો માત્ર એક જ પત્ર
આપને લખતાં આપે આપનાં સ્વ. પૂ. માતુશ્રી રળીયાતબાઈના પુણ્ય-
સ્મરણાર્થે આ પુસ્તકની ૧૫૧ નકલ ખરીદી મ્હારાં પ્રકાશનકાર્યને વેગ
આપ્યો છે તે બદલ હું આપનો આભાર માનવાની મારી આંતર લાગણી
રોકી શકતો નથી. સાથે સાથે આશા રાખું છું કે, આપદ્વારા સમાજ,
ધર્મ અને ધર્મ સાહિત્યની સેવા વધુ ને વધુ થતી રહે.

શ્રાવણ શુદ ૫ સોમવાર,
૧૯૯૭
પંચભાઈની પોળ, અમદાવાદ

હું છું આપનો શુભેચ્છક
જીવણલાલ સંઘવી.

આ પુસ્તકના લેખક

અને

'સ્થાનકવાસી જૈન'ના ખાસ લેખક



શ્રી ત્રિભુવન વીરચંદભાઈ દેમાણી-જેતપુર

કહી શકાય. તે શબ્દ ઉપર જણાવેલા ‘ઉચે’ ચઢીને કરાતાં અવલોકનને તંતોતંત લાગુ પડે છે એમ કહીએ તો તેમાં કંઈ ખોટું નથી. એમ હોવાથી આ લખાણનું શિરોનામ ‘વિહંગાવલોકન’ રાખવાનું પસંદ કરવામાં આવ્યું છે. અલબત્ત, તેમાં ‘ગાડર દૃષ્ટિ’ને કેટલે અંશે તજી દેવામાં આવી છે અને ‘ગરુડ દૃષ્ટિ’ને અપનાવવા માટે કેટલી હદનો પ્રયત્ન સેવવામાં આવ્યો છે તે મનનપૂર્વક વાંચી શકનાર પ્રત્યેક વ્યક્તિ સમજી શકે એવી સાદી વાત માત્ર છે. ‘ગાડર’ની ભૂમિકા પર રહેલી પ્રત્યેક વ્યક્તિએ સ્વપ્રયત્નો વડે ‘ગરુડ દૃષ્ટિ’ને પહોંચવા સારુ અવિરત પ્રયત્નો સેવવા જોઈએ અને એવું કરવાની પાએશ ધરાવનાર સાધુ કે શ્રાવક, જ્ઞાની કે અજ્ઞાની, રંક કે તવંગર શિખર પ્રગતિના રાજમાર્ગ પર ચઢી ચૂક્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ જેવું કંઈ યે નથી.

અવલોકનના ઉક્ત બન્ને દૃષ્ટિબિંદુઓને સાચી રીતે સમજી શકનારી વ્યક્તિને સ્પષ્ટ રીતે જણાઈ આવશે કે અખિલ ભારતવર્ષીય શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના જુદાં જુદાં અધિવેશનોના ભૂતકાળના ઇતિહાસમાંથી પ્રેરણા મેળવવા ઇચ્છનારે ‘ગાડર દૃષ્ટિ’ને વધુમાં વધુ અંશે તિલાંજલિ આપીને બની શકે ત્યાં સુધી ‘ગરુડ દૃષ્ટિ’એ અવલોકન કરવાની ટેવ પાડવી જોઈશે. તદ્દન ‘ગાડર દૃષ્ટિ’ની મદદ વડે લખાયેલા એ કૉન્ફરન્સના ભૂતકાળના કેટલાંય અવલોકનોએ એ અધિવેશનના ‘જલસાઓ’ને દબદબાવાળા ભવ્ય' મેળાવડાઓ તેમજ ફત્તેહરૂપ સંમેલનો તરીકે ઓળખાવેલાં છે અને તે રીતે તેનાં ‘ગીતડાં’ પણ પુષ્કળ પ્રમાણમાં ગવાયાં છે; પરન્તુ ‘ગરુડ દૃષ્ટિ’એ અવલોકન કરવાની ટેવ પાડવાની ઇચ્છાવાળી વ્યક્તિઓને એ અધિવેશનોના મેળાવડાઓ કોઈ જુદા જ સ્વરૂપમાં જણાયા હોય તો તેમાં એ અવલોકનારનો વાંક ન ગણાવો જોઈએ—માત્ર તેમના દૃષ્ટિબિંદુઓનો જ ફેર છે એ વાત સમજાઈ જવી જોઈએ. અને તેથી એ મતભેદને વિરોધ કે દુશ્મનાવટ તરીકે લેખવાં પહેલાં વ્યાપક દૃષ્ટિએ એ વસ્તુને

કરવામાં આવ્યું છે. તે કોઈને રાજી રાખવા કે નારાજ કરવા અથવા તો કોઇની ખુશામત કરવા કે કોઈની નાલેશી કરવા માટે લખાયું નથી એ વાતની સૌ કોઈ ખાત્રી રાખે. માત્ર સમાજની પ્રગતિના અભ્યાસના એક અંકોડા રુપે જ આ લખાણને સમજવાનું છે અને એ દૃષ્ટિએ જ જનતા સમક્ષ તેને ધરી દેવાની લેખકની ખાએશ છે, એટલું જ જો ધ્યાનમાં રાખીને તેને વાંચવામાં આવશે તો વાચકનાં ચિત્તમાં કોઈ પણ બનાવ કે ઘટનાને જોવાની સાચી દૃષ્ટિ યોગ્ય વખતે ઊગી આવશે, એટલું જ નહિ પણ લેખકનો આશય પણ કંઈક અંશે સફળ થયો ગણાશે તેમજ તેણે લીધેલી મહેનત લેખે લાગશે.

*

સાથોસાથ એક વાત ઓર કહી લઉં ! આ લખાણને પ્રસ્તુત સ્વરુપમાં લખી શકવાની તાકાત સદ્ગત કર્મવીર વાડીલાલ મોતીલાલ શાહની સાથેના ટુંકા સહવાસને પરિણામે આ લખનારને પ્રાપ્ત થઈ છે એમ તેનું માનવું છે. અને એ પ્રખર જૈન વિચારકનાં જીવન તેમજ કવનના સતત અભ્યાસને પરિણામે સ્પષ્ટ રીતે જણાયું છે કે અખિલ ભારતવર્ષીય શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરંસનો ઇતિહાસ એટલે એક રીતે કહીએ તો એ વાડીલાલ શાહનો તેમનાં જીવન-કર્તવ્ય (Mission)ને યથાશક્તિ પાર પાડવાનો પ્રયત્ન. એ વીર પુરુષને સ્થાનકવાસી જૈનોની સેવા કરવાના પોતાના અભિલાષને મૂર્ત સ્વરુપ આપવા ખાતર પત્રકારના તખ્તા પર 'નાયવા'નું પસંદ કર્યું હતું અને એક સાચા પત્રકારને શોભે એવો પાઠ ભજવવા ખાતર, તેણે 'ગાડર દૃષ્ટિ'ને સમૂળગી તિલાંજલિ આપીને સખત તેમ જ સતત જહેમત દ્વારા 'ગરુડ દૃષ્ટિ'ને ઘણા જ મોટા પ્રમાણમાં અપ-ાવી હતી. અને એ દૃષ્ટિએ કેટલીયે અનોખી વિચારણાઓ, મંથનો ન જ મંતવ્યો સ્થાનકવાસી જૈનો સમક્ષ ધરી દેવામાં તેમનાં જીવનનાં લાંય અમૂલ્ય વરસો તેણે પસાર કર્યાં હતાં. પરન્તુ અફસોસનો વિષય એટલો જ છે કે એ ચિંતકની સાચી કદર તેનાં જીવન દરમિયાન

છેડાની વાત તરીકે એટલું કહી લેવાની જરુર છે કે આ લખાણને તૈયાર કરવામાં નીચે જણાવેલાં પુસ્તકો, રિપોર્ટો, અહેવાલો તેમજ પત્રોની ફાઇલોનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે એ જણાવી દેવું આવશ્યક છે. એ સઘળાં મળવા પામ્યાં ન હોત તો આ લખાણ લખવામાં કેટલીક હકીકતને અભાવે ધાર્યો આશય ફળીભૂત થવા પામત નહિ એ સ્પષ્ટ જ છે. ખરેખર, એ પુસ્તક–પુસ્તિકાઓ તેમજ પત્રોનો તથા પ્રકાશક બંધુઓનો મારે આ સ્થળે અહેશાન જાહેર કરવો જ જોઇએ–એટલા ઋણસ્વીકાર વગર આ પ્રયત્ન અધૂરો તેમજ પાંગળો જ ગણાત એમ હું માનું છું:—

૧. જૈન હિતેચ્છુ [વાડીલાલ શાહ] સને ૧૮૯૮ થી ૧૯૨૧
૨. જૈન સમાચાર [" "] સને ૧૯૦૬ થી ૧૯૧૨
૩. શ્રાવક [મોહનલાલ મહેતા] સને ૧૯૦૪ થી ૧૯૦૮
૪. જૈનોદય [નાગરદાસ શાહ] સને ૧૯૬૨
૫. કોન્ફરંસ પ્રકાશ : સને ૧૯૧૨–૧૩
૬. જૈનપ્રકાશ : છુટક અંકો
૭. જૈન જાગૃતિ [ડાહ્યાલાલ મહેતા] પુસ્તક પહેલું
૮. ઐતિહાસિક નોંધ [વા. મો. શાહ]
૯. શ્વે. સ્થા. જૈન કોન્ફરંસના વિવિધ અહેવાલો તથા વાર્ષિક પોર્ટ.

સાથોસાથ કોન્ફરંસ ઓફિસના હાલના સંચાલક મહાશયોનો જાહેર રીતે આભાર માનવાની આ તક મારે લેવી જોઈએ અને એટલા ખાતર કે તેમણે ઉપર જણાવેલા અહેવાલો તેમજ રિપો- ખાસ 'ઓફિસ કોપી'ની નકલો આ લખાણના ઉપયોગ વિના સંકોચે ધીરવાનું સૌજન્ય દાખવ્યું છે. ખરેખર હું તેમનો ાનમંદ છું.



ધર્મનું સાચું રહસ્ય ન સમજી શકે કે સમજવા પ્રયત્ન પણ ન કરે તો તેમાં આશ્ચર્યને ઓછું જ સ્થાન હોય એ સ્પષ્ટ છે. વસ્તુસ્થિતિ આવી હોય ત્યાં એ ભિન્ન ભિન્ન સંપ્રદાયો તેમજ ટીકાઓમાંથી કયા કયાની માન્યતાઓ ભગવાન મહાવીરનાં શાસનને વધુમાં વધુ અનુરૂપ છે એ બાબતની ચર્ચા પણ આજે તો નિરુપયોગી જણાય એ તદ્દન સમજી શકાય તેવું છે. છતાં પણ એટલું તો અવશ્ય નિર્વિવાદ છે કે, ભગવાન મહાવીરના અનુયાયીઓ શિથિલતાની હદ છાંડી ગયા હતા તેવે સમયે અમદાવાદમાં મહાપુરુષ શ્રી લોંકાશાહે સમાજનાં હૃદયમાં ઘર કરી રહેલી શિથિલતા સામે 'બેઠો બળવો' પુકાર્યો હતો અને જનતાને સાચી સમજણનાં ચક્ષુ આપવા પ્રયત્ન કર્યો હતો. એ પરમ ઉપકારી પુરુષના ભગીરથ પ્રયત્નોને પરિણામે તેની 'દૃષ્ટિ'ને સ્વીકારનારા જૈનો પોતાને 'સ્થાનકવાસી' કે 'સાધુમાર્ગી' જેવાં સૂચક નામથી ઓળખાવવા લાગ્યા હતા. ઇતિહાસની આટલી હકીકત સામે કોઈથી આંખ આડા કાન કરી શકાય તેમ નથી. એ લોંકાશાહ કેવા કેવા પ્રયત્નો દ્વારા પોતે જગાવેલા 'બેઠા બળવા'ને વિજયના રૂપમાં ફેરવવામાં ફતેહમંદ થયા હતા, કેવી કેવી મુશીબતોના ખાડાટેકરાઓ પસાર કરીને પોતાની ટેકને તેમજ મંતવ્યને વળગી રહેવાને કેટલી હદ સુધીની મથામણ કરી હતી વગેરે વગેરે ઇતિહાસની લાંબી લાંબી વાતોને પહોંચી વળવાનું એક 'ઉડતી નોંધ' રૂપે લખાતાં આ વિહંગાવલોકનમાં બની શકે એ સંભવિત નથી. તેથી એ મહાપુરુષનાં નામનો તેમ જ તેમનાં પવિત્ર જીવનકાર્યનો માત્ર ઉપરછલ્લો ઉલ્લેખ કરીને આગળ વધવું વધુ ઉચિત ગણાશે.

કોઈએ સાચું જ કહ્યું છે કે ઇતિહાસની ચર્ચામાં પુનરાવર્તનનો સિદ્ધાંત રાજ કરે છે એટલે ઇતિહાસની વિવિધ ઘટનાઓ એક યા બીજા સ્વરૂપે અવારનવાર ફરી ફરીને બન્યા જ કરે છે. એ ન્યાયે શ્રી લોંકાશાહના અનુયાયીઓમાં પણ કાળે કરીને શિથિલતાએ વાસો કર્યો અને ધર્મદીપની વસ્તુ પર ફરી એકવાર અંધાર પછેડો પડ્યો

ઃ ક્ષ્ખત જતાં પરિણામ એ આવ્યું કે એ રીતે સ્થપાયેલા સંધાડાઓ
અને સંપ્રદાયોની વચ્ચે રહેલી સંગઠનની દોરી તૂટી ગઈ અને વિવિ-
ધતામાં ઐક્યની વસ્તુ જ રહેવા પામી નહિ. એ બાબતનો સારો
સરખો ખ્યાલ આપે એવી એક કંડિકા વિચારક વાડીલાલે પાંત્રીસ
વર્ષ પહેલાં લખી હતી તે હજુ આજે પણ તેટલી જ ઉપયોગી જણાશે
એમ સમજી અહીં ઉતારી લેવી ઉચિત ગણી છેઃ–

" 'સ્થાનકવાસી' અથવા 'સાધુમાર્ગી' જૈનધર્મ જ્યારથી
પુનરુત્થાન પામ્યો–જ્યારથી જૈનધર્મનો આ બીજો અવતાર હવા
માતો થયો ત્યારથી તે આજ સુધીમાં કોઈ વખતે એ ધર્મ જાહો-
જલાલીમાં હતો જ નહિ; અરે એને માટે કશું બંધારણ જ નહોતું.
તિઓથી જુદા પડવું અને મૂર્તિપૂજાને તિલાંજલિ આપવી એટલે
ઢૂંઢીઆ' થયા એ જ ખ્યાલ આ ધર્મ સંબંધી પ્રચલિત હતો.
મ એક જ ભાષા વાપરતી જુદા જુદા પ્રાંતોની રૈયત એક 'પ્રજા'
ાય, (પરન્તુ હિંદમાં એક પ્રજાત્વ છે જ નહિ;) તેમ એક જ
રણથી ચાલતા જુદા જુદા ગામના સંઘો અને સાધુઓ કોઈ
તે આ ધર્મમાં હતા નહિ અને હાલ છે જ નહિ. જેની મરજીમાં
તે 'બીજા બધા અનાચારી છે; હું એકલો શુદ્ધ છું, માટે હું
જ વિચરીશ' એમ કહી જુદો સંઘાડો સ્થાપે અને એ પણ
ાનકવાસી' ગણાય! 'પ્રજાત્વમાં એક જ ભાષા જોઇએ
ધર્મમાં એક જ બંધારણ જોઇએ. હિંદમાં જેમ ભાષા એક
તેમ સ્થાનકવાસી જૈન વર્ગમાં બંધારણ પણ એક નથી. આથી
ના મગ જુદા ચડે છે!"[1]

ી ને ટચ વાત એ છે કે એ વખતના સ્થાનકવાસી જૈનોની
તેમજ ધાર્મિક સ્થિતિનો ખરો ખ્યાલ આજે આપણને
કે એવો કોઈ ઇતિહાસ આપણી પાસે મોજુદ નથી. તેથી

૧ વિહારિક નોંધ : ૫૫ ૮૯.

નિશ્રી છગનલાલજી સ્વામીનું નામ સ્થા. જૈનોના ઇતિહાસમાં
વર્ણાક્ષરે નોંધાઈ રહ્યું છે. સમાજની અધોગતિનું સૂક્ષ્મ દર્શન થતાં
તે મુનિવરનાં દિલમાં એક પ્રકારની બળતરા જલી રહી હતી
અને પોતાનાં ચિત્તમાં રહેલા એ બળાપાને બળબળતા શબ્દો દ્વારા
રજુ કરવા સારુ કોઇ યોગ્ય પાત્ર મળે તો તે બાબતની શોધ તેમની
વિહારયાત્રામાં ચોંપપૂર્વક તેઓ કર્યા કરતા. અચાનક તેમને વિદ્યાર્થી
વાડીલાલ શાહનો ભેટો થઇ ગયો. તેને જોતાં જ એમને એ યોગ્ય
પાત્ર જણાયું. તેમની સમક્ષ એ મુનિવરે સમાજની અધોગતિપ્રેરક
અવદશા માટે હંમેશ મુજબનો બળાપો રજુ કર્યો અને એવા સમા-
જના ઉદય સારુ સૌ કોઇએ પોતપોતાથી બને તેટલું કરી બતાવવું
જોઇએ એવું સૂચન કર્યું. વિશેષ વાટાઘાટ થતાં સમાજની અધોગતિને
દૂર કરવા માટેની મુખ્ય જરુરિયાતની વસ્તુ તરીકે સમાજસેવા નિમિત્તે
કોઇ સામયિક પત્ર પ્રગટાવવાની પ્રેરણા એ વિદ્યાર્થી વાડીલાલને
થઇ દીધી અને મૂછનો દોરો પણ ફૂટ્યો નહોતો એવા એ નવજુવાન
. મો. શાહે પોતાના પ્રિવિયસના અભ્યાસને તિલાંજલિ આપીને
પના પિતાશ્રીને હસ્તે 'જૈનહિતેચ્છુ' પ્રગટાવવાની શરુઆત કરી
ી. એ પછી તો સમાજ સંગઠન સારુ સ્થાનકવાસી જૈનોની
કોન્ફરન્સ સ્થપાવી જોઇએ અને એવી કોન્ફરન્સ જો અસ્તિત્વમાં
ા તો સમાજનો ઉદય હાથવેંતમાં આવે એ વસ્તુને જોરશોરપૂર્વક
ા સુધી તેમણે સમાજ સમક્ષ રજુ કર્યા કરી હતી.

એ રીતે કોન્ફરન્સની ઉપયોગિતા સમજાવવા સારુ એ વાડી-
શાહે જે અનોખી વિચારણા આપીને સમાજને પ્રગતિનો પાઠ
ા પ્રયત્ન કર્યા હતા તેમાંથી થોડીક કંડિકાઓ આદિ ઉતારી લેવામાં
ી છે. તેને અવલોકવાથી સમજાશે કે એના એ વિચારો હજુ
પણ-લગભગ ચાર દશકા પસાર થવા છતાં પણ એટલા જ
ગી જણાય છે. આ રહી એ કંડિકાઓ:-

તી માહિતી મેળવી પોતાનો દૃઢ નિશ્ચય બાંધીને **પછી** મેળાવડામાં જર થવાને બદલે 'ઘોયા મૂળા' જેવા આવનાર ગૃહસ્થ પાસેથી પણ ઉપયોગી સલાહની ભાગ્યે જ આશા રાખી શકાય.

એવા મેળાવડાથી તમને ઘણા ઘણા લાભ છે. તમારા વર્ગમાં જે શ્રીમંતો, વિદ્વાનો અને અનુભવીઓ છે તેમની લક્ષ્મી, વિદ્યા ને દીર્ઘદૃષ્ટિને કસોટી ઉપર ચડાવવાનો તમને પ્રસંગ મળશે, મની તે શક્તિઓ કાટ ખાઈ જતી અટકશે અને વધારે પ્રબળ શે; એક બીજા સાથે ભાઈચારો વધશે; ઉપયોગી બાબતો ચર્ચાથી તે નાના બાળકો અને સામાન્ય લોકોના પણ મોઢે થશે તેથી ત્યારે ત્યારે કોઈક દિવસ પણ તે સુધારા થશે. એમ તમારી સર્વ તરફની આબાદીનાં સાધન મેળવવા 'કોન્ફરન્સ'–'કોન્ફરન્સ' અને એક 'કોન્ફરન્સ'જ સમર્થ થશે."[૧]

એ રીતે પત્રકાર વાડીલાલે સ્થાનકવાસી જૈનોની એક કોન્ફરંસ સ્થાપવા માટે આંદોલન તેમજ પ્રચાર કરવા સારુ શરુઆત કરી તે સમયે બીજાં પણ કેટલાંક 'બળો' (Forces=વ્યક્તિઓ+સભાઓ તેમજ મંડળીઓ) સમાજના ઉદય માટે બની શકતી સઘળી મથામણ કરી રહ્યાં હતાં. મુંબઈના સ્થાનકવાસી જૈનોએ પ્રગતિના રાહને પહોંચવા સારુ 'સ્થાનકવાસી જૈન ધર્મ મંડળી[૧] સ્થાપી હતી અને એ દ્વારા સંગઠન તેમજ ઐક્યનો પેગામ તે સ્થળના સ્થાનકવાસી જૈનોને મળે તેવા પ્રયાસો કર્યા હતા. એ જ મુંબઈમાં પાછલાં વરસોમાં બીજી બે સભાઓ પણ સ્થપાઈ હતી, જેનાં નામ હતાં શ્રી રત્નચિંતામણી સ્થાનકવાસી જૈન મિત્રમંડળ અને 'ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા.' એ બન્ને મંડળોએ વિદ્વાનો તેમજ અનુભવીઓ પાસે વિવિધ વિષયો પર ભાષણો અપાવવા સારું જાહેર સભાઓ ભરવાની

---

૧. જૈન હિતેચ્છુ: ૧૯૦૩ સપ્ટેમ્બર; પૃષ્ઠ ૧૨૨–૧૨૩

૧ પાછળનાં વરસો દરમ્યાન એ નામમાં 'મંડળી'ને બદલે 'સભા' શબ્દ જોડ્યો હતો.

શ્રી. અંબાવીદાસ ડોસાણી-મોરબી



જેને

[illegible] જૈન સમાજે [illegible]

[illegible]

પ્રથમ અધિવેશન, મોરબીના પ્રમુખ



રાય શેઠ ચાંદમલજી—અજમેર

પ્રખ્યાત તપસ્વીજી મહાપુરુષ માણેકચંદજી સ્વામીમાં સ્થાનકવાસી જૈન સમાજને મળવા પામી હતી. તેમણે સમાજના પુનરુત્થાન તેમજ સંગઠન માટે ઐક્યનો પેગામ પહોંચડાવવા સારુ સમસ્ત કાઠિયાવાડનાં જુદાં જુદાં સ્થળોએ 'નિરાશ્રીત પુસ્તક ભંડાર'ના કેટલાયે મેળાવડાઓની યોજના કરી હતી. એવા વાર્ષિક મેળાવડા વખતે જુદા જુદા સ્થળના સભ્યો ઉપરાંત સંખ્યાબંધ વિદ્વાન તેમજ ધર્મપ્રેમી સજ્જનોને આમંત્રણ આપીને તેમની હાજરીથી એ મેળાવડાઓની ઉપયોગિતામાં ઓર વધારો કરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. પોરબંદર મુકામે ભરાયેલા એવા એક મેળાવડાના પ્રમુખસ્થાનેથી સદ્‌ગત વાડીલાલ શાહે એવા મેળાવડાઓમાં વધારે સ્થાનકવાસી જૈનો હાજરી આપે એવી અપીલ કરતાં એ મેળાવડાને 'કૉન્ફરંસનું બચ્ચું' એ ઉપનામથી ઓળખાવ્યો હતો તે તદ્દન સાચું હતું, કારણ કે મોરબી અધિવેશનને ફળીભૂત કરવાના કાર્યમાં ઉક્ત મેળાવડાઓમાં ભાગ લેનારી વ્યક્તિઓએ પૂરેપૂરો સાથ આપ્યો હતો.

એવા એવા વિવિધ પ્રયત્નોને પરિણામે આપણી અખિલભારતવર્ષીય સ્થાનકવાસી જૈન કૉન્ફરંસ અસ્તિત્વમાં આવી અને તેનું પહેલું અધિવેશન મોરબી મુકામે સન ૧૯૦૬ માં ભરાવા પામ્યું હતું.

૩

પહેલું અધિવેશન : મોરબીમાં

[તા. ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૧૯૦૬]

અખિલ ભારતવર્ષીય શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરંસ ભરવા માટે સમસ્ત ભારતવર્ષમાં જુદા જુદા સાધુવર્ગોએ, જુદી જુદી સંસ્થાઓએ તેમજ અનેક વ્યક્તિઓએ અનવતું આંદોલન કરીને એક પ્રકારનું ખાસ વાતાવરણ ઉભું કર્યું હતું. તેમાંથી પ્રેરણાનું પાન કરીને મોરબી સંઘે પહેલું અધિવેશન ભરવાની હામ ભરી. મોરબીવાસી 'હજારોપતિ' શેઠ શ્રી અંબાવીદાસ ડોસાણીએ એ પ્રથમ અધિવેશનને લગતું સઘળું ખર્ચ પોતાને શિર ઉપાડી લેવાનું સ્વીકાર્યું ત્યારે તો એ પ્રેરણાને અધિકરીતે પ્રોત્સાહન મળવા પામ્યું, અને એ જ કારણ છે કે આજે એ અંબાવીદાસ ડોસાણીને સાચી રીતે જ 'કોન્ફરંસના પિતા'નું માનભર્યું બિરુદ આપવામાં આવે છે. એ પ્રથમ અધિવેશનને શરુઆતથી તે અંત સુધી સફળતાના કિનારા સુધી પહોંચાડવાનું જોખમભર્યું કાર્ય શ્રી ગોકળદાસ મહેતા, શ્રી દુર્લભજી ઝવેરી તથા શ્રી મગનલાલ દફતરી એ ત્રણ જણની ત્રિપુટીએ કર્યું હતું. અલબત્ત, આ ત્રણ જણા ઉપરાંત બીજી અનેક વ્યક્તિઓના સહકાર તેમજ સેવાભાવથી એ કાર્ય સાંગોપાંગ પાર ઉતર્યું હતું એ નોંધવું જોઈએ, પરન્તુ જેમ કોઈ કુશળ સેનાધિપતિ અનેક પ્રકારની

વ્યૂહરચના યોજી બતાવીને વિજયને વરે છે તેની જ રીતે ઉક્ત ત્રણ મહાશયોની ત્રિપુટીએ પ્રથમ અધિવેશનને ફતેહમંદ બનાવ્યું હતું એમ કહેવામાં અતિશયોક્તિ જેવું કશું નથી.

મોરબી–અધિવેશન એ સ્થા. જૈનોનું પ્રથમ અધિવેશન હતું, તેથી નવું જ વાતાવરણ તેમજ નવી જ કાર્યદિશા ઉભી કરવા સારૂ મોરબીવાસીઓને અથાગ પરિશ્રમ સેવવો પડ્યો હતો. બહારગામના બીજા વિચારવંત સ્થા. જૈનોનો સાથ અને સહકાર મળવા પામે એટલા ખાતર એ ત્રિપુટીએ 'કાઉન્સિલ કમિટિ' નામની એક મંડળીની યોજના કરી હતી, જેમાં સમસ્ત ભારતવર્ષમાંથી ભણેલા તેમજ ડીગ્રીધારી જૈનોનાં નામ સભ્ય તરીકે નોંધવામાં આવ્યાં હતાં. ભણેલા તેમજ ડીગ્રી ધરાવનારા અને રાજ્યદરબારમાં લાગવગ ધરાવનારા જૈનોને એ રીતે સભ્ય તરીકે યોજવાનું કારણ એ હતું કે એ જમાનોજ અમલદારશાહીનો હતો. સમાજસેવાનું કે ધર્મપ્રચારનું ચાહે તેવું નાનું મોટું કાર્ય ભલેને હોય, પરન્તુ તેવાં કાર્યને ફતેહમંદીપૂર્વક પાર પાડવા માટે એ અમલદારશાહીની મદદની જરૂર પડે જ એમ એ સમયે સૌ કોઈ માનતું હતું. એ માન્યતાને પરિણામે ધર્મની બાબતમાં એકડો પણ ન જાણનારી અગર તો સમાજસેવા શું કહેવાય તેનો વિચાર કરવાની ફુરસદ પણ ન ધરાવનારી વ્યક્તિઓને એ 'કાઉન્સિલ કમિટિ'ના સભ્યો તરીકે યોજી બનાવવામાં આવે એ સમજી શકાય તેવું છે.

અરે, એ કાઉન્સિલ કમિટિની ક્યાં વાત કરવી! ખુદ સ્થા. જૈન કોન્ફરંસનાં પ્રમુખપદે પણ મુડીવાદની જ સ્થાપના કરી હોય એવું હજુ આપણે આજે પણ શું નથી જોતા ! ખેર ! એ જે હો તે હો, પરન્તુ એ 'કાઉન્સિલ કમિટિ'ની યોજના વખતે થોડીસી વધુ દીર્ઘદૃષ્ટિ વાપરીને ડીગ્રીઓ ધરાવનારી વ્યક્તિઓ ઉપરાંત બીજી–કામ કરી શકે અને સમાજસેવાનાં કાર્યને આગળ ધપાવી શકે એવી થોડીક વ્યક્તિઓનો સભ્ય તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હોત તો તે કમિ-

રિની પહેલી સોર [illegible] [illegible]
હતી તેમ [illegible] [illegible]

અધિવેશનને [illegible] [illegible]
જે મોકલ્યા હતી તે [illegible] [illegible]
[illegible] [illegible] અધિવેશન [illegible]
[illegible] કાર્યકરોને [illegible] [illegible]
મોકલ્યા હતા. પરિણામ [illegible] [illegible] મુનિની [illegible]
ભારતવર્ષમાંથી લગભગ બે [illegible] પ્રતિનિધિઓ [illegible] [illegible]
[illegible] એ અધિવેશનમાં ભાગ લીધો હતો. અને [illegible]
[illegible] કરવા સારૂ [illegible] [illegible]
મોરબીમાં બીજી પ્રચારસભાઓ [illegible] [illegible]
તેમાં રાજકોટવાળા રા. બા. બીમજીભાઈ મોરારજીએ [illegible]
વધુ સક્રિય સલાહ તેમજ સૂચનો આપ્યાં હતાં.

એ અધિવેશનનાં પ્રમુખ તરીકે અજમેરવાળા રાય શેઠ [illegible]
[illegible] ચુંટણી કરવામાં આવી હતી. તેઓ સાહેબે માસિક રૂ. [illegible]
ના પગારથી એક શાસ્ત્રીને રોકીને તેમનું પ્રમુખ તરીકેનું [illegible]
તૈયાર કરાવ્યું હતું.

અલબત્ત, તે ભાષણ વિદ્વત્તાપૂર્ણ હતું, તેમણે જે મુખ્ય [illegible]
ઓની ચર્ચા તે ભાષણમાં કરી હતી તેમાં સૌથી મહત્ત્વનો મુદ્દો [illegible]
માટેનો હતો, જેની જરૂરિયાત આજે પણ તેટલી જ [illegible] આપણે [illegible]
આંકીએ છીએ. એ સંપને સ્થાપવા સારૂ ત્રણ વસ્તુઓ તરફ તેમણે
નીચે મુજબ ધ્યાન ખેંચ્યું હતું:—

'અપને કો ઉચિત હૈ કિ જિન જિન વાતોં મેં મતભેદ હો વહ
છોડ બાકી [illegible] સંપ્રદાય મિલ કર સુધારા કરે
ઔર સંવત્ [illegible] મતભેદ સો નિકાલ કર સબ
હી ગાવે [illegible] કરેં ઔર ×

× × પ્રાન્ત પ્રાન્ત કે શહરોં મેં સબ જૈની ભાઇ મિલકર પંચાયત સભા મુકરર કર લેવેં તાકિ કોઈ તકરાર ધર્મ સંબંધી વા વ્યવહાર સંબંધી આપસ મેં હોવેં તો પંચાયત સભા સે ફૈસલા કરા લેવેં ઔર વહ કહે સો મંજૂર કર લેવેં. '

એ સિવાય એ ભાષણમાં ધાર્મિક શિક્ષણ, વ્યાવહારિક શિક્ષણ, જીવદયા, હાનિકારક રિવાજો વગેરે માટે ચર્ચા કરી છેલ્લો મુદ્દો કૉન્ફ્રન્સને સંગીન બનાવવા માટે ખાસ સૂચનો દ્વારા ભાર મૂક્યો હતો.

ઠરાવોની બાબતમાં આ પહેલું જ અધિવેશન હોવાથી કંઈ ખાસ ટીકા કરવી નિરર્થક ગણાય. પરન્તુ જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેમાંથી અમુક ઠરાવ પર બે ત્રણ વિદ્વાનોએ ભાષણો આપ્યાં હતાં તે ઉતારી લેવા જેવાં છે. તેમાંથી ધાર્મિક કેળવણીના સમર્થનમાં રતલામની જૈનશાળાના એક વિદ્યાર્થી મિ. મિશ્રીમલે કરેલા ભાષણે જ્ઞાનની ખૂબી તેમજ સ્ત્રીકેળવણીના લાભ બતાવી આપ્યા હતા. તે ભાષણ નીચે મુજબ હતું:—

'પ્રિયવરો! જૈનશાળા અને કન્યાશાળાની જરૂરીઆત ઉપર આવ્યા પહેલાં હું વિદ્યા શું છે અને એથી શું લાભ છે તે સમજાવવા રજા લઉંછું. વિદ્યા એ વિદ્ ધાતુ ઉપરથી નીકળેલો શબ્દ છે. વિદ્ એટલે જાણવું. વિદ્યા ભણવાથી આ લોક તેમજ પરલોક બન્ને સુધરે છે. શ્રી વીતરાગ ભગવાને મોક્ષમાં જવાના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર સાધન બતાવ્યાં તેમાં જ્ઞાનને મુખ્ય પદ આપ્યું છે એજ જ્ઞાનની ઉત્તમતા સાબીત કરે છે. પ્રખ્યાત કવિ ટેનિસન તો એટલે સુધી આગળ વધીને કહે છે કે 'જ્ઞાનવગર ધ્યાન નથી અને ધ્યાન વગર જ્ઞાન નથી અને જ્ઞાન તથા ધ્યાનવાળો માણસ નિર્વાણની નજદીક જ છે.' જ્ઞાન વગરનું જીવવું તે કાગડાના જીવતર બરાબર છે. આ સંસારમાં જે કંઇ વસ્તી છે તેમનો ચોથો ભાગ ફક્ત લખી વાંચી જાણનો નથી; લખી વાંચી જાણનારનો ચોથો ભાગ આગેજ

[illegible] [illegible]
[illegible] [illegible]

અધિવેશનને [illegible] જે મહેનત કરી હતી તે પ્રશંસાપાત્ર હતી. અધિવેશન [illegible] [illegible] માટે [illegible] [illegible] સુધીની [illegible] હતા. પરિણામ [illegible] કે [illegible] બહારગામથી લગભગ બે હજાર પ્રતિનિધિઓ, અને [illegible] પ્રેક્ષકોએ એ અધિવેશનમાં ભાગ લીધો હતો. અધિવેશનનાં કાર્યને સુવ્યવસ્થિત કરવા સારૂ કાઉન્સિલ કમિટિની સભાઓ તેમ મોરબીમાં બીજી પ્રચારસભાઓ અવારનવાર ભરવામાં આવતી હતી અને તેમાં રાજકોટવાળા રા. બા. ભીમજીભાઈ મોરારજીએ સંચાલકોને વધુમાં વધુ સક્રિય સલાહ તેમજ સૂચનો આપ્યાં હતાં.

એ અધિવેશનનાં પ્રમુખ તરીકે અજમેરવાળા રાય શેઠ ચાંદમલજીની સુંટણી કરવામાં આવી હતી. તેઓ સાહેબે માસિક રૂા. ૧૫૦ ના પગારથી એક શાસ્ત્રીને રોકીને તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ તૈયાર કરાવ્યું હતું.

અલબત્ત, તે ભાષણ વિદ્વત્તાપૂર્ણ હતું, તેમણે જે મુખ્ય મુદ્દાઓની ચર્ચા તે ભાષણમાં કરી હતી તેમાં સૌથી મહત્વનો મુદ્દો સંપ મારેનો હતો, જેની જરૂરિયાત આજે પણ તેટલી જ આપણે સૌ આંકીએ છીએ. એ સંપને સ્થાપવા સારૂ ત્રણ વસ્તુઓ તરફ તેમણે નીચે મુજબ ધ્યાન ખેંચ્યું હતું:—

'અપન કો ઉચિત હૈ:કિ જિન જિન વાતોં મેં મતભેદ હો વહ છોડ બાકી સર્વ ધર્મકાર્યો મેં કુલ સંપ્રદાય મિલ કર સુધારા કરેં ઔર સંવત્સરી જૈસે મહાપર્વ મેં જો મતભેદ હૈ સો નિકાલ કર સબ હી ગાંવોમેં એકહી સંવત્સરી હોય ઐસી યોજના કરેં ઔર ×

× પ્રાન્ત પ્રાન્ત કે શહરોં મેં સબ જૈની ભાઇ મિલકર પંચાયત સભા મુકરર કર લેવેં તાકિ કોઈ તકરાર ધર્મ સંબંધી વા વ્યવહાર સંબંધી આપસ મેં હોવેં તો પંચાયત સભા સે ફૈસલા કરા લેવેં ઔર વહ કહે સો મંજૂર કર લેવેં. '

એ સિવાય એ ભાષણમાં ધાર્મિક શિક્ષણ, વ્યાવહારિક શિક્ષણ, જીવદયા, હાનિકારક રિવાજો વગેરે માટે ચર્ચા કરી છેલ્લો મુદ્દો કોન્ફરન્સને સંગીન બનાવવા માટે ખાસ સૂચનો દ્વારા ભાર મૂક્યો હતો.

ઠરાવોની બાબતમાં આ પહેલું જ અધિવેશન હોવાથી કંઈ ખાસ ટીકા કરવી નિરર્થક ગણાય. પરન્તુ જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેમાંથી અમુક ઠરાવ પર બે ત્રણ વિદ્વાનોએ ભાષણો આપ્યાં હતાં તે ઉતારી લેવા જેવાં છે. તેમાંથી ધાર્મિક કેળવણીના સમર્થનમાં રતલામની જૈનશાળાના એક વિદ્યાર્થી મિ. મિશ્રીમલે કરેલા ભાષણે જ્ઞાનની ખૂબી તેમજ સ્ત્રીકેળવણીના લાભ બતાવી આપ્યા હતા. તે ભાષણ નીચે મુજબ હતું:—

'પ્રિયવરો! જૈનશાળા અને કન્યાશાળાની જરૂરીઆત ઉપર આવ્યા પહેલાં હું વિદ્યા શું છે અને એથી શું લાભ છે તે સમજાવવા રજા લઇશ. વિદ્યા એ વિદ્ ધાતુ ઉપરથી નીકળેલો શબ્દ છે. વિદ્ એટલે જાણવું. વિદ્યા ભણવાથી આ લોક તેમજ પરલોક બન્ને સુધરે છે. શ્રી વીતરાગ ભગવાને મોક્ષમાં જવાના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર સાધન બતાવ્યાં તેમાં જ્ઞાનને મુખ્ય પદ આપ્યું છે એજ જ્ઞાનની ઉત્તમતા સાબીત કરે છે. પ્રખ્યાત કવિ ટેનિસન તો એટલે સુધી આગળ વધીને કહે છે કે 'જ્ઞાનવગર ધ્યાન નથી અને ધ્યાન વગર જ્ઞાન નથી અને જ્ઞાન તથા ધ્યાનવાળો માણસ નિર્વાણની નજદીક જ છે.' જ્ઞાન વગરનું જીવવું તે કાગડાના જીવતર બરાબર છે. આ સંસારમાં જે કાંઇ વસ્તી છે તેમાંનો મોટો ભાગ હજુ લખી વાંચી જાણતો નથી; લખી વાંચી જાણનારનો મોટો ભાગ ભાગ્યેજ

ધર્મશાસ્ત્ર જાણનો હશે અને ધર્મશાસ્ત્ર જાણનાર પૈકી પણ પોતાનું અને પારકું કલ્યાણ કરી શકે એવા નરરત્નો તો ઘણા જ થોડા છે, એવી આ જગતની સ્થિતિમાં વ્યાપી રહેલ અજ્ઞાનતિમિરને દૂર કરવાની કેટલી જરૂર છે તે વિચારવું મુશ્કેલ નથી. માટે ગરીબોને પુસ્તકો પુરાં પાડીને, જૈનશાળાઓ સ્થાપીને, સ્કોલરશીપો કહાડીને અને એવા બીજા નાના પ્રકારના ઉપાયો વડે વિદ્યાવૃદ્ધિનાં-હું કહેવા માગું છું કે-લોકોત્તર વિદ્યાવૃદ્ધિનાં કામ કરવાં જોઈએ.

સૌ દાનમાં વિદ્યાદાન અને તેમાં પણ લોકોત્તર વિદ્યાદાન શ્રેષ્ઠ છે; કારણ કે અભયદાન કે જે લક્ષ્મીદાનથી અનંતગણું શ્રેષ્ઠ છે તે પોતે પણ એક જન્મનો ઉપકાર કરે છે, જ્યારે આ વિદ્યાદાન જન્મોજન્મ ઉપકાર કરે છે. જુઓ અન્યમતિ લોકો વિદ્યોન્નતિ માટે કેટલી કોશિશ કરી રહ્યા છે! ૩૦ લાખ રૂપિયા આપનાર મિ. નસરવાનજી તાતા જેવો, ૩ કરોડ રૂપિયા આપનાર આફ્રિકાના મિ. રહોડ્ઝ જેવો, ૬ કરોડ રૂપિયા આપનાર સ્કોટલેન્ડના મિ. એન્ડ્રુ કારનેગી જેવો કે બેંગલોરના મુનશી માધવલાલ જેવો ઉદાર કોઈ સ્થાનકવાસી જૈન નીકળી આવે તો કેટલો બધો ઉપકાર થાય! બંગાળીઓએ પ્રજાકીય યુનિવર્સિટિ સ્થાપવા ફંડ ઉભું કર્યું છે. પન્નાલાલ બાબુએ મુંબઇમાં સ્કૂલ ખોલી છે. એ બધાનું અનુકરણ કરવું એ આપણી ફરજ છે. આપણે સર્વે તન, મન ને ધનથી ધાર્મિક શિક્ષણના કામમાં લાગી જવું જોઇએ. ગામોગામ જૈનશાળા અને કન્યાશાળા ખોલવી જોઇએ. કન્યાશાળાની જરૂર સંબંધમાં હું કહેવાની રજા લઇશ કે આપણી કેળવણી ઘરથી શરૂ થાય છે અને ઘરમાં મુખ્ય પદ સ્ત્રીનું છે. માટે સ્ત્રી કેળવણી હશે તો જ પુરુષો ઉત્તમ નીવડશે.

બીજો એક ઠરાવ હુન્નર ઉદ્યોગની કેળવણીનો પ્રચાર કરવાને લગતો હતો. એ ઠરાવ રજુ કરતાં શ્રી મગનલાલ દફતરીએ જુસ્સાદાર ભાષણ કર્યું હતું, જેનો અગત્યનો ભાગ નીચે મુજબ હતોઃ—

' કેળવણીના સંબંધમાં આપણી જે માન્યતા છે તેથી કાંઈ નવીન વિચારો જાહેર કરવા હું માગતો નથી, પણ તે જ વિચારો ખરેખરા અમલમાં મેલવામાં આવે એવો આગ્રહ કરવાને જ હું અત્રે ઉભો થયો છું. એક માળી જો પોતાના બાગની બરાબર સંભાળ રાખે તો જ તેના ઝાડો ઉપરનાં ફૂલોની સુગંધ આપણે ગ્રહણ કરી શકીએ. તે જ રીતે આપણાં બાળકોને ખિલવવાનાં સાધનો પૂરાં પાડવાની તજવીજ કરવામાં આપણે પછાત રહીએ તો આપણે તે ઝાડોનાં ફૂલની સુગંધ લેવાને અશક્ત નીવડીએ તે દેખીતું છે. આપણી કોમના હિતચિંતકોએ ધર્મની સાથે કેળવણીને પણ તેટલી જ અગત્ય આપવી જોઇએ છે. જૈન ભાઇઓ કેળવણીના સંબંધમાં ઘણા પછાત રહ્યા છે તે ઘણું દિલગીર થવા જેવું છે. આ કોન્ફરન્સ પણ તે જ કેળવણીને આભારી છે xxxxxx જૈન ભાઇઓ પાસે દોલત છે પણ તેનો સદુપયોગ કરવામાં આવતો નથી અને તેવો સદુપયોગ કરવાનાં સાધનો શોધવાની પણ દરકાર કરવામાં આવતી નથી. xxxxx ધર્મને નામે જે કાંઇ કામો કરી શકાયાં છે તે કામો બીજી કોઈ પણ રીતે કરી શકાયાં નથી અને તે જ કારણે આપણે આ કોન્ફરન્સ ધર્મને માટે બોલાવીએ છીએ, તો પણ આપણી મુખ્ય ઈચ્છા તો એટલી જ છે કે એ ધર્મને મજબૂત બનાવનારી અને તે ઉપરની શ્રદ્ધા મજબૂત કરનારી કેળવણીની જરૂરની પિછાન આપ વચ્ચે કરાવવાની છે અને જો તમો ઉંચા પ્રકારની કેળવણી લેવાની અને આપણી કોમ વચ્ચે તેનો પ્રચાર વધુ ને વધુ કરવાની જરૂર નહિ સ્વીકારો તો આપણી કોન્ફરન્સ તદ્દન નિષ્ફળ નીવડી છે એમ કહેવું જ પડશે.x x x x x હુન્નર ઉદ્યોગની કેળવણીનો પ્રચાર કરવો એ ખાસ જરૂરનું છે, કારણ કે દેશનો અને કોમનો ઉદ્ધાર કરવાનું તે એક અગત્યનું સાધન છે. આપણા દેશમાં ઉત્પન્ન થતો કાચો માલ યુરોપમાં જઈને અત્રે પાછો આવે છે ત્યારે તે માટે દશગણો ભાવ આપવો ખર્ચવો પડે છે. તે જોતાં આપણા ભાઇઓને જાપાન વગેરે દેશોમાં મોકલીને ત્યાંના

હુન્નર ઉદ્યોગોને લગતું માન સંપાદન કરવાની જોગવાઈ સ્કોલરશિપો મારફતે કરી આપવામાં આવે તો આપણે આપણી કોમનું ઘણું શ્રેય કરી શકીએ. તેમ એ દેશોમાં હુન્નર ઉદ્યોગોની કેળવણી લઈને અને પાછા ફરીને આપણા સ્વધર્મી ભાઈઓને ગુજરાનનાં ઘણાં સાધનો પૂરાં પાડી શકશે અને એકંદર એવી જાતની કેળવણીનો પ્રચાર કરવાથી આપણે આપણી કોમનું વધતામાં વધતું ભલું કરી શકીએ તેમ છીએ એ બીના ઉપર હું તમારૂં ખાસ ધ્યાન ખેંચવાની રજા લઉં છું. જેટલી જરૂર આપણા પુરૂષવર્ગને કેળવવાની છે તેટલી જ જરૂર આપણા સ્ત્રીવર્ગને પણ કેળવણી આપવાની છે. સ્ત્રીઓને કેળવણીથી બેનસીબ રાખીને આપણે આપણો સંસાર સુખી કરવા માગીએ તો તે કેવી રીતે સુખી નીવડે ?'

ઉચ્ચ કેળવણીની ઉપયોગિતા સમજાતાં એ ખુલ્લાં અધિવેશનમાં જ શુમારે એકત્રીશ હજાર રૂપિયાનું ફંડ થવા પામ્યું હતું. પરન્તુ એ ફંડ થવા પછી પ્રતિનિધિઓમાં મતભેદ થયો હતો અને એ મતભેદ થવાનું મુખ્ય કારણ એ કેળવણી ફંડ હતું. કાઠિયાવાડ તરફના પ્રતિનિધિઓનો અભિપ્રાય એવો હતો કે, હુન્નર ઉદ્યોગને લગતી કેળવણીના પ્રચાર માટે જ એ ફંડનો ઉપયોગ થવો જોઇએ, જ્યારે કાઠિયાવાડ સિવાયના પ્રતિનિધિઓનો મત એનો ઉપયોગ ધાર્મિક શિક્ષણના પ્રચાર પાછળ જ થવા માટે હતો. છેવટે રતલામવાળા શ્રી અમરચંદજી પિતળીયાએ તેનો નિવેડો આણ્યો હતો.

એક વધુ ઉપયોગી ઠરાવ સ્થાનકવાસી જૈન કોમની ડિરેક્ટરી તૈયાર કરવાની જરૂર સમજાવનારો હતો અને તે શ્રી વાડીલાલ શાહે રજુ કર્યો હતો અને સમર્થનમાં જે ભાષણ આપ્યું હતું તે હજુ આજે પણ એટલું જ ઉપયોગી જણાશે એમ સમજી ઉતારી લીધું છે:–

'આપ સર્વને આ જગાએ એકઠા મળેલા જોઈ એક સ્વધર્મી તરીકે જે આનંદ મને થવો જોઇએ તે કરતાં વધુ થાય છે તેનું કારણ એ છે કે, જે વખતે સ્થાનકવાસી, દેરાવાસી કે દિગંબરી કોન્ફ–

ન્સંનો જન્મ જ નહોતો એ વખતમાં આજથી ૬ વર્ષ ઉપર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ માટે આખા હિંદુસ્થાનમાં 'જૈન હિતેચ્છુ' ઓફિસે પત્રવ્યવહાર ચલાવ્યો હતો, અને ગુજરાતી તથા હિંદી માસિક મારફત હીલચાલ કરી હતી; પરન્તુ કોઈ મોટી મદદ વિના એ કામ આજ વરસો થયાં પાર પાડી શકાતું નહોતું. ×××××× ડિરેક્ટરી એ અંગ્રેજી શબ્દ છે, પણ તેનો ઉપયોગ આપણામાં નવો નથી. એને આપણે નોંધબુક કહી શકીએ. આપણા લોકોમાં લગ્નાદિ પ્રસંગે થતી આપલેની નોંધ ચોપડામાં રખાય છે એટલું જ નહિ પણ શેર બશેર મીઠાઈ અમુક સ્નેહી સંબધીને અપાય છે તે પણ નોંધવાનો રિવાજ ઘણી જગાએ છે, કે જેથી કરીને પાછળની પ્રજા અરસપરસનો 'નાતો' ભૂલી જાય નહિ. આપણે આવી નાની બાબતોની નોંધ રાખીએ છીએ ત્યારે મોટામાં મોટી બાબત જે આપણી ધાર્મિક અને વ્યાવહારિક સ્થિતિની નોંધ તેને તો વિસારી જ દીધી છે. ક્યા ક્યા ગામોમાં આપણી કેટલી વસ્તી છે, ક્યા ક્યા પ્રભાવકોએ કેવાં કેવાં કામો વડે જૈનધર્મને દીપાવ્યો છે, કોણ શ્રીમંતો છે, કોણ વિદ્વાનો છે, આપણા ધાર્મિક અને વ્યાવહારિક રિવાજો શા છે, આપણા પુસ્તકભંડારો ક્યાં ક્યાં અને કેવી હાલતમાં છે એ સર્વની નોંધ આપણે કરતા નથી. આપણે સુધારાની પોકો મૂકીએ છીએ પણ સુધારા કરવાની જરૂર બતાવી આપનાર દર્પણ જે ડિરેક્ટરી છે તે તો પ્રજાની સમક્ષ મૂકતા નથી. 'સુધારા કરો, સુધારા કરો' એવી બૂમોથી કંઈ વળવાનું નથી, પણ સુધારા કરવા જેવી આપણી ધાર્મિક અને વ્યાવહારિક સ્થિતિ છે એમ લોકોને બનાવી આપીને સુધારાની જરૂર સાબીત કરવી જોઈએ અને પછી હિતકર કેળવણી આપવી જોઈએ કે જેથી સુધારા તે આપો-આપ કરશે, બોર્ડિંગો માટે હિમાયત કરવા અને વિલાયત જઈને બારિસ્ટર થઈ આવવાની હિમાયત કરવા આપણામાંના કેટલાકો હમણાં તત્પર થયા હતા પણ આપણા પોતાના 'ઘર'થી આપણે અજાણ્યા છીએ તેની કોઈ દરકાર કરતું નથી. હું પૂછું છું કે જૈન-

ધર્મની પડતી દશાને સુધારવા જે લોંકાશાએ મૂળ ધર્મ શું તે લોકોને સમજાવવા માંડ્યું અને મૂળ અથવા સનાતન જૈન ધર્મનો પુનરોદ્ધાર કરીને આપણો પંથ ચલાવ્યો તે લોંકાશા શ્રાવક હતા કે દીક્ષિત સાધુ હતા, કયી સાલમાં અને કયાં તેમનો જન્મ થયો હતો, કેવી રીતે તેમણે ટુંક મુદતમાં આખા હિંદમાં ધર્મને ફેલાવી દીધો હતો એનો કંઈ ઇતિહાસ કોઇ આપી શકશો ? આપણા ઘરથી જ અજાણ્યા છીએ. આપણા મુનિવરોનાં રચેલા 'ધર્મસિંહ મુનિની હુંડી' ઈત્યાદિ ઉત્તમ પુસ્તકોને ઘણા તો જાણતા પણ નથી; પુસ્તકભંડાર સડયા કરે છે અને આપણે બીજાઓના ભંડારો, વિદ્વાન સાધુઓ આદિને જોઇને છક થઈ જઈએ છીએ. આવી આપણી દશા છે. ઘરની લક્ષ્મીથી અજાણ્યા હોઈ આપણે બીજા આગીઆઓથી અંજાઈ જઇએ છીએ. છતાં એ દશા સુધારવાનું તો બાજુએ રહ્યું, પણ એ દશાનું ભાન કરાવવાનું પણ કોઇને મન થતું નથી અને 'બસ સુધારા કરો અને અંગ્રેજી ભણો' એ જ સૌનાં મ્હોંમાંથી નીકળ્યાં કરે છે.

ગૃહસ્થો ! આપણામાં શ્રીમંતો છે–બીજી કોમના કરતાં આપણી કોમ લક્ષ્મીમાં ઉતરતી નથી. પણ એવી એક ડિરેક્ટરી થયા વગર કેમ ખબર પડે કે કોણ શ્રીમંતો કયાં છે ? આપણી વસ્તી આપણા સગાભાઇઓ દેરાવાસી જૈનો કરતાં ઓછી ધારવામાં આવતી હોય તો તે ભૂલ છે. હું તમને એક દાખલો આપીશ. મુંબઈમાં આપણા મહુંમ જાણીતા ધર્મયોદ્ધા (Martyr) ભાઇ પ્રેમચંદ અભેચંદ મારફતીઆ કે જેનાં નામ માટે હું ઘણો જ મગરૂર છું એના અથાગ શ્રમે જ્યારે આપણું ભવ્ય અને વિશાળ સ્થાનક થયું ત્યારે પહેલાં આપણી વસ્તી મુંબઇમાં કેટલા 'સો'ની ગણાતી : સરકારી વસ્તી-પત્રકમાં સુમારે ૮૦૦ જેટલી જ જણાવવામાં આવી હતી. જ્યારે ખરૂં જોતાં આઠથી દશ હજાર જેટલી આપણી વસ્તી મુંબઈ શહેરમાં જ છે. પંજાબ અને માળવા બાજુમાં આપણી સંખ્યા પુષ્કળ છે. કચ્છ પ્રાંતની તો 'જૈનહિતેચ્છુ' ઓફિસે ડિરેક્ટરી પોતાના

ખર્ચે પોતે જ તૈયાર કરીને તેની હજારો પ્રતો મફત વહેંચી હ
તે ડિરેક્ટરી પરથી જણાય છે કે ત્યાં આપણી પુષ્કળ વસ્તી
ગુજરાતમાં કદાચ થોડી છે. પણ કાઠિયાવાડમાં તેમ નથી. દક્ષિ
હૈદ્રાબાદ સુધી આપણી વસ્તી છે કે જે બીજાઓ તો શું પણ
પોતે જ આજ સુધી જાણતો નહોતો. હમણાં આપણા ત્રણ ધમ
ગુરૂઓ મારફત ત્યાંનો કંઈક અનુભવ મળ્યો છે.

અન્ય ધર્મના સાધુઓ એકાદ રાજાને કે અમલદારને મ
એટલે એઓ મોટા વિદ્વાન ગણાય છે અને ચોતરફ વાહવાહ થ
રહે છે. આપણા લોકો પણ તેથી અંજાઈ જાય છે. પણ જેઓ
પૂજ્યશ્રી સોહનલાલજી, શ્રી શીરીલાલજી, શ્રીમતી પાર્વતીજી આર્યાજી
પૂજ્યશ્રી જશાજી આદિ મહાત્માઓની વિદ્વત્તાનો અનુભવ પામ્યા છ
તેઓ સ્વધર્મની ઉત્તમતા માટે મગરૂર થઈ પોતાની શ્રદ્ધામાં વધારે
મજબૂત થયા વગર રહેતા નથી અને જે ધર્મમાં એવા યોદ્ધાઓ છે
તેને વધારે પ્રકાશમાં લાવવા માટે તેમને વધારે શરાતન આવ્યા
વગર રહેતું નથી. પણ એવા વિદ્વાનોનાં નામની ડિરેક્ટરી વગર સૌ
અંધારામાં જ છે.

આપણા દેરાવાસી ભાઈઓએ પુસ્તક ભંડારના ઉદ્ધાર માટે
પગલાં લેવા માંડ્યાં છે તે ઘણું સ્તુત્ય છે. આપણા ભંડારો ક્યાં
અને કેવી હાલતમાં છે તે જ હજી આપણે જાણતા નથી તો ઉદ્ધારની
વાત જ શી કરવી! એક ડિરેક્ટરી વિના એ ઉદ્ધાર કદી થવાનો નથી.

આપણા બખ્ખનાવર દિલના શેઠ અંબાવિદાસ તથા આપણા
પ્રમુખ સાહેબ જેવા ઉદાર ગૃહસ્થો પણ આપણામાં છે. મિ. મગન-
લાલ દફતરી જેવા વક્તાઓ અને અત્રે બીરાજેલા ગ્રેજ્યુએટો જેવા
ગ્રેજ્યુએટો પણ છે. એ સર્વ વાતોથી વાકેફ કરનાર જો એક ડિરેક-
ટરી તૈયાર કરવામાં આવે તો તે વાંચીને આપણને આપણા ધર્મ
માટે વધારે ઝનૂન આવે, આપણા સાંસારિક દુષ્ટ રિવાજો તથા આપણી

૪

બીજું અધિવેશન : રતલામમાં

[તા. ૨૭-૨૮-૨૯ માર્ચ ૧૯૦૮]

મોરબી અધિવેશન વખતે જ રતલામ નિવાસીઓએ બીજાં અધિવેશન માટેનું આમંત્રણ આપી દીધું હતું અને માળવામાં એવા મોટા મેળાવડાઓ ભરવાનું તદ્દન નવું હોવાથી, મુશ્કેલીઓ દૂર કરવા સારુ 'જૈન સમાચાર'ની સલાહને ધ્યાનમાં લઈને રતલામ નિવાસીઓએ મોરબીવાળા શ્રી દુર્લભજી ઝવેરી, લીંબડીવાળા શ્રી બેચરદાસ તલસાણીયા, દેવાસવાળા શ્રી કેસરીચંદજી ભંડારી, નીમચવાળા શ્રી નથમલજી ચોરડીયા વગેરે અનુભવી કાર્યકરોની મદદ માગી હતી અને ઉક્ત સમાજસેવકોએ હર્ષપૂર્વક એ આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. તાત્પર્ય એટલું જ કે એ બીજા અધિવેશનની સફળતાનો સઘળો યશ ઉક્ત ચારેય સમાજસેવકોની સાથે, સૌથી વિશેષ પ્રમાણમાં શ્રી અમરચંદજી પિત્તળીયાને ભાગે જાય છે. વળી અધિવેશનના પ્રસંગ પર રતલામ મુકામે જુદા જુદા લગભગ ૧૨૫ મુનિવરો અને આર્યાજીઓ એકઠાં થયાં હતાં. એમની હાજરીથી પણ ધર્મપ્રેમની પ્રેરણાનો ડોઝ જૈનસમાજને મળવા પામ્યો હતો.

સ્વાગત પ્રમુખ શ્રી સંભીરમલજી કટારીઆએ સ્વાગતનું ભાષણ આપ્યું હતું. જે ટુંકું, મુદ્દાસર તથા જુસ્સાવાળું હતું. તેમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવો એક મુદ્દો હતો, જેની ઉપયોગિતા હજુ

ઠરાવો એ ડિરેક્ટરી મારફત જાણીને આપણે જરૂર થઇએ અને એ ઠરાવો પૂરી પાડવા કમર કસતા થઇએ.

ડિરેક્ટરીના એ સર્વ લાભો ઉપરાંત એક વિશેષ લાભ છે; જેનો પ્રત્યક્ષ પુરાવો હું આપી શકીશ. કોન્ફરન્સ માટે જુદા જુદા પ્રાંતોના આગેવાનોને આમંત્રણ આપવાના કામ માટે જ્યારે મોરબીથી યુવાનોને પંજાબ તથા માળવા તરફ મોકલવાના હતા ત્યારે 'જૈન-હિતેચ્છુ' ઓફિસે પોતાની પાસે જે પાંચ હજાર સ્થાનકવાસી જૈનોનું લીસ્ટ છે તેમાંથી પોતાના સ્નેહીઓનાં નામ ચુંટી કહાડીને તેમના ઉપર ભલામણપત્રો લખી વાળ્યા હતા કે, આમંત્રણ માટે નીકળેલા યુવાનોને ઘણા જ મદદગાર થઈ પડયા હતા. એવી જ રીતે જો એક સમગ્ર સંઘની ડિરેક્ટરી બહાર પડી હોય તો જુદા જુદા પ્રાંતોના સ્વધર્મીઓ એક બીજા ઉપર પત્રવ્યવહાર ઘણી સહેલાઇથી ચલાવી શકે અને ઘણા નિકટના સંબંધમાં આવી શકે. આ જોતાં ડિરેક્ટરી કેટલેક અંશે તાર અને રેલ્વે જેટલી સેવા બજાવી શકે. માટે હું આશા રાખું છું કે મારા તરફથી રજુ થતા આ ઠરાવને અનુમોદન આપી પસાર કરશો.'

છેવટે એક બે અગત્યની વાત નોંધી લેવાની જરૂર છે! પહેલા અધિવેશનના શુભ ટાંકણે એકંદર ૩૪ મુનિરાજોની તથા ૨૩ આર્યાજીઓની હાજરી મોરબીમાં હતી અને તેથી જનતાને પ્રેરણાનું પાન થવામાં ખાસ પ્રોત્સાહન મળ્યું હતું. બીજી નોંધવા જેવી અગત્યની વાત એ છે કે શ્રી વા. મો. શાહે પ્રથમ અધિવેશનને રોજ જ 'જૈન સમાચાર' નામનાં સાપ્તાહિકનો પહેલો અંક પ્રગટ કર્યો હતો અને મોરબીમાં 'જૈન સમાચાર' ઓફિસમાં સેંકડો જૈનોને મુલાકાત આપી સમાજસુધારણા માટેનો સંદેશો આપવાનો એ વા. મો. શાહે પ્રયત્ન કર્યો હતો.

*

૪

બીજું અધિવેશન : રતલામમાં

[તા. ૨૭-૨૮-૨૯ માર્ચ ૧૯૦૮]

મોરબી અધિવેશન વખતે જ રતલામ નિવાસીઓએ બીજા અધિવેશન માટેનું આમંત્રણ આપી દીધું હતું અને મોટા મેળાવડાઓ ભરવાનું તદ્દન નવું હોવાથી, માળવામાં એવા સારુ 'જૈન સમાચાર'ની સલાહને ધ્યાનમાં લઈને મુશ્કેલીઓ દૂર કરવા ઓએ મોરબીવાળા શ્રી દુર્લભજી ઝવેરી, રતલામ નિવાસી- તલસાણીયા, દેવાસવાળા શ્રી કેસરીચંદજી ભંડારી, લીંબડીવાળા શ્રી બેચરદાસ નથમલજી કોરડીયા વગેરે અનુભવી કાર્યકરોની મદદ માગી હતી અને ઉક્ત સમાજસેવકોએ હર્ષપૂર્વક એ આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. તાત્પર્ય એટલું જ કે એ બીજા અધિવેશનની સફળતાનો સઘળો યશ ઉક્ત ચારેય સમાજસેવકોની સાથે, સૌથી વિશેષ પ્રમાણમાં શ્રી અમરચંદજી પિતળીયાને ભાગે જાય છે. વળી અધિવેશનના પ્રસંગ પર રતલામ મુકામે જુદા જુદા લગભગ ૧૨૫ મુનિવરો અને આર્યાજીઓ એકઠાં થયાં હતાં. એમની હાજરીથી પણ ધર્મપ્રેમની પ્રેરણાનો ઠીક જનસમાજને મળવા પામ્યો હતો.

સ્વાગત પ્રમુખ શ્રી ગંભીરમલજી કટારીઆએ સ્વાગતનું ભાષણ આપ્યું હતું, જે ટૂંકું, મુદ્દાસર તથા જુસ્સાવાળું હતું. તેમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવો એક મુદ્દો હતો, જેની ઉપયોગિતા હજુ

આજે પણ એટલી ને તેટલી જ હોવાથી અહીં ઉતારી લેવામ
આવે છેઃ—

'કોન્ફરન્સ એ અંગ્રેજી શબ્દ છે, જેનો ભાવાર્થ ન સમજવાથી કેટલાક ભાઈઓને શંકા થાય છે, પરન્તુ કોન્ફરન્સનો અર્થ સમસ્ત સંઘની પરિષદ અથવા મહાસભા છે. દેશના દરેક શહેર અને ગામના સંઘ તરફથી મોકલાયલા વિદ્વાન, બુદ્ધિમાન અને ધનવાન પ્રતિનિધિઓના એકત્ર મંડળને કોન્ફરન્સ કહે છે. સર્વ એકઠા થઈ ને આપણા સમાજની ધાર્મિક અને સાંસારિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવો એ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ છે. કોમના સામાન્ય હિત માટે દેશદેશાંતરના સ્વધર્મી ભાઈઓનો સમાગમ થવાથી ભ્રાતૃભાવમાં વૃદ્ધિ થાય છે, એ ઉપરથી આપણે કહી શકીએ છીએ કે કોન્ફરન્સ ભરવાથી ઘણા લાભ પ્રાપ્ત થાય છે.'

બીજા અધિવેશનના પ્રમુખપદનો કળશ અમદાવાદવાળા શ્રીયુત શેઠ કેવળચંદ ત્રિભુવનદાસ પર ઢોળવામાં આવ્યો હતો. પ્રમુખ તરીકેનું ભાષણ તેમણે વા. મો. શાહ પાસે લખાવરાવ્યું હોય એમ જણાય છે. તે ભાષણ વિદ્વત્તા ભરેલું તો છે એટલું જ નહિ પણ સમાજની આજની જરૂરીઆતોનો ઉલ્લેખ કરતું હોય એવું અદ્યતન તે જણાય છે. તેમાંથી ઉપયોગી કંડિકાઓને નીચે ઉતારી લેવામાં આવી છેઃ—

'ગૃહસ્થો ! આપણે જૈન છીએ. કામ–ક્રોધ–મોહ–માન–માયા–લોભ–સ્વાર્થાંધતા અને કાયરતા ઉપર જેઓએ સંપૂર્ણ જય મેળવ્યો છે તે પુરુષોના આપણે ભક્ત છીએ, અને 'ભક્ત' શા માટે ? માત્ર તેમના જેવા વિજયી થવાના આશયથી જ. આ વ્યાખ્યા જો એકવાર સર્વના સમજવામાં બરાબર આવે તો જૈનો અને જૈનધર્મ સંબંધી જે ગેરસમજ આટલી બધી ફેલાએલી છે તે આપો આપ દૂર થાય. જૈન કોઇ જ્ઞાતિ નથી, જૈન કોઇ વાડા નથી, જૈન કોઇ દેશ નથી; જૈન સઘળી જ્ઞાતિમાં છે, સઘળા વાડામાં છે, સઘળા દેશમાં છે. જ્યાં નિષ્કામવૃત્તિ, ક્ષમા, નિર્મોહતા, નિરભિમાનતા, સરળતા, નિર્લો-

પતા, પરોપકારવૃત્તિ, ન્યાયયુક્ત દયા અને સ્વાત્માસંશ્રય છે ત્યાં જૈન છે
જૈન થવા માટે વણિક થવું જોઇએ એમ કાંઈ નથી, પણ સરળ
અને પરોપકારી, નીતિવાન અને દયાના સાગર એવા દરેક પુરુષને
'જૈન' કહી શકાય. આ પ્રમાણે જૈનધર્મનો આશય કાંઇ વાડા
બાંધવાનો નહિ પણ સકળ વિશ્વનો ઉદ્ધાર કરવાનો છે; અને એ
ઉદ્ધાર કરવામાં જેઓ સામેલ થાય તેમને જ વ્યાજબી રીતે 'જૈન'
કહી શકાય. જૈન થવા ઇચ્છનારે કાંઇ લેવા માટે જૈન થવાનું નથી.
'લેવા'નું જૈન સિવાયનાઓને માટે છે: જૈને તો આપવાનું છે—
આત્મભોગ એટલે દરજ્જે પરોપકાર કરવાનો છે. પ્રાણી માત્રના સુખ
માટે-પ્રાણી માત્રની ઉત્ક્રાન્તિ (Evolution) માટે-પ્રાણી માત્રની
સગવડ માટે અને ઉદ્ધાર માટે, પોતાનાં સુખ અને સગવડનો ભોગ
આપવો હોય તેમણે જ જૈન થવાનું છે. પગાર કે બદલો લેનાર
નોકર તરીકે નહિ, પણ જગતના ઉદ્ધારના કામમાં વોલંટીયર થવાની
જેને ઇચ્છા હોય તેમણે જૈન થવાનું છે. દયાના ભંડાર અને
તત્વજ્ઞાનના સાગર રૂપ શ્રી મહાવીર પિતાએ જગતના ઉદ્ધારનું
સોંપેલું 'મિશન', બદલાની આશા વગર, બજાવવા જેઓને
ઇચ્છા હોય તેમણે જ 'જૈન' કહેવડાવવા આગળ પડવાનું છે.

ગૃહસ્થો! જૈનની ઉપર કરેલી વ્યાખ્યા જો લક્ષમાં લેવામાં
આવશે તો 'જૈન' તરીકે ઓળખાતા મનુષ્યોમાં અંદરો અંદર અને
બીજાઓ સાથે ચાલતો કલેશ પલાયન કરી જશે. કલેશ! કોની સાથે
અને શા માટે! ઉંચા અને નીચા, નાના અને મોટા તમામ મનુષ્યો
અરે મનુષ્યો જ નહિ પણ કીડી અને કંથવા જેવા નાના દેખાતા
જીવ ઉપર પણ પ્રેમ અને દયા રાખવાનું જગતને શિખવવા માટે જ
જૈન બનનારાઓ શું કદી એકાદ બાબતમાં મતભેદ થતાં લડતા
મરે ખરા એ બનવા જોગ છે!......જો આપણે જિનદેવે સોંપેલા
ધર્મનો વારસો સાચવવો જ હોય-જો આપણે જૈન ધર્મને જગ-
વ્યાપક કરવો જ હોય-તો આપણે આપણા આત્માનું અને તે સાથે

આજે પણ જેવી ને તેવી જ હોવાથી અહીં ઉતારી લેવામાં આવે છેઃ—

'કોન્ફરન્સ એ અંગ્રેજી શબ્દ છે, જેનો ભાવાર્થ ન સમજવાથી કેટલાક ભાઈઓને શંકા થાય છે, પરન્તુ કોન્ફરન્સનો અર્થ સમસ્ત સંઘની પરિષદ અથવા મહાસભા છે. દેશના દરેક શહેર અને ગામના સંઘ તરફથી મોકલાયલા વિદ્વાન, બુદ્ધિમાન અને ધનવાન પ્રતિનિધિઓના એકત્ર મંડળને કોન્ફરન્સ કહે છે. સર્વ એકઠા થઈ ને આપણા સમાજની ધાર્મિક અને સાંસારિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવો એ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ છે. કોમના સામાન્ય હિત માટે દેશદેશાંતરના સ્વધર્મી ભાઈઓનો સમાગમ થવાથી ભ્રાતૃભાવમાં વૃદ્ધિ થાય છે, એ ઉપરથી આપણે કહી શકીએ છીએ કે કોન્ફરન્સ ભરવાથી ઘણા લાભ પ્રાપ્ત થાય છે.'

બીજા અધિવેશનના પ્રમુખપદનો કળશ અમદાવાદવાળા શ્રીયુત શેઠ ડેવળચંદ ત્રિભુવનદાસ પર ઢોળવામાં આવ્યો હતો. પ્રમુખ તરીકેનું ભાષણ તેમણે વા. મો. શાહ પાસે લખાવરાવ્યું હોય એમ જણાય છે. તે ભાષણ વિદ્વત્તા ભરેલું તો છે એટલું જ નહિ પણ સમાજની આજની જરૂરીઆતોનો ઉલ્લેખ કરતું હોય એવું અદ્યતન તે જણાય છે. તેમાંથી ઉપયોગી કંડિકાઓને નીચે ઉતારી લેવામાં આવી છેઃ—

'ગૃહસ્થો ! આપણે જૈન છીએ. કામ–ક્રોધ–મોહ–માન–માયા–લોભ–સ્વાર્થાંધતા અને કાયરતા ઉપર જેઓએ સંપૂર્ણ જય મેળવ્યો છે તે પુરુષોના આપણે ભક્ત છીએ, અને 'ભક્ત' શા માટે ? માત્ર તેમના જેવા વિજયી થવાના આશયથી જ. આ વ્યાખ્યા જો એકવાર સર્વના સમજવામાં બરાબર આવે તો જૈનો અને જૈનધર્મ સંબંધી જે ગેરસમજ આટલી બધી ફેલાએલી છે તે આપો આપ દૂર થાય. જૈન કોઈ જ્ઞાતિ નથી, જૈન કોઈ વાડો નથી, જૈન કોઈ દેશ નથી; જૈન સઘળી જ્ઞાતિમાં છે, સઘળા વાડામાં છે, સઘળા દેશમાં છે. જ્યાં નિષ્કામવૃત્તિ, ક્ષમા, નિર્મોહતા, નિરભિમાનતા, સરળતા, નિર્લો-

પતા, પરોપકારવૃત્તિ, ન્યાયયુક્ત દયા અને સ્વાત્માસંશ્રય છે ત્યાં જૈન છે. જૈન થવા માટે વણિક થવું જોઇએ એમ કાંઈ નથી, પણ સરળ અને પરોપકારી, નીતિવાન અને દયાના સાગર એવા દરેક પુરુષને 'જૈન' કહી શકાય. આ પ્રમાણે જૈનધર્મનો આશય કાંઇ વાડા બાંધવાનો નહિ પણ સકળ વિશ્વનો ઉદ્ધાર કરવાનો છે; અને એ ઉદ્ધાર કરવામાં જેઓ સામેલ થાય તેમને જ વ્યાજબી રીતે 'જૈન' કહી શકાય. જૈન થવા ઇચ્છનારે કાંઇ લેવા માટે જૈન થવાનું નથી. 'લેવા'નું જૈન સિવાયનાઓને માટે છે: જૈને તો આપવાનું છે— આત્મભોગ જેટલે દરજ્જે પરોપકાર કરવાનો છે. પ્રાણી માત્રના સુખ માટે–પ્રાણી માત્રની ઉત્ક્રાન્તિ (Evolution) માટે–પ્રાણી માત્રની સગવડ માટે અને ઉદ્ધાર માટે, પોતાનાં સુખ અને સગવડનો ભોગ આપવો હોય તેમણે જ જૈન થવાનું છે. પગાર કે બદલો લેનાર નોકર તરીકે નહિ, પણ જગતના ઉદ્ધારના કામમાં વોલંટીયર થવાની ...ને ઇચ્છા હોય તેમણે જૈન થવાનું છે. દયાના ભંડાર અને તત્ત્વજ્ઞાનના સાગર રૂપ શ્રી મહાવીર પિતાએ જગતના ઉદ્ધારનું સોંપેલું 'મિશન', બદલાની આશા વગર, બજાવવા જેઓને ઇચ્છા હોય તેમણે જ 'જૈન' કહેવડાવવા આગળ પડવાનું છે.


ગૃહસ્થો! જૈનની ઉપર કરેલી વ્યાખ્યા જો લક્ષમાં લેવામાં આવશે તો 'જૈન' તરીકે ઓળખાતા મનુષ્યોમાં અંદરો અંદર અને બીજાઓ સાથે ચાલતો ક્લેશ પલાયન કરી જશે. ક્લેશ! કોની સાથે અને શા માટે! ઉંચા અને નીચા, નાના અને મોટા તમામ મનુષ્યો અરે મનુષ્યો જ નહિ પણ કીડી અને કંથવા જેવા નાના દેખાતા જીવ ઉપર પણ પ્રેમ અને દયા રાખવાનું જગતને શિખવવા માટે જ જૈન 'બનનારાઓ શું કદી એકાદ બાબતમાં મતભેદ થતાં લડવા તૈયાર થાય એ બનવા જોગ છે?......જો આપણે જિનદેવે સોંપેલા ધર્મનો વારસો સાચવવો જ હોય—જો આપણે જૈન ધર્મને જાહેર ... કરવો જ હોય—તો આપણે આપણા આત્માનું અને તે સાથે

સર્વ આત્માઓનું કલ્યાણ કરવું જ હોય તો ઘરમાં, સંઘમાં, દેશમાં: વિશ્વમાં ઐક્યસંપ અને પ્રેમનો પ્રચાર પહેલાં જ કરવો જોઈએ. સુધારામાં પહેલા નગરનો સુધારો ઉદયની સર્વ ચાવીઓમાં સર્વ ગોઠી ગાયી, જો કોઈ પણ હોય તો તે આ ભ્રાતૃભાવ અને ઐક્ય વધારામાં જ સમાયલી માનજો.

પરંતુ ગૃહસ્થો! જ્યારે હું આપ સમક્ષ સાર્વત્રિક પ્રેમની હિમાયત કરું છું ત્યારે સામુદાયિક પ્રેમ અને ઐક્યતાને ઉડાવી મારવા ઇચ્છતો નથી જ. આપણે સકલ વિશ્વ ઉપર ભાઈચારો ફેલાવીએ તે પહેલાં આપણા જુદાજુદા સંઘાડા, પછી જુદા જુદા ગચ્છો, અને પછી જુદા જુદા ધર્મો સુધી આપણાં હૃદય લંબાવવાં જોઈએ.

બિકાનેર અધિવેશનના પ્રમુખ

સદ્‌ગત વા. મો. શાહ



જેણે

કોન્ફરન્સને જન્માવવાનાં, પોષવાનાં, સમૃદ્ધ કરવાના, ખરે
વખતે સાથ દેવાનાં કાર્યને તનતોડ મહેનત કરીને,
સ્થાનકવાસી જૈન સમાજને આગળ વધારવાના
અગ્રગામી ભાગ ભજવ્યાં હતાં અને એ સ્વ-
ર્ગીને [illegible] અર્પણ કરવા સારૂ
[illegible] અર્પણ કર્યાં હતાં.

સર્વ આત્માઓનું કલ્યાણ કરવું જ હોય તો ઘરમાં, સંઘમાં, દેશમાં અને વિશ્વમાં એકસંપ અને પ્રેમનો પ્રચાર પહેલાં જ કરવો જોઇએ. એ સુધારામાં પહેલા નંબરનો સુધારો ઉન્નતિની સર્વ ચાવીઓમાં સર્વથી મોટી ચાવી, જો કોઇ પણ હોય તો તે આ ભ્રાતૃભાવ અને ઐક્યના વધારામાં જ સમાયલી માનજો.


પરંતુ ગૃહસ્થો! જ્યારે હું આપ સમક્ષ સાર્વત્રિક પ્રેમની હિમાયત કરું છું ત્યારે સામુદાયિક પ્રેમ અને ઐક્યતાને ઉડાવી મારવા ઇચ્છતો નથી જ. આપણે સકલ વિશ્વ ઉપર ભાઈચારો ફેલાવીએ તે પહેલાં આપણા જુદાજુદા સંઘાડા, પછી જુદા જુદા ગચ્છો, અને પછી જુદા જુદા ધર્મો સુધી આપણાં હૃદય લંબાવવાં જોઇએ.

*

ગૃહસ્થો! 'જૈનની જે વ્યાખ્યા હું પાછળ જણાવી ગયો છું તે તરફ એકવાર ફરીથી હું આપનું લક્ષ ખેંચું છું. એ વ્યાખ્યામાં દરેક જૈનને માથે નિષ્કપટપણું, નિરભિમાનીપણું, નિર્લોભતા, નિઃસ્વાર્થતા, શીલ વગેરે ગુણો કે જે હરકોઈ માણસને માટે ઉત્તમ પ્રકારનાં આભુષણની ગરજ સારે છે, તે ફરજીઆત રાખવામાં આવ્યા છે; અર્થાત્ વ્યવહાર શુદ્ધિ દરેક જૈનને માથે ફરજીઆત છે. જૈનપણું ગુણમાં છે-જ્ઞાતિ કે જન્મમાં નથી તે બરાબર યાદ રાખવાનું છે. તેમજ જૈનપણું કાંઈ અમુક ક્રિયામાં પણ ગોંધાઈ રહેલું માનવાનું નથી. જૈનશાસ્ત્રોએ જૈનોને માટે ૩૫ માર્ગાનુસારીના ગુણો ફરજીયાત ઠરાવ્યા છે. એક વખત એવો હતો કે અદાલતોમાં મુકદ્દમા વખતે ફત્તેહ માટે કોઇ પણ પુરાવાના અભાવે પણ જૈનની સાક્ષી પૂરતી ગણાતી હતી. જૈનોનું સદ્વર્તન, જૈનોની વ્યવહારશુદ્ધિ, જૈનોનું સત્ય, જૈનોનું ચારિત્ર (character) એટલું બધું ઉચ્ચ હતું અને એ સદ્વર્તને જ જૈન ધર્મને સર્વોત્કૃષ્ટ બનાવ્યો છે. આજે આપણું સદ્વર્ત્તન શિથિલ જણાય છે. xxxxx મને કહેવા દો, મહાશયો, કે

બિકાનેર અધિવેશનના પ્રમુખ

સદ્‌ગત વા. મો. શાહ



જેણે

કોન્ફરન્સને જન્માવવાનાં, પોષવાનાં, સમૃદ્ધ કરવાના, ખરે
વખતે સાથ દેવાનાં કાર્યને તનતોડ મહેનત કરીને,
સ્થાનકવાસી જૈન સમાજને આગળ વધારવાના
[illegible] સેવ્યાં હતાં અને એ [illegible]
[illegible]

હિમાયત કરતો નથી; માત્ર જૈન ધર્મની ખીલવણીને ખિલાવવા - વિશાળ વિશ્વમાં ફેલાવવા માટે જ જૈન ટ્રેનિંગ કોલેજની હું હિમા કરું છું.'

છેવટે તેમણે કોન્ફરન્સની ઉપયોગિતા સમજાવતાં કહ્યું હતું 'આવા મેળાવડાથી બીજો કાંઈ લાભ થાય કે ન થાય તો પણ આટ તો ખુલ્લું જ છે કે લોકમત કેળવવાનું અને જાગૃત કરવાનું સૌથી વધારે અગત્યતા ધરાવતું કાર્ય આવા મેળાવડાથી ઘણી જ સારી રીતે પાર પડે છે. વ્યક્તિમાં રહેલા બળનું પ્રસ્ફોટન થઈ જ્યારે તે એક થાય છે ત્યારે જ એક પ્રજા પોતે શું કરવાને શક્તિમાન છે સમજી શકે છે. આપણા દયાધર્મનો ઝુંડો આજે આખા જગતમાં ફરકી રહ્યો નથી તે, આપણી અંદર રહેલા બળને એકત્ર રૂપમાં બહાર પાડવાની પ્રથાની ખામીને જ આભારી છે.' અને ઉપસંહારમાં કેળવાયલા તેમજ શ્રીમંત જૈનોની જવાબદારીનો ઉલ્લેખ કર્યો હતો.

આ બીજા અધિવેશનમાં સૌથી અગત્યનો ઠરાવ 'જૈન ટ્રેનિંગ કોલેજને લગતો હતો અને તેને અંગે ફંડ થવાની વાત નીકળતાં જ મોરબી અધિવેશનમાં બનેલા બનાવની પુનરાવૃત્તિ થવા પામી હતી. કોઈ પણ પ્રકારનું ફંડ મંડપમાં કરવાનું નથી એવું વચન રતલામ નિવાસીઓએ જાહેર કર્યું હતું અને તે વચનને તેઓ વળગી રહેવા માગતા હતા, પરન્તુ સબજેક્ટ કમિટિનો વિચાર કેળવણી નિમિત્તે ફંડ કરવાનો હતો. એ મતભેદને દૂર કરવા માટે શ્રી વા. મો. શાહે અથાગ પરિશ્રમ કરીને છેવટે ફંડ કરવા દેવાની સમજુતીને બન્ને પક્ષ સ્વીકારે એવું કર્યું હતું. પરિણામે એ વા. મો. શાહે ઉંચા પ્રકારના ધાર્મિક શિક્ષણ પર એક વિસ્તારભર્યું વિવેચન કર્યું હતું, જેમાંની ઉપયોગી કંડિકાઓ નીચે ઉતારી લીધી છેઃ—

'આજે આ વિષય પર નહિ બોલવાનો મારો વિચાર હતો, પણ ચોતરફથી ફરમાશ થવાને પરિણામે હું આ વિષય પર બોલવા

મો થયો છું. હું વ્યવહારિક કેળવણી અને બોર્ડિંગોની સર્વ રીતે તરફેણ કરૂં છું અને જેના પ્રતાપે જ અત્યારે આપની સમક્ષ બોલવાની શક્તિ મારામાં આવી છે તે વ્યવહારિક કેળવણીને પાછળ પાડવાનો વિચાર મારા અંતઃકરણમાં આવવો એ સંભવિત નથી. પણ અહીં એક શંકા થવાનો સંભવ છે કે જ્યારે ધાર્મિક શિક્ષણની હિમાયત કરનાર હું વ્યવહારિક શિક્ષણની અગત્ય સ્વીકારૂં છું અને વ્યવહારિક શિક્ષણની હિમાયત કરનાર મારા મિત્રો ધાર્મિક શિક્ષણની અગત્ય સ્વીકારે છે ત્યારે હવે વિવાદ જેવું શું છે? એનો જવાબ એ છે કે બોર્ડિંગોમાં અંગ્રેજી ભણનારાઓને અમુક વખત ધાર્મિક શિક્ષણ આપવાની જોગવાઈ કરી આપીએ એટલાથી જ ધાર્મિક શિક્ષણ સંબંધી આપણે આપણી ફરજ બજાવી ગણાય એવું મારાથી માન્ય રાખી શકાતું નથી. તેમજ અત્યારે જૈનશાળાઓમાં ગોખવાતા સામાયિક, પ્રતિક્રમણમાં પણ હું ધાર્મિક શિક્ષણની પૂર્ણાહુતિ માનતો નથી. મારા માનવા પ્રમાણે તો એ માત્ર ધાર્મિક શિક્ષણના કક્કા બારાખડી જેવું છે. અને ખરેખરૂં ધાર્મિક શિક્ષણ તો બધું તેની પાછળ બાકી જ રહી જાય છે.

અસલના વખતમાં આખી ઉમર અભ્યાસ કરતાં ફક્ત ૪–૫ સૂત્રો શિખી શકતા, અને એવાં સૂત્રો ભણનાર બહુ–સૂત્રી કહેવાતા. ચાર સૂત્રો ભણનારા 'જ્ઞાન સ્થિવર' કહેવાતા; એમાં સૂત્રોના ભણનારાઓ કેવળ સૂત્રો જ ગોખી જતા હોત તો ચારને બદલે ચોવીસ સૂત્રો ગોખી જતાં પણ તેમને મુશ્કેલ પડત નહિ; પણ જેમ કોલેજોમાં તે તે મુખ્ય વિષય સાથે અને આપણી પ્રાથમિક શાળાઓમાં ચોથી, પાંચમી, કે સાતમી ચોપડીઓ સાથે ન્યાયશાસ્ત્ર, વ્યાકરણ, ભૂગોળ, ઇતિહાસ, ભૂમિતિ વગેરે વિષયો શિખવાય છે તેમ તેઓ સૂત્રો સાથે એવા અનેક વિષયો શીખતા, અને તેના પ્રતાપે જ તેવી અનેક વિદ્યાઓ તે કાળમાં ખીલી નીકળેલી આપણે જોઇએ છીએ. આને જ હું ધાર્મિક કેળવણી કહું છું. ઘણું અજબ થવા જેવું તો એ છે કે, વ્યવ-

હારિક શિક્ષણના હિમાયતીઓ વ્યવહારસિદ્ધિ માટે ઉંચું વ્યવહારિક શિક્ષણ ડોકટરી, સાયન્સ, એન્જીનિયરિંગ વગેરે માટે તે તે વિષયની કોલેજોની હિમાયત કરે છે અને તેમાં અભ્યાસ કરનારાઓની અનુકૂળતા માટે બોર્ડિંગો ખોલવા માગે છે ત્યારે ધાર્મિક શિક્ષણને ઘણી ટુંકી હદની અંદર–પ્રાથમિક સ્વરૂપમાં જ પૂરૂં કરી નાંખીને તેઓ ધાર્મિક શિક્ષણના હિમાયતીઓનાં મ્હોં બંધ કરી દેવા માગે છે. તેમની માન્યતા એવી હોવી જોઈએ કે વ્યવહારિક ઉંચા શિક્ષણ માટે જેમ કોલેજો અને યુનિવર્સિટિઓની જરૂર છે તેવું ધર્મના શિક્ષણ માટે કંઈ હોઈ શકે નહિ, અથવા તેમ કરવું જરૂરનું કે બનવાજોગ નથી. ગમે તેમ હો, પણ ધાર્મિક ઉંચી કેળવણી આપનારી પાઠશાળાઓ અત્યારે આપણામાં નથી તે ખોટ પૂરી પાડવાની અગત્ય તેઓ સ્વીકારતા નથી. તેમની માન્યતા તો એટલી જ છે કે જેમ મંદિરમાર્ગી જૈનોની બોર્ડિંગમાં આશ્રય લેતા વિદ્યાર્થીઓ પાસે ફરજ્યાત મૂર્તિપૂજા કરાવવામાં આવે છે તેમ અહીં સામાયિક–પ્રતિક્રમણ ફરજ્યાત કરાવવું અને એના શિક્ષણ માટે એકાદ શિક્ષક પૂરો પાડવો.

પણ ગૃહસ્થો! શું આવી રીતે શરીર પર લાદવામાં આવતો ફરજનો ભાર અંતઃકરણને ધાર્મિક બનાવી શકશે! અને મને કહેવા દેશો કે યુનિવર્સિટિમાં શિખતા વિદ્યાર્થીઓને, ધાર્મિક શિક્ષણ કહી શકાય એવું શિક્ષણ આપનાર કોઈ પંડિતો તમે ધરાવો છો? પ્રાથમિક જૈનશાળાઓ અને મુનિમહારાજોને સંસ્કૃત વગેરેના શિક્ષણ માટે લાયક શિક્ષકો આપણને મળી શકે છે કે કેમ તેનો આપ સર્વને અનુભવ છે. એવા સાધારણ શિક્ષણ માટે પણ આપણને કેવળ પૈસાના લોભને ખાતર નોકરી કરનારા અને જૈનધર્મ નહિ પાળનારા એવા માણસો રાખવાની જરૂર છે તો પછી કોલેજોમાં શિખતા વિદ્યાર્થીઓ કે જેમની બુદ્ધિ–શક્તિ ખિલેલી હોય છે તેમને ધર્મ વિષય પર શ્રદ્ધા ...વી શકે, તેમના અંતઃકરણમાં જૈન ફિલોસોફી તરફ પૂજ્યભાવ

ઉપજાવી શકે અને તેમના જીવન નીતિમાન જ નહિ પણ ધાર્િ બનાવી શકે એવા શિક્ષકો તમે ક્યાંથી મેળવી શકશો ? મને સ છે કે વ્યવહારની હિમાયતે નીકળેલા મારા મિત્રો સૂત્રો વગેરે જૈ ધર્મનું ઉંચું તત્વજ્ઞાન સાધુઓ માટે અનામત રાખી મૂકવાનું અ આપણા વ્યવહારમાં પડેલાઓને તો પોતે જૈનધર્મી છે એવું બતાવવ માટે સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરીને વેગળે રહેવું જોઇએ એમ માનતા હોવા જોઇએ. પણ માનવંત ગૃહસ્થો ! મને કહેવા દેશો કે હરિફાઈના આ જમાનામાં જો તમે જૈનધર્મને જીવતો રહેલો જોવા ઇચ્છતા હો તો ધર્મયુદ્ધમાં ટક્કર ઝીલી શકે તેવા સમર્થ યોદ્ધાઓ તમે ઉત્પન્ન કરો. ઉપરચોટિયા જ્ઞાનવાળા નહિ, પણ તત્વજ્ઞાનમાં કુશળ વિદ્વાનો ધરાવતો હશે તે જ ધર્મ આ જમાનામાં ઉભો રહી શકશે. તમે કાશીની હિંદુ કોલેજ અને આર્ય-સમાજના ગુરૂકુળો જુઓ. અઢાર વર્ષ સતત વિદ્યાભ્યાસ કરીને અને ૨૫ વર્ષની ઉંમર થતાં સુધી અખંડ બ્રહ્મચર્ય પાળીને અનેક પ્રકારની વિદ્યાઓમાં પારંગત થઈ નીકળેલા વિદ્વાનો ધર્મ ઉપર કેવી અસર ઉપજાવી શકશે તેનો જેઓ ખ્યાલ કરે છે તેઓ એમ સ્વીકાર્યા વગર રહેશે નહિ કે ઉંચા ધાર્મિક શિક્ષણની અગત્ય છે.

અને એ અગત્ય આપણે જ સ્વીકારીએ છીએ એમ નથી. વ્યવહાર એ જ સર્વસ્વ સમજનાર યૂરોપની પ્રજા પણ હવે એ અગત્ય સ્વીકારવા લાગી છે. મહાન ગ્લેડસ્ટન પણ કહેતો હતો કે 'મારા દુઃખ અને જંજાળના વખતમાં મને બાયબલ જે દિલાસો આપતું તેવો દિલાસો બીજા કશાથી મળતો નહિ ! એક વખત જડવાદના છેક છેડા ઉપર પહોંચી ગયેલી પ્રસિદ્ધ બાઈ એની બીસેન્ટને વિવિધ અનુભવો મળ્યા પછી આખરે લાગ્યું કે ધાર્મિક જ્ઞાન વગર જગત કદી પણ સુખી થઈ શકશે નહિ. પ્રસિદ્ધ રાજદ્વારી પુરૂષ અને વિદ્વાન શિરોમણિ લોર્ડ બેકનને 'The wisest & the meanest of mankind' અર્થાત્ 'મનુષ્ય જાતમાં સર્વથી ડાહ્યામાં ડાહ્યો

જાદુની અસર કરી શકતા નથી; જ્યારે અમારા મુનિવરો પ્રબળ વક્તૃત્વશક્તિ અને બહોળા વાંચન સિવાય પણ માત્ર વિકસેલાં હૃદયને લીધે હજારો મનુષ્યોને સીધે રસ્તે લાવી શકે છે: એક લોંકાશાહે રેલ્વે કે ટેલીગ્રાફની સગવડ વગર આખા દેશમાં જૈનધર્મના સ્વરૂપનો ઉદ્ધાર કર્યો હતો.

જૈનધર્મના મોટા પંડિતોના અભાવે જ આપણો ધર્મ બીજાઓની દૃષ્ટિએ તિરસ્કારપાત્ર થઈ પડયો છે. હોપકીન્સ કહે છે કે એ ધર્મને જગતમાં જીવવાનો જ અધિકાર નથી. પણ ગાયકવાડ સરકારના સેન્સસ રિપોર્ટમાં આપણા ધર્મ માટે ઘણા જ હલકા શબ્દોમાં ટીકા કરી છે કે જે શબ્દ અત્રે કહી બતાવતાં પણ મને આંચકો આવે છે. આ સઘળું જો આપણે અટકાવવું જ હોય, અને દુનિયામાં જૈનધર્મને ઉભો રાખવો જ હોય તો માત્ર બોર્ડિંગમાં એકાદ કલાક સુધી ધર્મજ્ઞાન આપવાની હિમાયતમાં જ ધર્મશિક્ષણ પૂરૂં કરી નહિ નાખતાં જૈન પંડિતો–શિક્ષકો–લેખકો અને ઉપદેશકો તૈયાર કરનારી એક જૈન પાઠશાળા (જેને હું જૈન ટ્રેનિંગ કોલેજ કહું છું તે) સ્થાપનાં મુદ્દલ વિલંબ કરવો જોઇતો નથી. એવા પુરૂષો જ વ્યવહાર ધાર્મિક જ્ઞાન આપવાની યોગ્યતા ધરાવી શકે.

વ્યવહારિક કેળવણીના હિમાયતીઓ એ કેળવણીથી જ આપણી ઉન્નતિ થશે એમ કહીને તેની હિમાયત કરે છે, અને તે વાત ખરી પણ છે, પરન્તુ તેઓ ભૂલી જાય છે કે ગમે તેટલા પ્રયાસે પણ આપણે આખા લોકસમૂહને ઉંચી અંગ્રેજી કેળવણી લેનારો કરી શકીશું નહિ અને લોકવર્ગનો મોટો ભાગ તો હમેશાં–અંગ્રેજી પરભાષા અને તે દ્વારા મળતી ઉંચી કેળવણીથી બેનસીબ જ રહેશે ત્યારે એવા મોટા સમૂહને અંધારામાં અથડાતો મૂકીને આપણે કદી પણ આપણી ઉન્નતિ સાધી શકીશું નહિ!

આવા વ્યવહારિક વિચારના લોકો કિ

હરકોઈ દેશમાં, ધર્મના ઉપાધ્યાયો અને આચાર્યો મોટી સત્તા ધરાવતા હોય છે. લોકોને તેમના તરફ અસાધારણ પૂજ્યબુદ્ધિ હોય છે અને તેમના વિચાર–વર્તનોનું લોકો હમેશાં અનુકરણ કરે છે. તેવી પૂજ્યબુદ્ધિ તેમને કેળવાયેલા લોકો તરફ કદી હોતી નથી. તેથી લોકવર્ગની મોટી સંખ્યા ઉપર કાબૂ ધરાવતા ધર્મના ઉપદેશકો, ઉપાધ્યાયો અને આચાર્યોને ઉંચા સંસ્કારવાળા કરવા એ દરેક ધર્મને માટે જરૂરનું છે. એવા સંસ્કાર પામેલા ધર્મના હિમાયતીઓ આખા લોકવર્ગને ઉન્નત બનાવી શકશે. ધર્મ ગમે તેવા ઉચ્ચ સિદ્ધાંતો ધરાવનારો હોય પણ જો તે ધર્મ કુશળ વિદ્વાનો વગરનો થઈ પડે અને સાધારણ લોકસમૂહના હાથમાં મૂકાઇને તે પરસ્પર વિરુદ્ધ દિશામાં ખેંચાય તો થોડા જ કાળમાં તે ઉચ્ચ સિદ્ધાંતોનું બળ પણ તુટી જાય છે અને તે ધર્મ તે તે ધર્મના પૂજ્ય ગણાનારાઓના વિચારો અને વર્તનોને અનુરૂપ સ્વરૂપ ધારણ કરતો જાય છે. દરેક પ્રાચીન ધર્મો આવા સ્થિત્યંતરને પામ્યા છે અને આપણા દેશના પ્રાચીન ધર્મો પણ આ પ્રમાણે લાંબા કાળથી લોકસમૂહને હાથે ખેંચાઈ તણાઇ વિરૂપતા પામ્યા છે. તેને લીધે જ તેમનાં કેટલાંક અંગો બેડોળ થઇ ગયાં છે, કેટલાંક અંગ તૂટી ગયાં છે અને કેટલાંકમાં મનસ્વી ફેરફારો થઈ ગયા છે. તેને લીધે જ એક વૃદ્ધ વડિલની પેઠે ધર્મ અત્યારે તે જુવાનોને ભાવતો જણાતો નથી. આપણા દેશના કેટલાક કેળવાયેલાઓ એમ સમજે છે કે આવો કઢંગો ધર્મ જ દેશની ઉન્નતિ થવામાં અડચણ રૂપ છે ને તેથી જેમ બને તેમ તેનું બળ તોડી પાડવું જોઈએ એમ તેઓ માને છે. લોકસમૂહ તેમના એ વિચારોને ધિક્કારે છે તેથી એ જુના વિચારના લોકોને રાજી રાખવા તેઓ ધર્મની વાત છેડતા નથી અને જ્યાં ના છૂટકે એ સવાલ હાથ ધરવો પડતો હોય ત્યાં તેને ટુંકામાં જ પતાવી દેવામાં આવે છે. આમાં તેમનો દોષ નથી. તેમના અંતઃકરણને ધાર્મિક ઉચ્ચ સિદ્ધાંતોએ આકર્ષ્યું નથી ને તેથી જ તેઓ ધર્મને દેશની અવનતિના કારણરૂપ માને છે. પણ જો તેમને ધર્મનું

શુદ્ધ સ્વરૂપ સમજાવાય અને ધર્મ એકલાં મનુષ્યોને જ નહિ પ
પ્રાણી અને વસ્તુ માત્રને ઉન્નત કરનાર તથા એક બીજા વચ્ચેન
વાસ્તવિક સંબંધો સમજાવનાર છે એવી તેમને ખાત્રી કરી આપવામ
આવે તો એ લાગણીવાળાં અંતઃકરણો તરત જ વળી જાય. આ સર્વ
જોતાં આપણો ધર્મ શુદ્ધ સ્વરૂપમાં અને વ્યાવહારિક સિદ્ધાંતોને અનુકૂળ
થઇ પડે તેવા રૂપમાં સામાન્ય લોકસમૂહ આગળ રજુ કરી શકે તેવા
પંડિતો, શિક્ષકો અને ઉપદેશકો તૈયાર કરવાને ઉંચું ધાર્મિક શિક્ષણ
આપવું જોઇએ.

ગૃહસ્થો ! જૈન ટ્રેનિંગ કોલેજની અગત્ય સંબંધી જેટલું બોલીએ
તેટલું થોડું છે, પણ વખત થોડો હોવાથી માત્ર, એ સંસ્થા માટે
પુરતું ફંડ કરવા આપને અપીલ કરીને જ હું મારૂં ભાષણ પુરૂં કરૂં
છું. આપણા મુનિવરો આજકાલ સમય વિચારીને ઉપદેશ કરવા લાગ્યા
છે તે જોઇ મને આનંદ થાય છે. આજ સવારે જ બે હજાર મનુષ્યની
પ્રખદા વચ્ચે મુનિરાજ કોન્ફરન્સ સંબંધમાં ઉપદેશ કરતા હતા અને
તેમાં કહ્યું હતું કે વ્રત-પચ્ચખાણ તો પોતાના જ કલ્યાણ માટે છે,
જ્યારે દાનથી તો મહાન પરમાર્થ થાય છે, માટે કોન્ફરન્સને આબાદ
કરી હોય તો દાન અને દયાનું મિશન ફેલાવો. વિદ્વાન મુનિશ્રીના
આ શબ્દોમાં જ મારી જૈન ટ્રેનિંગ કોલેજની હિમાયત સર્વાંશે સમા-
યલી છે. આત્મસંશ્રય અને સાર્વત્રિક પ્રેમનો પાઠ દુનિયાને શિખવી
તેને સુખી કરવી હોય તો આવાં કામ માટે દાન કરવા તૈયાર
થવું જોઇએ છે.''

આ ઉપરાંત વ્યવહારિક કેળવણી ઉપર શ્રી મગનલાલ દફતરીએ
અસરકારક ભાષણ કર્યું હતું. તે સિવાય હાનિકારક રિવાજોની બદી,
અનાથોને આશ્રય, જીવદયા વગેરે વિષયો પરના ઠરાવો પર લાંબાં
લાંબાં ભાષણો થયાં હતાં જેમાં જીવદયા પરનું પંડિત લાલનનું ટુંકું
ભાષણ ધ્યાન ખેંચે તેવું હતું. પહેલા અધિવેશન વખતે મોરબી બહા-

રના અને મુખ્યત્વે કરીને કાઠિયાવાડ બહાર કાર્યકરોની સલાહ તેમજ સેવાની બહુ ગણના કરવામાં આવી નહોતી, પરન્તુ રતલામ સંઘે તો બહારથી કાર્યકરોને આમંત્રીને સહકારપૂર્વક કામ કરવાની યોજના કરી હતી અને અધિવેશનના નાવને ફત્તેહમંદીપૂર્વક કિનારે પહોંચાડ્યું હતું. અધિવેશનના કાર્યને આગળ ધપાવવા સારૂ વાડીલાલ શાહે તેમનાં પત્રદ્વારા તથા બીજી રીતે જે અથાગ પરિશ્રમ સેવ્યો હતો તેની કદર બૂઝવા રૂપે ૨૦મો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે 'જૈન સમાચાર'ના અધિપતિ મિ. વાડીલાલ મોતીલાલ શાહે કૉન્ફરન્સની ઉન્નતિ માટે લીધેલા પરિશ્રમ માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.' રતલામ-અધિવેશન સાથે વળી પહેલી જૈન મહિલા પરિષદ ભરાઇ હતી તે નોંધવા જેવું ખરૂં.

પહેલા અધિવેશન વખતે પૂરતી ધમાલને અંગે તેમજ બહારના કાર્યકર્તાઓની સલાહ ન લેવાને પરિણામે મુખ્ય તેમજ ઉપયોગી વસ્તુનો નિર્દેશ થઈ શક્યો નહોતો કે કૉન્ફરન્સના અધિવેશન બાદ કૉન્ફરન્સ ઓફિસ ક્યાં રાખવી અને કોની દેખરેખ નીચે રાખવી: એ વાતની ચોખવટ કરતો કોઈ ઠરાવ પસાર કરવામાં આવ્યો નહોતો અને તેથી પાછળથી ખાનગી રાહે એ ઓફિસ મોરબીમાં જ રાખવાનું ઠરાવવામાં આવવાથી જનતામાં ખાનગી રીતે તેમ જ જાહેરમાં અખુટ પ્રમાણમાં ઉહાપોહ થવા પામ્યો હતો. તેવી ભૂલ રતલામ-અધિવેશને થવા દીધી નહોતી અને ઓફિસનું મથક એક વરસને માટે અજમેર કરાવીને જનરલ સેક્રેટરીઓની પણ નિમણુંક કરનારો એક ખાસ ઠરાવ પસાર કર્યો હતો.

૫

ત્રીજું અધિવેશન : અજમેરમાં

[તા. ૧૦–૧૧–૧૨ માર્ચ ૧૯૦૯]

રતલામ અધિવેશન પછી બીજે જ વરસે સતારાવાળા શ્રી
બાલમુકુંદજીના પ્રમુખપદે અજમેરમાં ત્રીજું અધિવેશન ભરાયું હતું.
આ અધિવેશનમાં કંઈ ખાસ નોંધવા જેવું વિશિષ્ટ કાર્ય થયું નહોતું.
ઠરાવો પણ દર અધિવેશનમાં થાય છે તેવા જ થવા પામ્યા હતા.
પ્રમુખ મહાશયના ભાષણમાં પણ કંઈ નવીનતા નહોતી. સંપ, વ્યવ-
હારશુદ્ધિ, ધાર્મિક તેમજ વ્યવહારિક શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, હુન્નર
ઉદ્યોગની કેળવણી, ડિરેક્ટરી, હાનિકારક રિવાજો, કોન્ફરન્સને સંગીન
બનાવવાની ઇચ્છા : ઇત્યાદિ મુદ્દાઓ પર તેમણે વિવેચન કર્યું હતું.
આ બધા મુદ્દાઓ એવા છે કે તે પર દર અધિવેશનમાં પ્રમુખ
મહાશય તેમજ પ્રતિનિધિ વર્ગ તરફથી જુદી જુદી દૃષ્ટિએ વિવેચન
રવામાં આવે છે અને આ અધિવેશન વખતે તેમાં કંઈ વિશેષતા
હોવાથી ભાષણોની કંડિકાઓના ઉતારાઓ આપવા મુનાસબ ધાર્યા
ી. ખાસ ધ્યાન ખેંચે એવો ઠરાવ ધાર્મિક કેળવણી પરનો હતો
ને તે રજુ કરતાં શ્રી વાડીલાલ મોતીલાલ શાહે ખૂબ લંબાણ-
ર્યું ભાષણ કર્યું હતું. એ ભાષણમાં મુખ્ય મુદ્દો સમાજનો ઉદય કેવી
તે થાય અને ઉદય થવા માટે ક્યા ક્યા રસ્તા અસ્તિત્વ ધરાવે છે.
ં આબેહુબ ધ્યાન તેમણે રજુ કર્યું હતું અને સાચાં 'ધર્મ-દાન'
જે ઉદય થાય તે ચિરસ્થાયી ઉદય નીવડે એમ પ્રતિપાદન કર્યું

રના અને મુખ્યત્વે કરીને કાઠિયાવાડ બહાર કાર્યકરોની સલાહ તેમજ સેવાની બહુ ગણના કરવામાં આવી નહોતી, પરન્તુ રતલામ સંઘે તો બહારથી કાર્યકરોને આમંત્રીને સહકારપૂર્વક કામ કરવાની યોજના કરી હતી અને અધિવેશનના નાવને ફત્તેહમંદીપૂર્વક કિનારે પહોંચાડ્યું હતું. અધિવેશનના કાર્યને આગળ ધપાવવા સારૂ વાડીલાલ શાહે તેમનાં પત્રદ્વારા તથા બીજી રીતે જે અથાગ પરિશ્રમ સેવ્યો હતો તેની કદર બુઝવા રૂપે ૨૦મો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે 'જૈન સમાચાર'ના અધિપતિ મિ. વાડીલાલ મોતીલાલ શાહે કોન્ફરન્સની ઉન્નતિ માટે લીધેલા પરિશ્રમ માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.' રતલામ–અધિવેશન સાથે વળી પહેલી જૈન મહિલા પરિષદ ભરાઇ હતી તે નોંધવા જેવું ખરૂં.

પહેલા અધિવેશન વખતે પૂરતી ધમાલને અંગે તેમજ બહારના કાર્યકર્તાઓની સલાહ ન લેવાને પરિણામે મુખ્ય તેમજ ઉપયોગી વસ્તુનો નિર્દેશ થઈ શકયો નહોતો કે કોન્ફરન્સના અધિવેશન બાદ કોન્ફરન્સ ઓફિસ ક્યાં રાખવી અને કોની દેખરેખ નીચે રાખવી: એ વાતની ચોખવટ કરતો કોઈ ઠરાવ પસાર કરવામાં આવ્યો નહોતો અને તેથી પાછળથી ખાનગી રાહે એ ઓફિસ મોરબીમાં જ રાખવાનું ઠરાવવામાં આવવાથી જનતામાં ખાનગી રીતે તેમ જ જાહેરમાં અમુક પ્રમાણમાં ઉહાપોહ થવા પામ્યો હતો. તેવી ભૂલ રતલામ-અધિવેશને થવા દીધી નહોતી અને ઓફિસનું મથક એક વરસને માટે અજમેર કરાવીને જનરલ સેક્રેટરીઓની પણ નિમણુંક કરનારો એક ખાસ ઠરાવ પસાર કર્યો હતો.

ધૂણેખાંચકે પડતી દોલતનો યોગ્ય વ્યય નહિ થવો; ૫. નિવૃત્તિધર્મનો આશય; ૬. સ્ત્રીઓની અધમ સ્થિતિ.' આજે પણ એ મુદ્દાઓ વિચારવા જેવા અવસ્ય જણાય છે.

આ અધિવેશનમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવી વસ્તુ નામદાર ગાયકવાડ સરકાર મર્હુમ સયાજીરાવે લખેલો પત્ર હતો. તે આખો પત્ર ઉતારી લેવા જેવો લાગવાથી તેનું ભાષાંતર આ નીચે શબ્દશ: આપવાનું ઉચિત માન્યુ છે.

લક્ષ્મી વિલાસ પેલેસ, વડોદરા
તા. ૭–૩–૧૯૦૯

વહાલા શેઠ ચાંદમલજી,

માર્ચ માસની અધવચમાં તમારા શહેરમાં મળનારી ત્રીજી શ્વેતામ્બર સ્થાનકવાસી કોન્ફરન્સમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવા સારૂ તમારા પુત્રના મુખીપણા નીચે તમારા સંઘ તરફથી આવેલાં ડેપ્યુટેશનને આવકાર આપતાં મને અતિ ઘણો હર્ષ થયો હતો. મને અગત્યના કામનું દબાણ ન હોત તો તમારી સાથે વિચાર કરવા માટે તથા જે સુધારાની હીલચાલ તમારી કોન્ફરન્સ ચલાવી રહી છે તે હીલચાલ તરફ હું જે અંગત રસ ધરાવી રહ્યો છું તે રસને એકવાર ફરીને સાબીત કરી આપવાની આ તકનો મેં ખુશીથી લાભ લીધો હોત. ઈ. સ. ૧૯૦૪માં વડોદરા ખાતે મળેલી ત્રીજી શ્વેતામ્બર કોન્ફરન્સને હું હર્ષપૂર્વક યાદ કરૂં છું અને બીજે જ વરસે મારા રાજ્યમાં પાટણ ખાતે મળેલાં બીજાં અધિવેશનમાં આવેલું કામકાજ મેં રસપૂર્વક સાંભળ્યું હતું.

કોન્ફરન્સોનું લક્ષ્યબિંદુ

તમારી કોન્ફરન્સ જેવી કોન્ફરન્સો જો તદ્દન સાંપ્રદાયિક અને પ્રગતિવિરોધી ન થાય તો ઘણો લાભ કરી શકે તેમ છે. આવી

હતું. સાથોસાથ 'આત્મિક અવનતિ' તથા 'નૈતિક અવનતિ' સમજણ આપી હતી. વળી જૈનધર્મની વિશિષ્ટતા બતાવતાં તેમ કહ્યું હતું કે 'આજકલ યે ઝમાના આ પહુંચા હૈ કિ દુનિયામેં વો ધર્મ ખડા રહ સકેગા કિ જો 'સાયન્સ' કે સામને રહ સકે. જૈ ધર્મ મેં ભાષા કે પુદ્‍ગલકા વર્ણન હૈ વો અબ ફેનોગ્રાફ ટેલીગ્રા ઈત્યાદિ સે સાબીત હોતા હૈ.' તે ઉપરાંત જૈનધર્મની ફીલસુફીને પ્રચાર કરવાની હિમાયત કરતાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે 'જૈનધર્મ મે ૮ પ્રકાર કે 'પ્રભાવક' કહે હૈં, જિસમેં એક 'વિદ્યા પ્રભાવક' કહ હૈં; અબ મૈં 'વિદ્યા' કા અર્થ 'સાયન્સ' કરતા હું. જો આદમી સાયન્સ-ઇલ્મકે જરીયેસે જૈન ધર્મકી સચ્ચાઈ જગત કો બતા દેવે વો સબસે અચ્છા 'પ્રભાવક' હૈ. આજ ઐસે 'વિદ્યા પ્રભાવકો' કમ હો જાને સે, જૈન શાસ્ત્રમેં રહી હુઇ ખૂબીયેં સમજને વાલે કમ હો જાને સે, ઔર અંધશ્રદ્ધા વ ક્રિયામૂઢતા કે પ્રતાપસે હમારે સંઘકી અવદશા હો રહી હૈ. યે બાલદશા દેખ હૉપકીન્સન જૈસે પાશ્ચાત્ય વિદ્વાનોંને હમારે મઝહબકી બહોત સી લઘુતા કી હૈ. અબ યે સમય આ પહુંચા હૈ કિ સર્વ તરાહ સે મનુષ્ય કા ઉદય કરનેવાલે જૈન ધર્મકી ફિલસુફીકા પ્રચાર અપન લોગ મેં કરનેકા કુચ્છ પ્રબંધ કરના, જિસસે હમારા વ્યવહાર શુદ્ધ હો, હમારી નીતિ શુદ્ધ હો, હમારા ગૃહસંસાર સુખી હો, હમારી આત્મા મોક્ષકી અધિકારીણી હો.'

તે ઉપરાંત વ્યવહારિક કેળવણી પર શ્રી મગનલાલ દફતરીએ કેટલાક આંકડાઓ તેમજ હકીકત રજુ કરનારૂં જુસ્સાદાર ભાષણ કર્યું હતું અને અંગ્રેજી ભણતરનું પ્રમાણ જૈનોમાં ખૂબ ફેલાવા પામે એવી હિમાયત કરી હતી. જૈનસમાજની અધોગતિનાં ૭ કારણો તેમણે રજુ કર્યાં હતાં તે અહીં ઉતારી લેવા જેવાં છેઃ– ૧. લોકોનું અજ્ઞાન; ૨. વ્યાપારની અને હુન્નર ઉદ્યોગની કેળવણીનું ઓછાપણું; ૩. એકનો એક વેપાર કર્યા કરવાનો ભ્રમ; ૪. મોટી થાપણનું કમીપણું અને

ખૂણેખાંચરે પડતી દોલતનો યોગ્ય વ્યય નહિ થવો; ૫. નિવૃત્તિધર્મને આશય; ૬. સ્ત્રીઓની અધમ સ્થિતિ.' આજે પણ એ મુદ્દાઓ વિચારવા જેવા અવશ્ય જણાય છે.

આ અધિવેશનમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવી વસ્તુ નામદાર ગાયકવાડ સરકાર મર્હુમ સયાજીરાવે લખેલો પત્ર હતો. તે આખો પત્ર ઉતારી લેવા જેવો લાગવાથી તેનું ભાષાંતર આ નીચે શબ્દશઃ આપવાનું ઉચિત માન્યું છે.

લક્ષ્મી વિલાસ પેલેસ, વડોદરા
તા. ૭-૩-૧૯૦૯

વહાલા શેઠ ચાંદમલજી,

માર્ચ માસની અધવચમાં તમારા શહેરમાં મળનારી ત્રીજી શ્વેતામ્બર સ્થાનકવાસી કોન્ફરન્સમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવા સારૂ તમારા પુત્રના મુખીપણા નીચે તમારા સંઘ તરફથી આવેલાં ડેપ્યુટેશનને આવકાર આપતાં મને અતિ ઘણો હર્ષ થયો તો. મને અગત્યના કામનું દબાણ ન હોત તો તમારી સાથે વિચાર કરવા માટે તથા જે સુધારાની હીલચાલ તમારી કોન્ફરન્સ ચલાવી રહ્યો છે તે હીલચાલ તરફ હું જે અંગત રસ ધરાવી રહ્યો છું તે રસને એકવાર ફરીને સાબીત કરી આપવાની આ તકનો મેં ખુશીથી લાભ લીધો હોત. ઈ. સ. ૧૯૦૪માં વડોદરા ખાતે મળેલી ત્રીજી શ્વેતામ્બર કોન્ફરન્સને હું હર્ષપૂર્વક યાદ કરૂં છું અને બીજે જ વરસે મારા રાજ્યમાં પાટણ ખાતે મળેલાં બીજાં અધિવેશનમાં આવેલું કામકાજ મેં રસપૂર્વક સાંભળ્યું હતું.

<u>કોન્ફરન્સોનું લક્ષ્યબિંદુ</u>

તમારી કોન્ફરન્સ જેવી કોન્ફરન્સો જો તદ્દન સાંપ્રદાયિક અને પ્રતિવિરોધી ન થાય તો ઘણો લાભ કરી શકે તેમ છે. આવી

સઘળી કૉન્ફરંસોનું લક્ષ્યબિંદુ, જે પંથ અથવા તો સંપ્રદાયને લગતી તે કૉન્ફરંસ હોય તે પંથ અથવા સંપ્રદાયમાં જડ કરી બેસેલા સામાજિક કુરિવાજોને નાબુદ કરવાનું અને સમસ્ત પ્રજાને એકત્ર કરવા માટે તે કોમને તૈયાર કરવાનું હોવું જોઈએ. આવો આદર્શ મારા ખ્યાલમાં રાખીને હું એવું પણ ઇચ્છી શકું છું કે હિંદભરમાં આવા પ્રકારની વધારે કૉન્ફરંસો થવી જોઇએ—આવી કૉન્ફરંસો અજ્ઞાન નાતજાતમાં વહેંચાઈ ચૂકેલી તથા હિંમત વગરની જનતાને અધમ સ્થિતિમાંથી ઉંચી સ્થિતિએ લાવવા સારૂ વખત અને શક્તિનો ઉપયોગ કરે છે.

સંસાર સુધારાની જરૂર

તમારી કૉન્ફરંસમાં પહેલા અધિવેશનનું કામકાજ મેં વાંચ્યું છે અને મને એ જોઇને આનંદ થયો છે કે ટુંકા પરન્તુ વિસ્તારવાળા કાર્યક્રમમાં તમોએ ઘણા જ વ્યાજબી રીતે સંસારસુધારાના તેમજ કેળવણીના પ્રશ્નને મોખરે રાખ્યા છે. બાળવિવાહ, કન્યાવિક્રય, અનેક સ્ત્રીઓને પરણવાનો રિવાજ: એ બધા રિવાજો કોઈ પણ સમાજને પૂરતા કલંક રૂપ છે. મારી સમજણ મુજબ જૈનધર્મના મૂળતત્ત્વોની વિરુદ્ધ હયાતી ધરાવતી પેટા કોમોને નાબુદ કરવાથી એ નામોશીભરેલા રિવાજોને દૂર કરી શકાય અથવા ઓછા બોજા રૂપ કરી શકાય. માત્ર ઠરાવો પસાર કરવાથી કાંઈ વધારે ફાયદો થાય નહિ તમારામાંના પ્રત્યેક વિચારશીલ મનુષ્યે તેના ખાનગી તેમજ કૌટુંબિક વ્યવહારમાં આવા રિવાજોની સામે સખત ઝુંબેશ ચલાવવી જોઇએ.

જ્ઞાતિ બંધારણના પાયામાં રહેલું નુકશાન

પણ મુખ્ય બદી જ્ઞાતિના બંધારણની છે. આજે ચાલી રહેલી જ્ઞાતિઓએ લાભને બદલે ગેરલાભ વિશેષ પ્રમાણમાં કરેલ છે. એ જ્ઞાતિની સાથે સંકળાયેલા પ્રત્યેક મનુષ્યની જિંદગીની દૃષ્ટિમર્યાદા એ

જ્ઞાતિનાં બંધુએ સંકુચિત બનાવી દીધી છે. કેળવણી માટેની સૌથી વધારે સંગીન પદ્ધતિ બીજી કોમો સાથેના છુટા વ્યવહારમાં જ્ઞાતિબંધને અટકાવી દીધેલ છે. રાષ્ટ્રીય જુસ્સો તેમજ ઐક્ય પર એ સમાયલી છે, પણ એ છુટા વ્યવહારને જ્ઞાતિબંધારણની ઘણીજ નુકશાનકારક અસર થવા પામી છે. જ્ઞાતિબંધારણમાં કેટલાક સારા મુદ્દાઓ પણ હશે, પરન્તુ હાલને તબક્કે તો એ બંધારણે સામાજિક સુધારણા તરફ દુશ્મનની ગરજ સારી છે અને અજ્ઞાનભર્યા વહેમોને ઉત્તેજન આપ્યું છે. જ્ઞાતિઓની હયાતીને બહાલી મળે એવું કાંઈ તમારાં શાસ્ત્રોમાં નથી. જૈન કોમમાં રહેલી જ્ઞાતિઓનો ઈતિહાસ બતાવી આપે છે કે, સૈકાઓ સુધી તમોએ જ્ઞાતિબંધારણને દાખલ કરવા સામે લડત ચલાવી હતી. અને બીજા સંપ્રદાયો કે કોમો સાથેના વ્યવહારને તમોએ ઘણાજ થોડાં વર્ષો પરજ બંધ કર્યો હતો. સૈકાઓ સુધી જુદી જુદી જાતના અને બીજા ધંધાવાળા મનુષ્યોને તમોએ તમારા મંડળમાં દાખલ કર્યા હતાં અને તમારી તથા તેમની સામાજિક સ્થિતિમાં તથા રહેણીકરણીમાં પૂરતો તફાવત હોવા છતાં પણ, તેમને તમારા મંડળમાં દાખલ કર્યા પછી તેમની સાથે સંપૂર્ણ વ્યવહાર જાળવ્યો હતો. થોડા જમાનાની વાત પર જૈનો બીજી કોમ સાથે રોટી-વ્યવહાર તેમજ બેટી-વ્યવહાર રાખતા હતા, પરન્તુ હાલ એ વ્યવહાર બંધ કરવાનું જે વલણ છે તે વલણ પ્રત્યે દયા ઉપજે છે. ગયા સૈકામાં કોમોની તેમજ જ્ઞાતિઓની સંખ્યા પુષ્કળ પ્રમાણમાં વધવા પામી છે, પરન્તુ કોઈ કોમ બીજી કોમમાં જોડાઈ ગઈ હોય એવો એક પણ દાખલો ભાગ્યે જ મળે છે. તેથી એ વધુ વિભાગ પડતા અટકાવવા જોઈએ અને હાલના વિભાગોને એક કરવાના પ્રયત્નો શરૂ કરી દેવા જોઈએ. જ્ઞાતિ એ તો મુખ્યત્વે કરીને ભિન્ન ભિન્ન મનુષ્યોને જુદું પાડનારૂં કૃત્રિમ સાધન માત્ર છે. માણસો વચ્ચે શરીર, નીતિ અને [illegible]ની દૃષ્ટિએ ઘણો જ કુદરતી તફાવત હોય છે, તેથી કૃત્રિમ [illegible] ઉભા કરવાની તેમજ જુદા જુદા વિભાગમાં તેમને વહેંચી

નાંખવાની ખરેખર કંઈ જરૂર નથી. બીજા મનુષ્યોના અનુભવ તેમજ દાખલા ઉપરથી આપણને ખાત્રી થવી જોઈએ કે કૃત્રિમ તફા ઉભા કરવા માટે સત્તા પર રહેલા આગેવાનોના પ્રયાસ વગર જ લોકોને પોતાનું કુદરતી સ્થાન શોધી લેવાને કૃત્રિમ તફાવત તો સુધારાના મહા પ્રવાહની આડો બંધ બાંધવાની ગરજ સારે છે. જેવી રીતે તમારા સમાજે મૂર્તિપૂજનની વહેમી શ્રદ્ધાની સામે બંડ પોકાર્યું હતું તેવી જ રીતે તમારી પોતાની કોમને લાગેવળગે છે ત્યાંસુધી તો જ્ઞાતિને લગતા અર્થવગરના તફાઓને તમે નાબુદ કરી શકો પણ ખરા. જો તે કામ થાય તો તમારી કોન્ફરન્સની હયાતીને વ્યાજબી ઠરાવવા સારૂ કોઈ વધુ સરસ પુરાવાની જરૂર ? જોતો નથી. તમારી કોમને માટે મહાન સેવા બજાવવા ઉપરાંત તમે એ કામ કરીને બીજી કોમને સારૂ એક વ્યવહારૂ દાખલો પૂરો પાડી શકશો. પરન્તુ એક વાત યાદ રાખી લેવાની જરૂર છે! માત્ર જ્ઞાતિ-બંધારણને નાબુદ કર્યું એટલે ગંગ નાહ્યા એમ સમજવાનું નથી. જ્ઞાતિને લગતા સંકુચિત આદર્શને સ્થાને પ્રજાકીય કલ્યાણ માટેની વધુ વિશાળ સહાનુભૂતિ તેમજ ઉન્નત વિચારોને સ્થાપવા જોઈએ. જેવી રીતે તમે તમારી કોમના રીતરિવાજ જાળવવાને આતુર છે તેવી જ રીતે તમારે રાષ્ટ્રીય ઐક્યને ઉત્તેજન આપવાને સારૂ પ્રયાસો સેવવા જોઈએ.

કેળવણી

કેટલાક નુકશાનકારક સામાજિક રિવાજોની તમે બારીક તપાસ કરશો તો જોઈ શકશો કે એમાંના ઘણાખરા રિવાજો નૈતિક, સામાજિક અને શારીરિક નિયમોની અજ્ઞાનતાનું જ પરિણામ હોય છે. જનસમાજમાં તે નિયમોના જ્ઞાનનો પ્રચાર કરો એટલે મને ખાત્રી છે કે સામાજિક શરીર પર આજે નુકસાનકારક રિવાજો બંધાઈ ચૂક્યા છે તે આપોઆપ અદશ્ય થશે. તેમ થતાં, બેદરકાર શ્રોતાઓ



સદ્‌ગત શેઠ સુરજમલ લલ્લુભાઈ ઝવેરી
પાલણપુર



શ્રીમાન શેઠ અમૃતલાલ રાયચંદ ઝવેરી
પાલણપુર

શ્રી. નથમલજી ચોરડીયા–નીમચ

અને સમાજસેવાર્થે ... ની ટેક પુરી
કરાવવામાં અગ્રમ નિષ્ણાત



શ્રી ચીમનલાલ પોપટલાલ શાહ

આગળ ખાલી ઠરાવો પસાર કરવાની જરૂર રહેશે નહિ. તેથ તમારે જનતાની કેળવણી માટે દરેક પ્રયાસ કરવો જોઈએ. ભારત વર્ગમાંના સામાજિક દૂષણોને નાબૂદ કરવાની સૌથી વધુ અસરકારક દવા એ કેળવણી છે.

ગ્રામ્યશાળાઓ

છેલ્લા અધિવેશનના ઠરાવોમાં એ જોઈને મને હર્ષ થયો છે કે દરેક શહેર અને ગામડાનાં બાળકોને કેળવવા માટે ઘરતી સગવડ કરી આપવાની દરેક સ્થાનિક સંઘને માથે ફરજ રહેલી છે એમ તમે સ્વીકાર્યું છે. એ કાર્યની દેખરેખ રાખવા સારૂ સખ્તાઈવાળા સ્વભાવના તેમજ દિલસોજ નિરીક્ષકોને રાખવાથી તમે જોઈ શકશો કે એ ફરજ કેટલી હદ સુધી બરાબર બજાવાય છે. આ સંબંધમાં તમારે હરહંમેશ સ્વતઃપ્રયત્નથી થવું જોઈએ. જરૂર પડે તો તમારે તમારી પોતાની શાળાઓ ખોલવાને તેમજ તમારી જરૂરીઆતોને સૌથી સરસ રીતે પહોંચી વળી શકે તેવું શિક્ષણ આપવાને તૈયાર રહેવું જોઈએ.

નિરક્ષરતા

હું ખાત્રીપૂર્વક કહું છું કે છેલ્લી વસ્તીગણત્રીના આંકડાઓનો અભ્યાસ કર્યો હશે. તમારા જેવી વ્યવહારૂ તેમજ વ્યાપારપ્રધાન કોમ માટે તે આંકડાઓ અફસોસજનક સ્થિતિ સૂચવતા નથી ! સમસ્ત ભારતવર્ષના જૈનોમાં માત્ર સેંકડે ૮૮ ટકા જેટલા પુરૂષો ભણેલા છે અને મુંબઈ ઈલાકામાં સેંકડે ૫૨ ટકા જેટલા પુરૂષો ભણેલા છે. સ્ત્રીવર્ગમાં માત્ર ૧.૮ ટકા જેટલી સ્ત્રીઓ કેળવણી પામેલી છે. જ્યારે મુંબઈ ઈલાકામાં તે પ્રમાણ સેંકડે ૨ ટકા જેટલું છે. જે કોમમાં સેંકડે ટકા પુરૂષો અને ૯૮ ટકા સ્ત્રીઓ અભણ તેમજ નિરક્ષર હોય તે કોમ સુધારણાની બાબતમાં ઉંચો દાવો કરી શકે નહિ. તમારી શક્તિઓને કામે લગાડવા સારૂ તેમજ સંગીન પરિણામો પ્રાપ્ત કરવા માટે તમારી સન્મુખ વિશાળ ક્ષેત્ર ખુલ્લું છે.

સ્કોલરશિપ ફંડ

આ સંબંધમાં તમે ઉચ્ચ કેળવણી સારૂ તેમજ ખાસ કરી ઉંચા વ્યાપારી શિક્ષણને માટે તેમજ 'વ્યવહાર શાસ્ત્ર' (Applie Science)ના અભ્યાસ માટે સ્કોલરશિપ આપવા સારૂ ફંડની યોજના તમે કરી શકો છો. તમારી કોમ વ્યાપારપ્રધાન છે અને આ વિષયની બાબતમાં સંગીન કેળવણી તમારી કોમના યુવાનોને મળવી જોઈએ. એવી કેળવણીથી તમારી કોમને ઘણો જ સંગીન લાભ થશે.

ઐતિહાસિક શોધખોળ

પરન્તુ મને એ જોઈને અફસોસ થયો છે કે તમારી કોમના ઈતિહાસને તેમજ ધર્મશાસ્ત્રોને લગતી શોધખોળનાં કાર્યને માટે તમારાં કાર્યક્રમમાં સ્થાન મળેલું નથી. તમારા ધર્મસિદ્ધાંતો તેમજ ઈતિહાસ થોડાએક પૌરસ્ત્ય વિદ્વાનો સિવાય બીજા જૈનેતરોને ભાગ્યે જ જાણીતા છે. સૈકાઓ સુધી અન્ય ધર્મીઓ એવું માનતા આવ્યા હતા કે જૈનધર્મ એ બૌદ્ધધર્મની એક શાખા માત્ર છે. અને એ માન્યતાને લઈને જૈનધર્મના સિદ્ધાંતોના અભ્યાસ તરફ બેદરકારી બતાવવામાં આવતી હતી. અને આ ગેરસમજુતી કોણે દૂર કરી? તમારી કોમના માણસોએ અલબત્ત નહિ જ, પરન્તુ એક જર્મન પંડિતે દુનિયાને જાહેર કર્યું હતું કે જૈનધર્મ એ બૌદ્ધધર્મથી તદ્દન જુદો છે. વળી એ જ પંડિત સાબીત કરી શક્યો હતો કે તમારા ચોવીસમા તીર્થંકર ધર્મમાં જણાવેલા કલ્પિત પુરૂષ ન હતા. પરન્તુ ઈ. સ. પૂર્વે ૭૦૦ વરસ પર તેઓ હયાતી ભોગવતા હતા. આથી હું એમ કહેવા માગતો નથી કે તમારી કોમમાં વિદ્વાનો નથી. એથી ઉલટું હું તો સારી રીતે જાણું છું કે તમારા ધર્મની ગૂઢતાના ગહન તત્વો તેમજ ન્યાયશાસ્ત્રની આંટીઘુંટીઓના જાણકાર તમારી કોમમાં મોટી સંખ્યામાં છે. × × × અંધશ્રદ્ધાનો જમાનો ચાલ્યો ગયો છે અને અમુક મનુષ્યની સત્તાના જોરે આજની દુનિયા કોઈ વસ્તુને-પછી

અલેને ગમે તેટલી પ્રાચીન તે વસ્તુ હોય તો પણ–માની લેવાની નથી. તમારો ધર્મ વેદધર્મથી પણ પ્રાચીન છે એ તમારે વિદ્વાનો પાસે મનાવરાવવું હોય તો તે તમારે વિજ્ઞાનના સંગીન પુરાવા તેમજ બુદ્ધિચાતુર્ય વડે સાબીત કરી બતાવવું પડશે.

ધર્મશાસ્ત્રો

સૌથી પહેલાં તો તમારાં ધર્મશાસ્ત્રો કયે સ્થળે છે અને તેનાં નામ શું છે તે શોધી કાઢવું જોઈએ. તેમાંના ઘણાખરાં પાટણ અને જેસલમેરના પુસ્તક ભંડારોમાં દટાયલાં પડ્યાં છે. સૈકાઓ સુધી તે સઘળાં સંભાળ લેવાયા વગરનાં પડયાં છે અને ઉધઈ તથા કીડીઓ સારૂ ખોરાક પુરો પાડે છે. મને ભય છે કે તેમાંનાં કેટલાંક તો અત્યાર પહેલાં નાશ પામ્યાં હશે. તમારા ધર્મના હિત ખાતર અને તેને ટકાવી રાખવા સારૂ એ જરૂરનું તેમજ લાભપ્રદ છે કે તે સઘળાં પુસ્તકોને એક સ્થળે એકઠા કરવાં જોઇએ. જો તે પુસ્તકોનો કાબુ રાખનારા[illegible] [illegible]દાર થઇને ઉમદા હેતુની ખાતર તે પુસ્તક આપવા તૈયાર [illegible] જ એવો પુસ્તકસંગ્રહ શક્ય બને. તેવાં પુસ્તકોને યોગ્ય રીતે [illegible] [illegible]ષાંતર કરાવવાં જોઈએ અને છપાવવાં જોઈએ. [illegible] તમારા [illegible] [illegible]સાધુઓ જ કોઈ [illegible] શાસ્ત્રીઓની મદદ [illegible] [illegible]શે. તમારી જુવાનીઆઓ [illegible] [illegible] કરવી જોઇએ અને [illegible] [illegible]શિપે

મ્બરો તેમજ દિગમ્બરો વચ્ચે કેવો મતભેદ ઉભો થયો, દક્ષિ
ભારતમાં તે કેવી રીતે ફેલાયો, રાજદરબારમાં તેણે કેવી રીતે અં
કયા પ્રકારની લાગવગ પ્રાપ્ત કરી હતી અને તેની અવનતિનાં ક
કારણો છે—આ બધાંને લગતી અંકોડાબદ્ધ હકીકત મેળવવાની હ
બાકી છે. આજે તમારા ધર્મ સંબંધી એક પણ એવું પુસ્તક છે નહિ
જેમાંથી તમારા ધર્મના બધા સિદ્ધાંતો વાંચીને સમજી શકાય. તમા
એ બાબતને લગતું મોટું પુસ્તક અંગ્રેજીમાં તેમજ દેશી ભાષાઓમ
લખાવરાવવું જોઇએ, કે જેથી અન્યધર્મીઓ તે વડે તમારા ધર્મ
જાણપણું સાધી શકે. તમારે અનેક પ્રકારની બાબતો સંબંધી શોધ
ખોળ કરવાની રહે છે: જેમ કે જૈનોમાં જ્ઞાતિબંધારણની શરૂઆ
અને તેનો વિકાસ, જૈનધર્મ પર હિંદુધર્મની અસર, તમારી કોમન
મનુષ્યોના રીતરિવાજ તેમજ રહેણીકરણી, બ્રાહ્મણ ધર્મ અને બીજ
ધર્મો ઉપર જૈનધર્મની અસર, જૈનધર્મ પાળતી જુદી જુદી કોમે
વચ્ચેનો ભેદભાવ, એવી કોમોની ઉત્પત્તિ અને તમારા સંપ્રદાય પ
તેની અસર ઈત્યાદિ ઇત્યાદિ. મને ખાત્રી છે કે આવી શોધખોળને
પરિણામે તમારી કોમને ફાયદોજ થશે. તમારા સંપ્રદાયના જુદ
વિચારના મનુષ્યોને ભવિષ્યમાં સાચી સમજણ આપવા સારૂ તમે
તેમની આગળ આ શોધખોળને પરિણામે સત્તાવાર વિગતો રજૂ
કરી શકશો. આથી તમારી કોમને લગતું સુધારકાર્ય વધારે સરેઃ
તેમજ સરળ બનવા પામશે અને આખા સમાજમાં જે ગેરસમજુ
તેમજ અજ્ઞાન ફેલાયલાં છે તે નાબુદ થશે.

રાષ્ટ્રીય આદર્શ પર ભાર

શરૂઆતમાં જ મેં જણાવ્યું છે તે મુજબ સુધારણા માટે
તેમજ પ્રગતિને લગતા તમારા સઘળા પ્રયાસો વખતે એક ક્ષણ
પણ રાષ્ટ્રિય આદર્શને વિસરવો જોઈએ નહિ. હરહંમેશ યાદ રાખ
કે જે મોટા સમાજને હિંદી પ્રજાના રૂપમાં ઘડવાનો છે તે સમ

જનાજ તમે એક અંગ છો. ભારતવર્ષે કુસંપથી તેમજ દ્વેષથી ઘણુંજ સહન કર્યું છે. તમારા ધર્મની અંદર તેમજ બહાર ઐક્યનેજ તમારો મુદ્રામંત્ર બનાવવો જોઈએ.

અખિલ ભારતવર્ષીય જૈન કૉન્ફરસ:

હું જાણું છું કે જૈન ધર્મના જુદા જુદા સંપ્રદાયોને લગતી જુદી જુદી કૉન્ફરંસો ભરવાને બદલે અખિલ ભારતવર્ષીય જૈન કૉન્ફરંસ ભરવાનો એક પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તમે તેવા પહેલા પ્રયાસમાં નિષ્ફળ નિવડયા હો તો પણ તમે તેવો પ્રયત્ન ફરી વાર કરી શકો છો અને મને વિશ્વાસ છે કે સારી સમજુતી ફેલાતાં એક દિવસે તમે ફત્તેહમંદ થશો. એવું દેખાય છે કે તમારા સંપ્રદાયની ઉગની પ્રગ્ન તો એવા ઐક્યને સ્થાપવાને તૈયાર છે અને સુરત મુકામે એવી અખિલ ભારતવર્ષીય જૈન કૉન્ફરંસ ભરીને તેઓએ શરૂઆત પણ કરી લીધી છે. તેઓએ ઐક્યના એ દડાને ગબડતો મૂક્યો છે અને હવે તમારે તમારી મદદથી તેને વેગવાળો બનાવવાની જરૂર છે. એમાં કોઈ ખાસ મોટી મુશ્કેલી નડે તેમ નથી. ત્રણે કૉન્ફરંસોનાં અધિવેશનમાં પસાર થયેલા ઠરાવોની સરખામણી કરતાં જણાય છે કે ત્રણેનો કાર્યક્રમ એક સરખો જણાય છે.

જીવદયા માટેનું વલણ:

હું મારૂં કહેવાનું પૂરૂં કરૂં તે પહેલાં એક બે એવી વસ્તુ છે કે જેને માટે કંઇ કહેવાને મને તમે રજા આપશો. તમે જાણો છો કે ...રગા ધર્મો અમુક બાબતમાં તો જુદા જુદા છેડા પર ઉભા રહેલા ...ણાય છે ખરા. નાનાં પ્રાણીઓનાં જતનને ધ્યાનમાં લેવા જતાં ...ારે તમારા મનુષ્યબાંધવોનાં હિતના સવાલને વિસારી દેવો જોઈએ ... હું જાણું છું કે તમારા સંપ્રદાયના પછાત રહેલા તેમજ ...ામાં સમાજના સદ્ધર્મીઓને બનતી બધી મદદ આપવાની જરૂર ...ણ તમે કબૂલ થશો છો કે, નાના જીવો કરતાં માનવસમાજના

મોટા વિસ્તારને તમારી સહાનુભૂતિ પર વધુ દાવો છે. જીવદયાનું દરેક કૃત્ય અલબત્ત સારૂં છે, પણ આવાં કૃત્યો ગરીબોના સંબંધમાં તેમજ માનવ-ન્યાતથી બાતલ થયેલા જીવોની બાબતમાં કરવામાં આવે છે ત્યારે તેનું પુણ્ય અનેકગણું વધી જાય છે.

સંસાર સુધારાને લગતા એટલા બધા પ્રશ્નોનો નિવેડો લાવવાનો છે કે આપણું સતત ધ્યાન તે તરફ અપાવું જોઇએ. નિર્માલ્ય તેમજ નિર્વીર્ય સંતાન પેદા કરે એવી બાળલગ્નને લગતી એક બદી સમાજમાં પ્રચલિત છે. સમાજની કેટલીયે વ્યક્તિઓને બીનજરૂરી શારીરિક દુઃખો થવાનું એક કારણ એ બાળલગ્નની દુષ્ટ પ્રથા છે. આપણા દેશમાં નાના બાળકોનું મરણ પ્રમાણ શરમાવા જેટલી હદ સુધી વધી જવા પામ્યું છે. તેથી નર્સો તેમજ સુયાણીઓને કેળવીને એ બદીને નાબુદ કરવા પ્રયાસો સેવવા જોઈએ. વળી એ મરણપ્રમાણ ઘટાડવા સારૂ આરોગ્યને અનુકૂળ થાય તેવી ટેવો, આરોગ્યપ્રદ ખોરાક, સ્વચ્છ તેમજ હવા ઉજાસવાળાં ઘરો અને વધુ સારાં કપડાં—એ સઘળાંની જરૂર લોકોના મન પર ઠસાવવી જોઇએ. તે ઉપરાંત ઘણાં દુઃખો ઉત્પન્ન કરનારાં ફરજીયાત વૈધવ્યના પ્રશ્નનો પણ નિવેડો લાવવાની જરૂર છે. એ કહેવાતી સામાજિક બદી પાશ્ચાત્ય દેશમાં છે તેટલી તીવ્ર આ દેશમાં નથી, છતાં પણ તે એક એવો પ્રશ્ન છે કે સઘળા વિચારશીલ મનુષ્યો એ પ્રથા તરફ આંખ આડા કાન કરી શકે નહિ. આ બદીને નાબુદ કરવાના ઇલાજ સૂચવવાની હું કોશિશ કરીશ નહિ, પણ એવી સૂચના તો અવશ્ય કરીશ કે જો સમાજ પોતાની ઉન્નતિ માટેની ખાએશ ધરાવતી હોય તેમજ જગતમાં પ્રતિષ્ઠાવાળો મોભ્ભો મેળવવા ઇચ્છતી હોય તે સમાજે આ સવાલને ધ્યાન બહાર રહેવા દેવો જોઇએ નહિ. એવો મોભ્ભો જાળવી રાખવાનું કાર્ય સમાજમાં દેવાઇ રહેલી કુપ્રથાઓ સામે હિંમતપૂર્વક ટક્કર ઝીલ્યા સિવાય બની શકે નહિ

સ્વતંત્ર વિચારો જાહેર કરો

કેટલેક પ્રસંગે મેં જોયું છે કે કેટલીક કોન્ફરન્સોમાં છૂટથી
વિવાદ કે ચર્ચા કરવા દેવામાં આવતી નથી. માત્ર પસંદ કરાયે
વક્તાઓ પાસે તૈયાર કરેલાં ભાષણો કરાવવામાં આવે છે. આ
હોવાથી શ્રોતાજનો આગળ વિવિધ વિચારો ભાગ્યે જ રજુ થા
છે. કદાચ તમે ધારતા હશો કે મોટા મેળાવડાઓમાં છૂટથ
ચર્ચા ચલાવવી એ સગવડભર્યું નથી, પરંતુ વિષય વિચારિણી સમિતિમ
પ્રગતિવાદી, પ્રગતિવિરોધી તેમજ મધ્યમસરના સઘળાં દૃષ્ટિબિંદુઓ
છૂટથી ચર્ચા થવા દેવાનો પૂરતો અવકાશ રહેવો જોઈએ. જો
આમ કરવામાં કાંઈ અડચણ નડતી હોય તો જેમ બને તેમ થોડા
વિષયો હાથ ધરવા જોઈએ. પરન્તુ ગમે તેવા ભયંકર લાગતા 'જહાલ'
વિચારને પણ દાબી દેવા ન જોઈએ; અને ખાસ કરીને જુવાની-
આઓના તેમજ પ્રગતિવાદીઓના વિચારોને દાબી દેવાને કાંઈપણ
પ્રયાસ કરવો જોઈએ નહિ.

છૂટથી ચર્ચા કરો

વિચારોની છૂટથી ચર્ચા કરવાની તેમજ વિચારોની આપલે
કરવાની બાબતને હું ઘણી જ અગત્ય આપું છું. કોઈપણ કોમની
પ્રગતિનું માપ તે કોમમાં પ્રચલિત વિચારો પરથી નીકળે છે. હિંદુ-
સ્તાનના લોકોના મન એક જ ચીલે ચાલે છે અને ત્યાંના રીતરિવાજો
ઘડાઈ ગયેલા છે એટલે એવા દેશમાં અવનવા વિચારો દર્શાવવાની
પૂરી સમજ કરી આપવાની ખાસ જરૂર છે. અને તમારી કોન્ફરન્સનાં
નાં બંધારણ મુજબ વિવિધ વિષયોની ચર્ચા માટે વક્તાઓને
વખત આપી શકાય તેમ ન હોય તો મારૂં સૂચન એ છે કે,
જુદા જુદા વિષયો પર જુદા જુદા ભાષણો છપાવવાં, તે
સભા વચ્ચે વંચાયા છે એમ માની લેવું અને પછી સમાજના
કરે તેને નાની નાની પુસ્તિકાઓ રૂપે પ્રકટ કરવાં; અથવા તો

જુદા જુદા સામાજિક વિષયો પર નિબંધ લખાવી તે નિબંધોનું પ્રકાશન કોન્ફરંસે કરાવવું. તમારી માત્ર સત્તાને જ તમારો ભોમીયો બનાવતા નહિ, પરન્તુ તમારી સદસદ્‌વિવેકબુદ્ધિને જ એ ભોમીયો બનવા દેજો.

ઉપસંહાર

છેવટે તમારી કોન્ફરંસમાં હાજરી આપવા માટે તમો તરફથી મળેલા માયાળુ આમંત્રણ માટે હું તમારો અહેશાનમંદ છું અને કામકાજનું દબાણ નડયું ન હોત તો હું હર્ષપૂર્વક ત્યાં હાજરી આપત. મારા પત્રમાં કરાયેલી કેટલીક ટીકાઓ ઘણાજ ખુલ્લા દિલથી કરાયલી તમોને જણાય તો તે ખાતર મને માફી આપશો. જે કોન્ફરંસ પ્રતે મારી હૃદયપૂર્વકની દિલસોજી છે તે કોન્ફરંસના અધિવેશનમાં હાજરી આપવા સારૂ મને આમંત્રણ આપવામાં આવે ત્યારે ચાહે તેવું કડવું લાગે તો પણ મને દેખાતું હોય તે 'સત્ય' તો મારે સ્પષ્ટ રીતે કહેવું જ જોઇએ. મને હિંદનાં હિતને માટે દાઝ છે અને જ્યાં એ હિતને લગતી બાબત હોય ત્યાં છૂટછાટ મૂકીને પોતાના વિચારોને જુદાં સ્વરૂપમાં રજુ કરવાનું હું મુનાસબ ધારતો નથી.

કોન્ફરંસને હું દરેક ફત્તેહ ઇચ્છતો,

તમારો વિશ્વાસુ
(સહી) સયાજીરાવ ગાયકવાડ

આ પત્ર મૌલાના મહમદઅલીએ લખ્યો હોય એમ મનાય છે, કારણ કે એ સમયે તેઓ ગાયકવાડ સરકારના 'ખાનગી સચીવ'ના હોદ્દા પર હતા. એ પત્રમાં જણાવાયેલા વિચારોની ઉપયોગિતા હજુ આજે પણ તેટલી જ છે અને ખરેખરી જરૂરની વસ્તુ તો એ હતી કે દરેક અધિવેશન વખતે આ પત્રની હજારો નકલો ગુજરાતી તેમજ હિંદી ભાષાન્તર રૂપે પ્રગટ કરીને જનતામાં તેનો પ્રચાર કરવાની

વ્યવસ્થા થવી જોઈતી હતી. હજુ પણ એ સૂચનનો અમલ ભવિષ્યનાં
અધિવેશન વખતે થાય તો પણ કંઈ મોડું થયું નહિ ગણાય.

ત્રીજા અધિવેશન વખતે પૂજ્યશ્રી લાલજી મહારાજ તેમની
શિષ્યમંડળી સહિત અજમેરમાં હાજર રહ્યા હતા અને બીજાં સાધુ
સાધ્વીઓ મળીને એકંદરે ૧૦૦ જેટલી સંખ્યાની હાજરી થવા પામી
તી. એ વસ્તુ પણ નોંધપાત્ર ગણાય. આ અધિવેશનની ફત્તેહમંદીનો
આધાર શ્રી. બહેચરદાસ દવસાણીઆ, મૌન સેવક શ્રી. દુર્લભજી
ેરી, જુના અને નવા વિચારના આગેવાનો વચ્ચે ઐક્ય કરાવવા
ના શ્રી ગોકળદાસ મહેતા, શ્રી. અમરચંદજી પિતળીયા, રાયશેઠ
મલજીના પુત્રો વગેરે વગેરે પર હતો.

ॐ

ચોથું અધિવેશન : જલંધરમાં

[તા. ૨૭-૨૮-૨૯ માર્ચ ૧૯૧૦.]

પંજાબમાં આવેલાં જલંધર મુકામે ચોથું અધિવેશન ભરા ત્યારે પહેલા ત્રણ અધિવેશનમાં દેખાયેલા ઉત્સાહમાં ઓટ આવે જણાતી હતી. સદંતર નિરુત્સાહનું જ વાતાવરણ દેખાયું હતું. પુ વર્ગની હાજરી, પહેલા ત્રણ અધિવેશનના મુકાબલામાં ઘણી જ કમ હતી અને ૧૦ થી ૧૨ કરતાં વધુ સ્ત્રીઓએ હાજરી આપી નહોતી. સંત સમુદાયમાં ત્રીસેક મુનિવરો તેમજ બાલ બ્રહ્મચારિણી વિદુ સની પાર્વતીજી વગેરે આર્યાજીઓનાં પધારવાથી જનસમાજમાં હર્ષ ભરતી થઈ હતી. કોન્ફરંસ ખતમ થયા પછી બીજે દિવસે મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ પણ જલંધર આવી પહોંચ્યા હતા, પરન્તુ તેમનું મન આવી નિરુત્સાહભરી કાર્યવાહીથી સંતુષ્ટ ન હોવાથી પુસ્તકલેખનનાં કાર્યમાં જ મગ્ન રહેતા હતા.

સ્વાગતપ્રમુખ તેમજ પ્રમુખ એમ બન્નેનાં ભાષણોમાં ખાસ નવીનતા તેમજ ચમક નહોતી. એના એ જ વિષયો પ પિષ્ટપેષણ કરાયલું જણાતું હતું. કોઇ નવું માર્ગસૂચન થયું જ નહોતું.

ઠરાવોમાં સૌથી અગત્યનો ઠરાવ ભાષાને લગતો હતો. 'આજથી કોન્ફરન્સનું કામકાજ હિંદી ભાષા અને દેવનાગરી લિપિમાં ચલાવવામાં આવશે.' બીજા ઉપયોગી ઠરાવો ધાર્મિક શિક્ષણ તેમ વ્યવહારિક કેળવણીને લગતા હતા. એ ધાર્મિક શિક્ષણને લગતા ઠ

પર બોલતાં દેવાસવાળા મિ. કેસરીચંદજી ભંડારીએ જૈન ટ્રેનિ
કોલેજની ઉપયોગિતા સમજાવતાં કહ્યું હતું કે 'આજકાલ જૈનધમ
સંબંધી ગેરસમજ ચાલતી જોવામાં આવે છે કે તે બૌદ્ધધર્મની
શાખા છે; કોઇ કહે છે કે તે ૧૫૦૦ વર્ષથી જ નીકળ્યો છે, વગેરે
વગેરે જુઠાણાંઓ આપણે મૂંગે મોઢે સહન કરી રહ્યા છીએ. આપણા
ભણેલા ભાઇઓ-આપણા ગ્રેજ્યુએટોએ આપણને આવા કલંકોમાંથી
મુક્ત કરવાને કશું કર્યું નથી. ગ્રેજ્યુએટોએ કોન્ફરન્સનાં કામમાં સામેલ
રહેવું જોઈએ છે, પણ તેમ થતું જોવામાં આવે છે? સુપ્રસિદ્ધ
ઙર્મન જેકોબીએ જૈન સૂત્રોનાં ભાષાંતર કરીને જૈનધર્મ વેદધર્મથી
પણ જુનો છે એમ સાબીત કરી આપ્યું છે. એવી જ રીતે સાહિત્યમાં
ઉંડા ઉતરીને જૈન ધર્મની સેવા બજાવવાનું કામ જૈન ગ્રેન્જ્યુએટોનું
છે, અને સાયન્સના પાયા પર રચાયેલા જૈનધર્મની પ્રખ્યાતી કરવી
એ પણ એમનું કામ છે. સૃષ્ટિની ઉત્પત્તિ વગેરે સાયન્સની બાબતોનું
સ્પષ્ટીકરણ જૈનધર્મમાં ઘણું સારી રીતે કરાયલું છે; માટે તે ધર્મની
જેમ વધારે શોધખોળ થાય તેમ દુનિયાને વધારે લાભ થાય તેમ છે.
આવાં અનેક કામો માટે નવા તેમજ જુના વિચારોને એક કરવા સારુ
જૈન ટ્રેનિંગ કોલેજ સ્થપાઇ છે. તેને ધારેલા પગથીએ મૂકવા માટે
પુષ્કળ ફંડની જરૂર છે. પૈસાદારો પૈસા આપવા તૈયાર છે; પણ પૈસા
લેનાર પુરુષો ભાગ્યે જ જોવામાં આવે છે. ગ્રેજ્યુએટો અને અન્ય
કેળવાએલા ભાઇઓ શ્રીમંતોને મળે, રીતસર સમજૂતી આપે અને
તેમની લાગણી ખેંચે તો નાણાંની તંગી પડે તેમ નથી; પણ
ઓનરરી સેવા બજાવનારાઓની જ ખોટ છે.' તે ઉપરાંત દરેક
અધિવેશનમાં બનતું હતું તે મુજબ આ સમયે પણ વ્યવહારિક શિક્ષણ
ઉપર એક ઠરાવ પસાર કર્યો હતો. એ ઠરાવ રજુ કરવાનું દિવાન
કિસનદાસજીએ સબજેક્ટસ કમિટિમાં સ્વીકાર્યું હતું, પરન્તુ તે ઠરાવમાં
મુંબઈ મેડિકલના છપાઇ આવેલા રિપોર્ટ પર સંતોષ જાહેર કરનારા
શબ્દો ઉમેરવાથી તેમણે તે ઠરાવ પેશ કર્યો નહિ. એટલું જ નહિ

પણ અનુમોદન રૂપે એક શબ્દ વધીક બોલવાનું ઉચિત ધાર્યું નહિ. વ્યવહારિક શિક્ષણ જેવા પોતાને પ્રિય વિષય પર બોલવાનું મળતાં શ્રી વાડીલાલ શાહે નીચે મુજબ જણાવ્યું હતું:—

'જે ભૂમિ જુસ્સાદાર વક્તાઓ માટે પ્રસિદ્ધ છે તેવી પંજાબી ભૂમિ પર મારા જેવા એક ગુજરાતીએ હિંદીમાં ભાષણ કરવા ઉઠવું એ વિચારવા જેવી વાત છે; તો પણ જે વિષય પર હું બોલવા માંગું છું તે વિષયનું ગૌરવ જ મને બોલવાની તાકાદ આપશે એવી શ્રદ્ધાથી શરૂ કરું છું.

આ માંચડા ઉપરથી તમારી સમક્ષ જુદી જુદી બાબતોના સુધારા, જુદી જુદી બાબતોના પ્રચાર અને જુદી જુદી બાબતોની જરૂરીઆત પર ભાર મૂકવામાં આવશે. જે વક્તા જે વિષય લેશે તેને જ સર્વોપરિ અગત્યનો બતાવશે. અલબત્ત અસર કરવાની એ રીત છે ખરી; પણ મારા સમજવા પ્રમાણે તો સઘળા સુધારા, સઘળી આબાદી અને સઘળા ઉદયનું મૂળ 'શિક્ષણ'માં રહેલું છે. કોન્ફરંસના સઘળાં કામ કાજનું માખણ 'શિક્ષણ' છે. એ માખણ મેળવવા માટે જ આ સઘળાં વલોણાં થાય છે. શિક્ષણનો પ્રચાર થવાથી વહેમી રિવાજો અને ફાલતું ખર્ચો પડછાયાની માફક અદૃશ્ય થશે. પણ શિક્ષણની જરૂરીઆત સ્વીકારી એટલે જગ જીત્યા એમ સમજવાનું નથી. કેવું શિક્ષણ આપણને સૌથી વધારે લાભ આપશે એ વિચારવાનું છે અને તે શિક્ષણના પ્રચાર માટે ઓછામાં ઓછાં ખર્ચે વધુમાં વધુ લાભ કેમ પ્રાપ્ત કરવો એ બે મુદ્દા અવશ્ય વિચારવાના છે. બી. એ. અને એમ. એ. થવાથી અવશ્ય બુદ્ધિ વધે છે, પણ નાણું સંપાદન કરવાનું કે દેશ અને કોમની સેવા બજાવવામાં એ જ્ઞાન એટલું કારગત થતું નથી કે જેટલું વ્યાપાર હુન્નરનું શિક્ષણ થઇ શકે છે. આપણી કોમ અમસ્તીજ વ્યાપારી તરીકે પ્રસિદ્ધ છે. માટે વ્યાપારી શિક્ષણ લેવા માટે આપણા યુવાનોને યુરોપ, અમેરિકા અને જાપાન

તરફ મોકલવાની ઘણી જરૂર છે. આ બાબતમાં પહેલ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોને હું આ પ્રસંગે ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતો નથી. તેઓએ એક વિદ્યાર્થીને વ્યાપારી શિક્ષણ માટે મદદ આપીને થોડા વખત પર ઈગ્લાંડ મોકલ્યો છે. હુન્નરની તાલીમ માટે પણ જેટલું ખર્ચ કરીશું તેટલું ઉગી નીકળશે. તે તાલીમ આપણને પૈસાદાર બનાવવામાં જેટલી ઉપયોગી થશે તેટલી જ આપણા ધર્મશાસ્ત્રોમાં રહેલાં ગૂઢ તત્વોને સાયન્ટિફિકલિ સમજાવવામાં પણ મદદગાર થશે.

વ્યાપાર અને હુન્નરને લગતા અભ્યાસ માટે મુંબઈ વગેરે જે જે હિંદની અંદરનાં શહેરોમાં કાંઈ સાધન હોય ત્યાં ત્યાં બોર્ડિંગ હાઉસો ખોલવાની જરૂર ઉપર હું ભાર દઈને બોલવા માગું છું. મારો આશય સમજ્યા સિવાય યદ્દા તદ્દા બોલનારાઓ ભલે ગમે તેમ કહે, પણ હું હમેશ બોર્ડિંગની તરફેણમાં છું. પરન્તુ, તે બોર્ડિંગ આવા શિક્ષણ માટે જ; નહિ કે હાલ જે ધોરણે અને જેઓને માટે ચાલે છે તે. બી. એ. નો અભ્યાસ મુંબઈમાં ચાલે છે તેમ શું ગુજરાત, કાઠિયાવાડ, પંજાબ વગેરે પ્રાંતોમાં નથી ચાલતો? તો મદદની ગરજવાળા ત્યાંના વિદ્યાર્થીઓએ દેશમાં થોડા ખર્ચે ભણવાનું છોડી મોટા ખર્ચે મુંબઈમાં શા માટે ભણવું જોઈએ? એલ. એમ. એન્ડ એસ. બી. એસ. સી. વગેરે પરીક્ષાને લગતું શિક્ષણ માત્ર મુંબઈમાં જ મળે છે તો એવું શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓ માટે ભલે બોર્ડિંગ હો. અને તે પણ મકાન પૂરતી જ હોવાથી ઠેઠ જ ઓછા ખર્ચે ચાલવી જોઈએ. મૂળે તો આપણામાં કોઈ પૈસા આપતું નથી એવી બૂમ ચાલુ છે તો પછી વધારે ખર્ચ કરવાને બદલે ઠેઠ જ કરકસરથી ખર્ચ કરીને વધની રકમ સ્કોલરશિપો વગેરેમાં ખર્ચવી તે જ વિશ્વાસ ઉત્પન્ન કરવાનો ખરો રસ્તો છે. શ્રીમંતો પૈસા નથી આપતા એમ બૂમો પાડવા પહેલાં કેળવાએલાઓએ બતાવી આપવું જોઈએ કે, જે કેળવણીના કામ માટે અમે પૈસા માગીએ છીએ તે કેળવણી અમને

મળેલી હોવાથી અમે આટલો આત્મભોગ આપી શકીએ છીએ વેઠીને પણ આટલી સખાવત કરી શકીએ છીએ, સંઘના ઘેરોઘેર ભીખ માગવામાં મહિના—બે મહિનાનો વખત અર્પ શકીએ છીએ, બોર્ડિંગ વગેરેના આગેવાન બની વર્ષમાં બે ત્રણ તે ખાતાની મુલાકાતો લઇ તથા ગામેગામ પત્રો લખી તે તરતું કરી શકીએ છીએ. એમ બતાવી આપવામાં આવે મદદની કાંઇ ખોટ નહિ પડે.

નામદાર ગાયકવાડ સરકારે ગઇ સાલ પોતાના અમુલ્ય પત્રમાં ણને સલાહ આપી હતી કે ' In this connection you ca ganize Funds for scholarships for higher ed tion, especially for the advanced study commerce and some of the applied scien This will do a material good to your peop આ સલાહનું મુલ્ય થઇ શકે તેમ નથી. તેમાં જણાવ્યા મુજબ આપણે મહિને પચાસ રૂપિયા મેટ્રિક કે ઇન્ટરના વિદ્યાર્થીને મકાન પૂરું પાડવાના કામમાં ખર્ચવાને બદલે એટલી જ રકમ અને વ્યાપારી તાલીમ લેનારને સ્કોલરશિપ આપવામાં ખર્ચીએ આપને થોડામાં થોડા ખર્ચે વધારેમાં વધારે ફાયદો પ્રાપ્ત શકીશું. વ્યવહારિક કેળવણીની હિમાયત કરવી એટલે એમ નહિ પાસની જગ્યાએ પાંચસો રૂપિયા ગમે તેવા શિક્ષણમાં વાપરી નાખ નહિ, આપણે કેળવણીનો પ્રકાર અને ખર્ચનો રસ્તો બન્ને મુદ્દા વિચ જ ખર્ચ કરવું જોઇએ, અને તેમ કરીએ તો લાખો રૂપીઆ કામમાં મળવા મુશ્કેલ પડે નહિ એમ હું ખાત્રીપૂર્વક કહી શકું વે કાંઇ ખોટ છે તે પૈસાની નથી, પણ પૈસાનો સારો ઉપયો કરવાની છે અર્થાત્ વિચારકો (Thinkers)ની અને સંચાલકો (Organizers)ની છે. એક વખત આપણા હાથમાં કોઇ

રીતે પાંચ પચાસ હજાર રૂપિયા આવી ગયા તેથી કાંઈ આપણું કા… પૂરૂં થયું સમજવાનું નથી. પાંચ લાખ માણસોને કેળવવા છે; મા… લાખો-કરોડો રૂપિયાની આપણને ગરજ છે. એટલા માટે રૂપિયાની નહિ પણ લોકોની ભલી લાગણીની જો આપણે દરકાર કરીશું તો …પિયા નિરંતર મળ્યા જ રહેશે. જે જાતની કેળવણી માટે આપણે …મંતોની મદદ માગીએ છીએ તે જાતની કેળવણી લેનારાઓએ …મ બતાવી આપવાની તક લેવી જોઈએ કે અમુક કામ તેઓ કોઈ પણ જાતનો બદલો લીધા સિવાય કરી શકે છે. એક માણસ હજાર …ને ભારે પડી શકે. એક માણસ આખા દેશને તારી શકે. પણ તે ક્યારે? તેનો આશય પવિત્ર હોય, તેનામાં સંપૂર્ણ દૃઢતા હોય અને ધારેલાં કામ માટે પોતાનો વખત, શરીરબળ અને સાધનોનો ભોગ આપવામાં લેશ પણ પાછી પાની ન કરે; ત્યારે જ કાંઈ ઉન્નતિ થઈ શકે. અને કેળવણી ત્યારે જ લીધી કહેવાય જ્યારે તેને પરિણામે પાકા ગુણો આવે.

જાપાનનું રાજ્ય ૧૮૭૨ સુધી ખુણામાં પડ્યું હતું. તે વર્ષમાં એવો ઢંઢેરો પિટાવવામાં આવ્યો કે જાપાનના કોઈપણ માણસે અશિક્ષિત રહેવું નહિ. રાજ્યની અનેક સગવડો અને મદદોને લઈને માત્ર ૩૦ વર્ષમાં તો ૯૬ ટકા જેટલા પુરુષો અને ૭૮ ટકા જેટલી સ્ત્રીઓમાં શિક્ષણ ફેલાયું. આપણને રાજ્યની મદદ થોડી મળે છે; તો બાકીની મદદ …મોએ પૂરી કરવી જોઈએ છે. કોમીકોમની અલગ સ્કૂલો કરી જુદા …ડવું એ મને ઉચિત લાગતું નથી. કોમોએ માત્ર એટલું જ કરવાનું …ે સાધની સ્કૂલો અને કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપો …આપવી. આપણે લોકો ઘણા ઉમંગવાળા (Over-enthusiasts) …એ. જે કામ પહેલી દૃષ્ટિએ ઠીક લાગ્યું તેમાં જ આંખો મીંચીને …ના ઉડાવવા માંડીએ છીએ, પણ લાભના ટકા જોવા ચોકસના નથી. …ળવણીના પ્રમાણમાં જ ખર્ચ કરવું જોઈએ અને બીજી જરૂરીઆતો …પર પણ લક્ષ આપવું જોઈએ.

વ્યવહારિક શિક્ષણને લગતા વા. મો. શાહના ઉપરના વિ
હજુ કેમ જાણે આજના જમાના માટે ઉચ્ચારાયા હોય એ
અદ્યતન છે, કારણકે તેવા વિચારોનો અમલ હજુ ત્રણ ત્રણ દ
પછી પણ આપણે કરી શકયા નથી.

સ્ત્રી-શિક્ષા સંબંધી પણ એક ઠરાવ પસાર કરવામાં આ
હતો અને તેના અનુમોદનમાં જલંધરના 'કન્યા મહાવિદ્યાલય'માં દ
ધોરણમાં અભ્યાસ કરતી દેવી લજ્જાવતીએ સ્ત્રી કેળવણીની આ
શ્યકતા ઉપર શુદ્ધ હિંદી ભાષામાં અત્યંત છટાદાર
ભાષણ આપ્યું હતું. તેમાંની એક ઉપયોગી કંડિકા નીચે ઉ
લીધી છેઃ—

'જાતિના ઉદ્ધાર માટે જૈનધર્મની આ કોન્ફરંસો મળે છે
જોઈ હું મારી પ્રસન્નતા જાહેર કરું છું. સ્ત્રીયો પુરૂષની અર્ધાંગના છે
તેને જ્ઞાન આપ્યા વગર કોઈપણ દેશની ઉન્નતિ થતી સાંભળી નથી. દે
માટે ઉડતા પોકારથી આકાશ ગાજી ઊઠે છે અને જમીન ખળભળે
જ્યાં હજુ કોઈ એમ વિચારતા નથી કે સ્ત્રીઓને શિક્ષણ આપ્યા
ઉન્નતિ ક્યાં છે? તમે ઉંચે ઉડશો તો તમારી સ્ત્રીઓ તમારા પગે
બાંધી તમને નીચેથી ખેંચી રાખશે. સુખી રાજા રોગગ્રસ્ત હો
જેમ પોતાના મોં પરથી માખી પણ ઉડાડી શકતો નથી તેમ
પોતાને સુખરૂપ માનો, પણ તમે દરદી છો તેથી તમારી ઉન્
કેમ થઈ શકશે? સ્ત્રી શિક્ષા મહાભારતના પહેલાંના સમયથી ચા
આવેલી છે, કંઈ નવી નથી. પુત્રને વિદ્યાદાન દેવા માટે તમે જે
કરિયા ખર્ચો છો અને પુત્રીને ભીન કેળવણીથી ગણી તેના વિ
અંધારો છો. એ એને [illegible] બીજ વાવી આંગણી આડા
[illegible] જ્યાંસુધી સ્ત્રી-કેળવણી માટે મજબૂત ઠરાવ નહિ
ત્યાંસુધી તો [illegible] અહીં ખર્ચતાં બધાં નાણાં બરબાદ છે. ઉન્

ઉંચા શિખરે બેઠેલા આપ અવિદ્યારૂપી નદીમાં તણાતી પુત્રીઓને નહિ ઉગારો તો કેવા કઠોર હૃદયના કહેવાશો ? સ્રીઓની યાદદાસ્ત તેજ હોય છે, બુદ્ધિ તેજ હોય છે, બીન કેળવાયલી સ્રીઓ ક્લેશમાં જીવન ગાળે છે અને 'તમારી જિંદગી ખરાબ કરે છે. માટે તેને કેળવણી આપો અને તમારી સાથે સભામાં તમારી પુત્રીઓ અને પત્નીઓ આવે તેમ કરો.'

આ અધિવેશનમાં છેલ્લું કાર્ય વા. મો. શાહની કદરશનાસીનું હતું. પંજાબના સમસ્ત શ્વે. સાધુમાર્ગી જૈન સંઘ તરફથી મિ. પરમાનંદજી લીડર બી. એ. બી. એલ. તરફથી જાહેર કરવામાં આવ્યું હતું કે 'આખા પંજાબની પ્રાંતિક કોન્ફરંસ મિ. વાડીલાલ મોતીલાલ શાહનો ઉપકાર માને છે. ધર્મ સંબંધી તેમણે કરેલી જાગૃતિથી આખો સમાજ બહુ ખુશી છે. 'જૈનસમાચાર'ના લેખથી અમને બહુ ફાયદો થયો છે અને તેના પ્રયાસથીજ પ્રાંતિક કોન્ફરન્સ ભરવા અમે તૈયાર થયા હતા.' આ શબ્દોથી ખુશી થઈને પ્રમુખ મહોદયે મિ. વાડીલાલને પોતાની પાસે બોલાવી બહુ સારા શબ્દોમાં મુબારકબાદી આપી એક ચંદ્રક આપ્યો હતો. પ્રમુખના માન ખાતર તે વખતે તો તે ચંદ્રક તેઓએ સ્વીકારી લીધો હતો, પરન્તુ થોડીવાર રહીને તે ચંદ્રક પાછો સુપ્રત કરતાં તેમણે સુણાવ્યું હતું કે 'મારી કદર કરવા માટે પ્રમુખ સાહેબનો તથા પંજાબ સંઘનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું, પરન્તુ છેલ્લું કેટલુંક થયાં મેં માનપત્રો અને ચંદ્રકોની રમતોથી છેક જ દૂર રહેવાનો નિશ્ચય કરેલો છે. માણુસને પોતાનું મન જે માન આપે છે તે સૌ માનથી વધારે કિંમતનું છે. બહારથી મળતું માન ઘણી વખતે માન લેનારને ઘણી મુશ્કેલીમાં મૂકી દે છે.' પત્રકારોએ આ વસ્તુને સાચી રીતે સમજવાની જરૂર છે.

૭

પાંચમું અધિવેશન : સિકંદ્રાબાદમાં

[તા. ૧૨-૧૩-૧૪ એપ્રિલ ૧૯૧૩]

સિકંદ્રાબાદ અધિવેશનની પ્રેરણા શ્રી વાડીલાલ શાહે કરી અને તેટલા ખાતર કોન્ફરન્સ તરફથી પ્રગટ થયેલા અહેવાલમાં તેમ સ્વાગતપ્રમુખનાં ભાષણમાં તે મતલબની એક નોંધ પણ લખવામાં આવી હતી. સને ૧૯૧૨ના નવેમ્બર માસમાં શ્રી શાહ હૈદરાબાદ ગયા હતા અને અધિવેશન ભરવા બાબત શ્રી લાલા સુખદેવ સહાયજીની સાથે મસલત કરીને સિકંદ્રાબાદ મુકામે અધિવેશન ભરવું નક્કી કર્યું હતું. અધિવેશનને લગતાં સઘળાં ખર્ચનો ભાર લાલાજીએ પોતાને માથે લીધો હતો અને કાર્યવાહીનો સઘળો ભાર કોન્ફરન્સ ઓફિસે સ્વીકારવો એમ લાલાજીએ તથા વા. મો. શાહે નક્કી કર્યું હતું. એટલું નક્કી થયા પછી તે બાબતના ખબર કોન્ફરન્સ ઓફિસને આપવામાં આવ્યા હતા. કો. ઓફિસનો મુકામ ત્યારે [illegible] ને માસ સુધી ત્યાં રહ્યો હતો. મુનિમહારાજોમાં તપસ્વી મહારાજ [illegible] [illegible] નામના [illegible] મુનિશ્રી અમોલખઋષિજી અધિવેશન [illegible] [illegible] [illegible] હતા. મહારાજશ્રી [illegible] [illegible] [illegible] પ્રતિનિધિઓની [illegible] [illegible] [illegible] પ્રતિનિધિની [illegible] [illegible] [illegible]

આ અધિવેશનનાં પ્રમુખપદ માટેની ચુંટણી માટે ધમાલ થઈ હતી. છેવટે પ્રમુખની પસંદગી માટે વા. મો. શાહને અરજ કરવામાં આવી હતી અને કૉન્ફરન્સ ઓફિસે સૂચવેલાં ત્રણ નામોમાંથી એકની પ્રમુખ તરીકે હા પડાવરાવી ઓફિસને તારથી ખબર આપ્યા ત્યારે ઓફિસે તે નિમણુંક રદ કરી પેલા સદ્‌ગૃહસ્થોનું તેમજ વા. મો. શાહનું અપમાન કર્યું હતું. છેવટે જલગામવાળા શ્રીયુત લછમનદાસજીની પ્રમુખ તરીકે નિમણુંક કરી હતી. આ અધિવેશનમાં સુપ્રસિદ્ધ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનબંધુ પંડિત લાલને હાજરી આપી હતી, એટલું જ નહિ પણ બે ચાર ભાષણો પણ તેમણે આપ્યાં હતાં. સ્વાગત-પ્રમુખ તરીકે લાલા સુખદેવ સહાયજી હતા. પ્રમુખ મહાશયનું ભાષણ સમયોચિત હતું. ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ થવા સારૂ જૈન સૂત્રોની પ્રતોનાં સંશોધનની તેઓએ હિમાયત કરી હતી; ધાર્મિક તેમજ વ્યવહારિક શિક્ષણ સંબંધી વિસ્તારપૂર્વક વિવેચન કરીને તેની ઉપયોગિતા સમજાવી હતી; ઐક્ય પર ભાર મૂક્યો હતો; હાનિકારક રિવાજો તરફ અંગુલિનિર્દેશ કર્યો હતો; નિરાશ્રિતો તરફ અનુકંપા દર્શાવીને જીવદયાના આદેશનું સાફલ્ય સમજાવ્યું હતું.

અહીં એક વાત સમજી લેવા જેવી હતી. રતલામની 'જૈન ટ્રેનિંગ કૉલેજ'માંથી વિદ્યાર્થીઓને નસાડવા બાબતમાં ચોતરફથી ઉહાપોહ થયો હતો. કૉલેજના સત્તાધીશોએ તેમજ અનેક સંઘાડાના મુનિઓએ એ બાબતમાં 'જૈન સમાચાર'માં લખાણો લખ્યાં હતાં, જેને પરિણામે પૂજ્ય શ્રી જવાહરલાલજી મહારાજના અનુરાગીઓ એ 'જૈનસમાચાર'ને તેમજ તેના અધિપતિ વાડીલાલ શાહને દુશ્મન લેખતા હતા. અલબત્ત આ અધિવેશન વખતે તો 'જૈનસમાચાર' યોગનિદ્રામાં પોઢી ગયું હતું, પરન્તુ જવાહરલાલજી મહારાજના ભક્તોએ ને સખત રીતે ઉપાડીને વિદ્યાર્થીઓનાં વર્તનની બાબતમાં મહારાજશ્રીની નિંદાના સાક્ષીન કરવાનું ધાર્યું હતુ અને કૉન્ફરન્સ

મહારાજશ્રીને નિર્દોષ જાહેર કરવા તેમજ સદરહુ લખાણો
દોષિત જાહેર કરવા એ મતલબની હીલચાલ મહારાજશ્રીન
ઉપાડી હતી. આવી વસ્તુસ્થિતિ હોવાથી સબ્જેક્ટ કમિટિન
તમાં જ ભાષણ કરતાં જણાવ્યું હતું કે:—

ગૃહસ્થો ! દક્ષિણના ભાઈઓ કોન્ફરન્સ જેવાં કા
અજાણ્યા હોવાથી અને આ વખતે મોટે ભાગે દક્ષિણના સ્વ
ની જ હાજરી હોવાથી, કોન્ફરન્સ શું છે-શા આશયથી સ્થ
-આજ સુધીમાં તેણે કેટલી પ્રગતિ કરી છે અને હવે એને
બનાવવા માટે શું કરવું જરૂરનું છે એ સંબંધમાં થોડીક પ્ર
સૂચનાઓ આ કમિટિને આપવી જરૂરની છે કે જેથી વ્યવહાર
કર્યાનો જશ તમો ભાઈઓને મળે. આપણા લોકો ધનવાન છે,
શિક્ષિત નહિ હોવાથી શું કરવું જરૂરનું છે અને કેવી રીતે કરવું જ
છે તેનો ખ્યાલ તેમને ઓછો આવે છે. જ્યાં સુધી હાનિકારક રિ
પ્રચલિત રહે ત્યાં સુધી અમુક પ્રકારની સમાજ-સુધારણા પણ અટ
બને છે. એટલા ખાતર જે કંઈ કરવા જેવું છે તે વિદ્યાના પ્રચ
વારને શરૂ કરાવવાં 'વિદ્યોત્તેજક ફંડ'ને મજબુત બનાવવાનું છે.
આ જગ્યાએ એક ઓર સૂચના કરવાનું હું ઉચિત સમજું છું કે મુનિ
શ્રી જવાહરલાલજી મહારાજના સંબંધમાં દક્ષિણમાં જે અશાન્તિ
ફેલાઈ રહી છે તે અશાન્તિના સ્થાને, વિદ્યાપ્રચાર તેમજ ધર્મ
દારનાં ઉત્તમોત્તમ તેમજ મહાપવિત્ર કામમાં લાવશો તે ઠીક નહિ
મુનિઓની બાબતમાં [illegible] આપવો કે કાંઈ [illegible] કરવો તે [illegible]
એની મના અને [illegible] બહારનું કામ છે. વળી આજે એક મુનિ
[illegible] એક [illegible] કરશે તો [illegible] બીજા આપ્યો પણ [illegible]
[illegible] કોન્ફરન્સનાં [illegible] તરફ દૃષ્ટિ રાખીને હું તમો [illegible]
[illegible] મંદિર [illegible] હમણાં હું એક [illegible]
[illegible] વસ્તુસ્થિતિ અને કોમનું [illegible]

વિચારીને હું કહેવા તત્પર છું કે મહારાજની બાબતમાં જે કાંઈ અનેક મુનિઓ તરફથી, કોલેજના હોદ્દેદારો તરફથી તેમજ બીજાઓ તરફથી લખવામાં આવ્યું છે તે સર્વનો દોષ—જો તે દોષ હોય તો—મારે શિર લઉં છું અને હું મારી જ ખુશીથી વિદ્વાન મહારાજશ્રીને ક્ષમાવવા જવા તૈયાર છું. મહારાજ સાહેબ વિદ્વાન છે એમ તો હું અનેક વખત મારા પેપરમાં જણાવી ગયો છું. તો મને શ્રદ્ધા છે કે જે પેપરમાં તેમના સંબંધી (કોલેજના વિદ્યાર્થીઓને નસાડવા સંબંધમાં) જુદી જુદી વ્યક્તિઓએ લેખો પ્રસિદ્ધ કરાવ્યા છે તે પેપર આજે બંધ છે, અને તે તે પેપરનો માલીક પોતે મહારાજશ્રીને ક્ષમાવવા અને સર્વના દોષ પોતાને શિર લઈ બદલામાં શાન્તિ તથા કોન્ફરન્સ માતા માટે પુષ્ટિનું દાન માગે છે; અલબત્ત એમ કરવામાં તેની લાગણીઓ કેટલી ચીરાય છે તે તે પોતે જ જાણે છે. પરન્તુ કોન્ફરંસનું હિત વિચારતાં, તે આ પગલું ભરવા પોતાની રાજીખુશીથી તૈયાર થાય છે, એવી સમજથી કે તમો સદ્ગૃહસ્થો સામો સંતોષ જણાવી હમણાં જ થયેલી રૂ. ૬૦૦૦ની શાસ્ત્રોદ્ધારક ફંડની રકમને આગળ વધારવા કૃપા કરશો.'

વાડીલાલ શાહના એવા અણધાર્યા શબ્દોની સબ્જેક્ટસ કમીટી પર ખાસ અસર થઈ હતી અને તેઓએ તેમના માથે સઘળો દોષ મૂકવા જેવો ગુન્હો કરવા નાખુશી બતાવી હતી અને વા. મો. શાહના વિવેક માટે તારીફ કરીને એક ખાસ કમીટી નીમીને મહારાજશ્રીની નિર્દોષતા જાહેર કરવાનું કામ તેને સુપ્રત કરવામાં આવ્યું અને ખરેખર આ અધિવેશનમાં એ કમીટીએ એવી મતલબનો ઠરાવ પસાર કરાવ્યો હતો કે 'ઇંદોર કે બાજન મેં શરૂઆતમેં જો લેખ કોલેજ સેક્રેટરી મિ. કેશરીચંદજી ભંડારી વ કોલેજ કે પ્રિન્સિપલ મિ. પ્રિતમલાલજી કચ્છી કે જો લેખ પ્રસિદ્ધ હુવે હૈ ઉનકો પઢનેસે વ દૂસરે કઈ જગહોંને મેં વ હકીકત સુનનેસેં વિદ્યાર્થીઓકો ભગાને કા જો આરોપ મહારાજ સાહેબ શ્રી મોતીલાલજી વ જવાહરલાલજી

મહારાજ પર સાબીત નહી હોતા હૈ ઈસ લિયે યહ કમિટિ શ્રી મહા-
રાજ સાહેબ કો નિર્દોષ ઠહરાતી હૈ.'

પંડિત લાલને ધાર્મિક શિક્ષણ તેમજ વ્યવહારિક કેળવણી પર સારો પ્રકાશ પાડયો હતો અને શ્રી વનેચંદ રાજપાલની પુત્રી બહેન જ્વલે 'શિક્ષણ' પર ઉત્તેજક શબ્દોમાં ભાષણ આપ્યું હતું. આ ઉપરાંત ધ્યાન ખેંચે તેવો એક ઠરાવ પસાર થયો હતો અને તે કોન્ફરન્સને દઢ બનાવવાને લગતો હતો. તે ઠરાવ શ્રી વા. મો. શાહે રજુ કરી હિંદી ભાષામાં લંબાણપૂર્વક વિવેચન કરીને કોન્ફરંસ તરફ અજ્ઞાનવર્ગ તેમજ વિદ્વાનો તરફથી જુદા જુદા આક્ષેપો કરાતા હતા તેના ખુલાસા આપ્યા હતા તથા એક વર્ગને બુદ્ધિપૂર્વક હિતાહિત વિચારવાની અને બીજા વર્ગને શ્રદ્ધા તથા આત્મભોગ આપવાનું શિખવાની અરજ કરી હતી. છેવટે મહારાજ શ્રી જવાહરલાલજીની બાબતમાં સૌને ધારવા કરતાં પણ વધારે સંતોષ અપાઈ ગયાની યાદ આપીને તેમણે જણાવ્યું હતું કે 'ઉનાળામાં સખત તાપ પછી જેમ મેઘરાજાની પધરામણી ઠંડી અવશ્ય થાય છે તેમ કજીયાના ઉકળાટ પછી સમાધાનના વરસાદ વડે સંઘમાં શીતળતા થવા દો!' પંડિત લાલને પણ અસરકારક ભાષામાં એ અપીલનું સમર્થન કર્યું હતું. પરિણામે આશરે રૂા. ૩૨૦૦૦નું ફંડ થવા પામ્યું હતું.

એ રીતે સિકંદ્રાબાદ અધિવેશનની સમાપ્તિ થતાં પ્રમુખ મહાશય શ્રી ગોકળદાસ રાજપાળ તથા શ્રી સાકુબાઈ નારણદાસની સંસ્થા શ્રી વાડીલાલ મોતીલાલ શાહે મહારાજ શ્રી જવાહરલાલજીનાં હિંસાર્થ પુના મુકામે જનતે તેઓશ્રીને મનોરથ આપ્યો હતો. અને એ પ્રેમ કે આપણા સમાજની એક કરુણ કથની પર પડદો પડતો હતો.

૮

નિરુત્સાહી વાતાવરણનો દશકો

[ઇ. સ. ૧૯૧૩ થી ઇ. સ. ૧૯૨૩]

કૉન્ફરન્સની સ્થાપનાની શરૂઆતનાં વરસો દરમ્યાન સ્થાનકવાસી જૈનોમાં ઉત્સાહનો ઉભરો આવ્યો હતો. તે ઉભરો વખત જતાં ઓસરતો ગયો. પહેલાં ત્રણ અધિવેશન વખતે એ ઉભરામાં ઓટ આવેલી દેખાતી નહોતી, પરન્તુ જલંધર–અધિવેશન તેમજ સિકંદ્રાબાદ અધિવેશન સમયે એ ઉત્સાહના ઉભરામાં સારી સરખી ઓટ આવેલી જનસમાજે જોઈ હતી. અને પછીના વચગાળાના એક દશકામાં એ ઓટમાં ખૂબ જ વધારો થવા પામ્યો, તે એટલે સુધી કે સમસ્ત ભારતવર્ષના સ્થાનકવાસી જૈનો તેમની એક મહાસભાને જાણે ભૂલી ગયા હોય એવું વાતાવરણ પ્રસરી ગયું. આ પરિસ્થિતિ સને ૧૯૨૫ ની સાલમાં મલકાપુર અધિવેશન ભરાયું ત્યાં સુધી રહેવા પામી. એ તેર વર્ષના ગાળામાં અમુક અમુક સમયને અંતરે જનરલ કમીટી કે મેનેજિંગ કમીટીની બેઠક ભરવામાં આવતી હતી, જે વખતે ગણ્યા ગાંઠ્યા એટલે આંગળાને વેઢે ગણી શકાય એટલા સભ્યોની હાજરી રહેતી હતી અને વાતાવરણને વધારે નિરુત્સાહી બનાવતી હતી.

અલબત્ત, એ બાર–તેર વર્ષના ગાળા દરમ્યાન મેનેજિંગ કમિટીની અપવાદ રૂપ એક બે મિટિંગ ભરવામાં આવી હતી. અને એક મિટિંગ અમદાવાદ મુકામે સને ૧૯૧૭ના એપ્રિલ માસમાં તા. ૭ થી ૧૦ સુધીના ત્રણ દિવસમાં ભરવામાં આવી હતી. એ બેઠકમાં કેટલાક ઉપયોગી ઠરાવો કરવામાં આવ્યા હતા, જેમાંનો સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો કોન્ફરન્સને સંગીન બનાવવા માટે કોન્ફરન્સ ઓફિસની સુવ્યવસ્થાને લગતો હતો. તે ઠરાવ પર સુધારાની દરખાસ્ત શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહે નીચે મુજબ મૂકી હતીઃ—

"કોન્ફરન્સ ઓફિસ અને કોન્ફરન્સ અંગે ચાલતી તમામ સંસ્થાઓનો હું નીચેની શરતોએ બે વરસ મારા હસ્તક પરન્તુ આખા હિંદના માનવંતા આગેવાનોની દેખરેખ નીચે કરવા ઇચ્છા રાખું છું તે શરતો નીચે મુજબ છેઃ—

૧. કોન્ફરન્સ પાસે જુદા જુદા ખાતાંની જે રકમો હાલ સિલિકમાં છે તે તે રકમોને મારા બે વર્ષના વહીવટ દરમ્યાન મારે હાથ અડાડવો નહિ અને તે કુલ રકમ હાલના સત્તાધારી મહાશયો પોતાની મરજી પડે ત્યાં વ્યાજે મુકશે અને તે વ્યાજ મૂડીમાં ઉમેરતા જશે.

૨. બે વર્ષ સુધી કોન્ફરન્સ ઓફિસ તથા ટ્રેનિંગ કોલેજ અમદાવાદ ખાતે રહેશે અને તેના ખર્ચ માટે હું નવી આમદાની [illegible] કરી શકું તો મારા પદરને ખર્ચે તે સંસ્થાઓ ચલાવીશ. તેમજ મુંબઈની બોર્ડિંગ પણ મારી જોખમદારીથી ચાલુ રાખીશ.

૩. અમદાવાદ ખાતે એક નવી બોર્ડિંગ [illegible] [illegible] ખર્ચે [illegible]. જેને માટે રૂ. ૧૮૦૦૦ નું મકાન [illegible] [illegible] બોર્ડિંગમાં બે વર્ષનો ખર્ચ જેટલી રકમ [illegible] [illegible]. આ સંસ્થા કોન્ફરન્સથી સ્વતંત્ર રહેશે.

૪. કોન્ફરન્સનું પ્રેસ તથા પેપર અમદાવાદ ખાતે બે વર્ષ સુધી રહેશે અને વ્યવસ્થા હું કરીશ.

રંગુનથી શ્રી સી. વી. ગલિયારા, ડેરાઇસ્માઇલખાનથી શ્રી રાવ
સાહેબ ગોપીચંદજી, અજમેરથી પંડિત અર્જુનલાલજી શેઠી.
હરદોઈથી શ્રી બાબુ ચંપતરાય જૈન, બેરિસ્ટર, ઝાલરાપાટણથી પંડિત
ગિરિધરલાલજી શર્મા, દેવગામથી પંડિત લાલન, શ્રી ન્હાનાલાલ
દલપતરામ કવિ, રાજકોટથી શ્રી મણિલાલ ઉકાણી, કચ્છ માંડવીથી
શ્રી લક્ષ્મીદાસ રવજી તેરસી, ખંડવાથી બ્રહ્મચારી શીતલપ્રસાદજી,
વર્ધાગંજથી શ્રી ચિરંજીલાલ જૈન, કોટાથી શ્રી પ્રતાપમલ બાંઠીયા
અને તે સિવાય બીજા અનેક સ્થાનકવાસી જૈનો તેમજ જૈન સંસ્થાઓ
તરફથી સહાનુભૂતિના તારો અને પત્રો આવ્યા હતા. આટલી સંખ્યામાં
જૈનો તેમજ જૈનેતરો તરફથી સહાનુભૂતિના સંદેશા કોઈ પણ અધિ-
વેશનમાં આવવા પામ્યા નહોતા. એ વસ્તુ એક વાત અવશ્ય પુરવાર
કરતી હતી કે શ્રી વાડીલાલ શાહના જુના સંબંધીઓ, સ્નેહીઓ અને
મિત્રો તેમના પ્રમુખપણાં નીચે ભરાયેલાં અધિવેશનમાં કોઈ વિશિષ્ટ
પ્રકારનુ સમાજોત્કર્ષનુ કાર્ય થશે એવી અભિલાષા સેવી રહ્યા હતા.
પરન્તુ તેમને ખબર જ નહોતી કે સ્થાનકવાસી જૈન સમાજથી એ
કિસ્મતનુ તેજ જીરવી શકાય તેમ નહોતું.

× × ×

વિજયાદશમીનો એ દિવસ હતો. પ્રકાશ અને શક્તિનો. [illegible]
[illegible] હતે. [illegible] Will-to-conquerના

'એને સુધારો અને લોકોની શ્રદ્ધા એના તરફ આકર્ષાય એવું કરો!' મેં જ્યારે કહ્યું કે 'માણસ પોતે સુધરે નહિ ત્યાં સુધી માણસોની કોન્ફરંસ હોઈ શકે જ નહિ,' ત્યારે મને કહેવામાં આવ્યું કે 'માણસને સુધારવા કમર કસો! મેં જ્યારે કહ્યું કે 'એ કામ કાંઈ વાતો કરવાથી થતી શકતું નથી, એને માટે તો યોજના, માનસશાસ્ત્રીઓનો સહકાર અને અખતરાઓ પાછળ લાખોના ખર્ચની સગવડ જોઈએ.' ત્યારે મને કહેવામાં આવ્યું કે 'પહેલી બે ચીજો તમારે શિરે અને ત્રીજી ચીજ બાબતની દરકાર અમને સોંપો.'

તત્પશ્ચાત્ એક સર્વદેશીય યોજના તૈયાર થઈ. મુંબઈ અને બિકાનેરના નેતાગણે તે યોજના વાંચી, વિચારી, ચર્ચી અને ઉત્તમોત્તમ તરીકે સ્વીકારી. બિકાનેરમાં વગર અરજે બે લાખનું ફંડ થયું. ઉપરાંત એક વ્યક્તિએ વાર્ષિક દશ હજાર આપવા કહ્યું. બીજી એક વ્યક્તિએ એક લાખની જોખમદારી પોતાને શિર લીધી. એક પ્રેસનું વચન અપાયું. વધુ બે લાખ સહજાસહજ મળવા પામે એટલા ખાતર જ વિદ્વાન આચાર્યશ્રીનું ચાતુર્માસ ખતમ થવા પહેલાં જ કોન્ફરંસનું અધિવેશન કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. જો કે તેમ કરવાથી સાતમી અને આઠમી કોન્ફરંસ વચ્ચે માત્ર નવ માસ જેટલો જ ગાળો રહેતો હતો.

આ બધું પ્રત્યક્ષ જોયા છતાં મુંબઈ અને બિકાનેરના આશયની સચ્ચાઈ બાબત શંકા કરું એટલો બધો 'નાસ્તિક' મને હજી તત્વજ્ઞાને બનાવ્યો નહોતો. મેં સઘળી વાત માની અને નૂતન માનવસૃષ્ટિ રચવાની એક તકના લોભે તેની કિંમત ભરવા તરીકે પ્રમુખપદ સ્વીકાર્યું. ત્યારબાદ તો વીજળીની ઝડપથી સૂક્ષ્મ લોકમાં અનેક ઘટનાઓ બની ગઈ. ઈર્ષાની કંઈ કંઈ છૂપી જ્વાળાઓ બેઠી. લોગપત્રો ઇતંત્રનાથી કંઈ કંઈ ભૂલો કરી. સર્વની સ્થિતિ મુંઝવણભરી બની. કોન્ફરંસ ભરાવા જ ન પામે અને ભરાય તો તૂટ્યા વગર ન રહે

અનુભવ ધરાવતા જૈન શાસ્ત્રકારોએ એક નેતાના મ્હોંમાં એક કિંમતી સૂત્ર મુકયું હતું કે 'णो लोगस्सेसणं चरे' અર્થાત્ લોકોના માર્ગે નહિ પણ સ્વતંત્ર રીતે કરાતા દેશકાળાદિના ઉંડા મનન વડે સૂઝતા માર્ગે ચાલવાથી જ મનુષ્યજાતિને વધુ ને વધુ હિત પહોંચાડી શકાય છે, અને મનુષ્યજાતિનું હિત વ્યકિતના હિતથી સંકળાયલું છે. જગતની દરેક ચીજ અને ઘટના એકબીજાથી સંકળાયલી છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચારથી બનેલા જગતમાં જે કાંઈ જોવાય છે, કરાય છે, અનુભવાય છે તે બધું અપેક્ષિત હોય છે. એ ચાર તત્ત્વો પણ એક-બીજાની અપેક્ષા પર જ અસ્તિત્વ ધરાવે છે. આમ હોઈ મેં સમાજના અને મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અવલોકન કરવા માટે તમારી સાથે ત્રીશ ત્રીશ વર્ષ સુધી પ્રવૃત્તિક્ષેત્રમાં સતત દોડ્યા પછી, થોડો ફુરસદનો વખત મેળવ્યો હતો. ત્રીસ વર્ષની ક્રિયાશીલતાનું એ 'પ્રતિક્રમણ' હતું. અને પ્રતિક્રમણે મને નવો પ્રકાશ તથા નવી શક્તિ બક્ષ્યાં. તેથી જ્યારે ગઈ સાલ ઘર આંગણે જ એટલે મુંબઈમાં કોન્ફરંસનું અધિવેશન થયું અને તેમાં ભાગ લેવા મને આમંત્રણ કરવામાં આવ્યું ત્યારે મેં સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે મને કોન્ફરંસમાં શ્રદ્ધા નથી. મુંબઈ અધિવેશન પ્રસંગે તે પછીના અધિવેશન-(બિકાનેર)નું આમંત્રણ મળ્યું હતું તે તો તમે જાણો છો. મુંબઈ અને બિકાનેરના કાર્યવાહકોએ, હજી તો મુંબઈ અધિવેશન ખતમ થયાને પૂરા આઠ માસ થવા નહોતા એટલામાં, મારાં જંગલનાં એકાંતમાં મધ્યરાત્રિએ ઉપસગીરી કરી અને બિકાનેર કોન્ફરંસનું પ્રમુખપદ સ્વીકારવા દબાણ કર્યું. મારો મિત્ર નિત્ય કહેતો કે જ્ઞાન પચાવવાને માટે પણ લોકોની મંજુરી જોઇએ;-અને મને વિશેષ અનુભવ થયો કે એકાંત સેવવામાં પણ લોકોની પરવાનગી જોઇએ ! આ 'જુલમ' ને વળી 'પ્રેમ' એવું મીઠું નામ આપવામાં આવે છે ! મેં ઘણીયે દલીલો કરી, પણ તે કામ લાગી નહિ ને જ્યારે કહ્યું કે 'કોન્ફરંસમાં મને શ્રદ્ધા નથી.' ત્યારે મને જવાબ દેવામાં આવ્યો કે

'એને સુધારો અને લોકોની શ્રદ્ધા એના તરફ આકર્ષાય એવું કરો!' મેં જ્યારે કહ્યું કે 'માણસ પોતે સુધરે નહિ ત્યાં સુધી માણસોની કોન્ફરંસ હોઈ શકે જ નહિ,' ત્યારે મને કહેવામાં આવ્યું કે 'માણસને સુધારવા કમર કસો! મેં જ્યારે કહ્યું કે 'એ કામ કાંઈ વાતો કરવાથી બની શકતું નથી, એને માટે તો યોજના, માનસશાસ્ત્રીઓનો સહકાર અને અખતરાઓ પાછળ લાખોના ખર્ચની સગવડ જોઇએ.' ત્યારે મને કહેવામાં આવ્યું કે 'પહેલી બે ચીજો તમારે શિરે અને ત્રીજી ચીજ બાબતની દરકાર અમને સોંપો.'

તત્પશ્ચાત્ એક સર્વદેશીય યોજના તૈયાર થઈ. મુંબઈ અને બિકાનેરના નેતાગણે તે યોજના વાંચી, વિચારી, ચર્ચી અને ઉત્તમોત્તમ તરીકે સ્વીકારી. બિકાનેરમાં વગર અરજે બે લાખનું ફંડ થયું. ઉપરાંત એક વ્યક્તિએ વાર્ષિક દશ હજાર આપવા કહ્યું. બીજી એક વ્યક્તિએ એક લાખની જોખમદારી પોતાને શિર લીધી. એક પ્રેસનું વચન અપાયું. વધુ બે લાખ સહજસહજ મળવા પામે એટલા ખાતર જ વિદ્વાન આચાર્યશ્રીનું ચાતુર્માસ ખતમ થવા પહેલાં જ કોન્ફરંસનું અધિવેશન કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. જો કે તેમ કરવાથી સાતમી અને આઠમી કોન્ફરંસ વચ્ચે માત્ર નવ માસ જેટલો જ ગાળો રહેતો હતો.

આ બધું પ્રત્યક્ષ જોયા છતાં મુંબઈ અને બિકાનેરના આશયની સચ્ચાઈ બાબત શંકા કરું એટલો બધો 'નાસ્તિક' મને હજી તત્વજ્ઞાને બનાવ્યો નહોતો. મેં સઘળી વાત માની અને નૂતન માનવસૃષ્ટિ ઘડવાની એક તકના લોભે તેની કિંમત ભરવા તરીકે પ્રમુખપદ સ્વીકાર્યું. ત્યારબાદ તો વીજળીની ઝડપથી સૂક્ષ્મ લોકમાં અનેક ઘટનાઓ બની ગઈ. ઈર્ષાની કંઇ કંઇ છૂપી જ્વાળાઓ બેઠી. બીજાપણું પરતંત્રતાથી કંઈ કંઇ ભૂલો કરી. સર્વની સ્થિતિ મુંઝવણભરી બની. કોન્ફરંસ ભરાવા જ ન પામે અને ભરાય તો તૂટ્યા વગર ન રહે

એટલી હદની રમતો રમાઈ ગઈ. ઘડતરકલાનાં સ્વપ્ન તો દૂર રહ્યાં પણ હવે તો કોન્ફરંસને બચાવી લેવી એ જ કર્તવ્ય બન્યું. ઉઘરાવી રાખેલી રકમમાંથી તાબડતોબ એક સ્થાનિક ઉદ્યોગશાળા ખોલી દેવામાં આવી. જનતાના નિશ્ચયોનું મૂલ્ય હવે મને સ્પષ્ટ થયું. મારી સર્વ-દેશીય યોજના મુજબનું મિશન એ કાંઈ મારી પોતીકી માંગણી નહોતી, પણ જનતાએ પ્રમુખપદ માટે મને કરેલી અરજ સામે મેં ધરેલી શરત રૂપ હતી. અને એ શરત પણ જનતાના કલ્યાણ અર્થે જ હતી; મારે તો ઘરના રોટલા ખાઈને રાત્રિદિવસ સખતમાં સખત મજુરી કરવાની હતી. તેથી, પાછળની ઘટનાઓથી મને પોતાને તે ખેદ થવાનું કારણ જ નહોતું. અને કોન્ફરંસ માટે ઉભી કરાયલી મુશ્કેલીઓ પણ મને તો દરકાર કરવા જેવી લાગી જ નહોતી. આટલી મોટી હાજરી અને દબદબા સાથે બિકાનેર કોન્ફરંસ મળવા પામી છે એ જ મારાં કથનની સચ્ચાઈનો પુરાવો છે. હવે એ કોન્ફરંસને નીરોગી અને પ્રગતિશીલ બનાવવી એ જોખમદારી તમારી છે. હું કદાપિ આજ્ઞા કરનાર બન્યો નથી; વીસ ત્રીસ વર્ષના જાહેર જીવન દરમ્યાન કોન્ફરંસનો ઓફિસબેરર કે સભ્ય સરખોય હું બન્યો નથી, જો કે એને જન્મ આપવામાં, પોષવામાં, અસાધ્ય બિમારી વખતે ઉપચાર કરવામાં અને સાધનસંપન્ન બનાવવામાં વધુમાં વધુ ફાળો આપતો રહ્યો છું. અત્યારે મારું હાજર થવું સ્વેચ્છાપ્રેરિત નથી, તેમ કોન્ફરંસમાં શ્રદ્ધા હોવાના પરિણામ રૂપ પણ નથી. પણ તમારી બાબતમાં કાંઈ તેમ નથી. તમને તો કોન્ફરંસમાં શ્રદ્ધા છે અને સ્વેચ્છાથી જ હાજર થયા છો. એ સંજોગોમાં તમારે માથે કોન્ફરંસને વિજયી બનાવવાની જોખમદારી અવશ્ય રહેલી છે. એ વિજય તમારો એકલાનો જ નથી, પણ તેમાં આખા સમાજનો [illegible]. હું તો ફક્ત તમારો પ્રતિનિધિ જેવો [illegible]. હું તમને આજ્ઞા કે માર્ગસૂચન પણ કરતો નથી [illegible] કાર્ય તમે સર્વાનુમતે કરશો તેને [illegible] પૂરી જ મારી [illegible] સમજજો [illegible], તેના

...ના મારા . પ્રત્યેના અસાધારણ ચાહ તથા શ્રદ્ધારૂપી આંતરિક ...ક્તિને ઉપયોગમાં લઇ હું તમારા આત્માને જગાડનાર થઈ પડું એ ...જુદી વાત છે. પણ તે તો, કોઇની ઇચ્છાથી નહિ પણ કુદરતી રીતે ...બનવા પામે છે. મારા આધ્યાત્મિક માર્ગને બંધબેસતો આ માર્ગ ...સ્વીકારવાથી વળી હું હાલના મારા સંજોગોને પણ વધારેમાં વધારે ...સારી રીતે પહોંચી વળી શકીશ. આ કારણથી જ હું પ્રેસિડેન્સ્યલ ...મેસેજ છપાવી કે લખી લાવ્યો નથી. હું નથી ધારતો કે તમને ...ભાષણોની જરૂર હોય. તમને જરૂર છે આંતરિક બિમારીઓ શોધી ...કાઢવાની અને તેને ડૉક્ટરી કુનેહથી દૂર કરવાની. સૌથી પ્રથમ Central power અને તેના ધારાધોરણની ચિકિત્સા કરવી જોઇશે. ...સત્તાધારી ખાતર સમાજ નથી, પણ સમાજ ખાતર સત્તાધારી છે, ...એટલું જો સ્વીકારી શકતા હો તો સમાજના આરોગ્ય અને વિકાસના ...પ્રશ્ન આગળ બીજા બધા પ્રશ્નોને ગૌણતા આપજો. વળી એ ...પણ ભૂલતા નહિ કે 'સત્તા' અને 'જોખમદારી' એ બન્ને ...સહેલીઓ હાથ સાથે હાથ નાખીને ચાલે તો જ સમાજનું ...આરોગ્ય જળવાઈ શકે. જોખમદારીના ભાન વગર સત્તા મેળવવા ...પકડી રાખવા ઇચ્છનાર સમાજનો ભક્ષક બનવાનો, અને સત્તાની ...ગેરહાજરીમાં કોઇના ઉપર જોખમદારી નાખવાથી કાર્યશક્તિ ફોગટ ...વપરાઈ જવાની. જોખમદારી વગર સત્તા ઇચ્છવી એ વ્યક્તિને થતો ...રોગ છે, અને સત્તા આપ્યા વગર કોઇને જોખમદાર ઠરાવવો એ ...સમાજને લગતી બિમારી છે. બન્ને બિમારીઓ અનિષ્ટ છે, અને ...કોઈ રીતે–જુલાબથી કે શસ્ત્રક્રિયાથી–દૂર કરવામાં જ મનુષ્યજાતિનું ...હિત છે. સ્વદયા તેમજ પરદયા બન્નેનો એમાં સમાવેશ થાય છે. રોગ ...ને નિર્બળતા માત્ર પર જય મેળવવો એ જ તો 'જૈન' માત્રનું ધ્યેય' ... જેઓ એક સમાજનો રોગ કાઢી શકતા નથી તેમના મ્હોંમાં ...ની પરતંત્રતા કાઢવાની વાતો શોભતી નથી. જેઓ પોતાને દાટવા ...નું ધન ધરાવવા છતાં એકાંત બેસી મનન કરી શકતા નથી તેઓ

વિરાગ અને જ્ઞાનની વાતો કરી માત્ર ધર્મને વાયડો બનાવે છે, સમા-
જને મૂર્ખ બનાવે છે અને પોતાને ઠગે છે. ધન, કીર્તિ, સત્તા ઇત્યા-
દિનો અનુભવ લઈ 'તૃપ્ત' બની તેઓથી 'બેદરકાર' બનવું એમાં જ
ખરું આરોગ્ય છે; તેને બદલે એ ચીજોને કીડાની માફક વળગી રહી
આકાશગામી ત્યાગ અને તત્વજ્ઞાનની ડંફાશો મારવી એ ઘણાખરા
નેતાઓનો રોગ થઇ પડ્યો છે. 'સાચું' નેતૃત્વ જ આજે પ્રાયઃ રહેવા
પામ્યું નથી. પૈસો કમાવી કે જાળવી જાણનાર પોતાને સર્વજ્ઞ માને
છે અને રાજદ્વારી, સામાજિક, વિદ્યાવિષયક, ધર્મવિષયક તેમજ તત્વ-
જ્ઞાનવિષયક બાબતોમાં પણ—લેશ પણ અભ્યાસ વગર—પોતાને સત્તા
સમાન મનાવવા ઇચ્છે છે. એ સત્તાલોલુપીપણું સમાજમાં અંધાધૂંધી,
જોહુકમી, ઈર્ષા, પ્રપંચ, જૂથબંધી, મૂળ વગરની ખટપટો ઇત્યાદિ બલા-
ઓને જન્મ આપનાર થઈ પડે જ. આવા રોગો વખતે જ ક્ષત્રિયોએ—
ધીરવીર પુરુષોએ—જૈનધર્મ સ્થાપ્યો હતો અને કોમી બંધારણો કે જ્યાં
તે રોગોનું ઘર હતું તેમના પર કુઠાર ચલાવી ગુણશક્તિઓની એકતા
રચી હતી. ગમે તે દેશ કે ગમે તે કોમની, પણ સમાન ગુણ ધરાવતી
ધીરવીર વ્યક્તિઓ વચ્ચેનું સ્વાભાવિક ઐક્ય એથી બનવા પામ્યું હતું.
જેને 'સધર્મી'પણું કહેવાતું હતું. આજે એ સધર્મીપણું ભૂલાઇ જઇને
સ્વધર્મીપણુ નામનો વાડો ફરી બંધાયો છે, અને તેથી જ રોગી નેતા-
પણું જન્મ પામ્યું છે. આજે એક લક્ષપતરાય જૈનવાડામાં પડ્યા
રહેવામાં પોતાની તનદુરસ્તી જોખમાવવી માની વધુ તનદુરસ્ત
વાતાવરણ [illegible] લે છે. આજે એક અભ્યાસી જૈન સમાજમાં પોતાને
સત્તા અને માનપાન મળવા છતાં નિવાંજલિ આપવામાં જ પોતાનું
આરોગ્ય માને છે. આજે હવે એક જર્મન કે [illegible] જૈન તત્વજ્ઞાનને
અપનાવે અને જૈન સમાજમાં [illegible] વ્યક્તિઓ [illegible]
Passive [illegible] જૈન સમાજને [illegible] અને
[illegible]
[illegible] તનદુરસ્ત [illegible]

હોય. યુરોપિયનો જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાંથી ભેજ અને ઝેરી વાતાવરણને દૂર કર્યાં છે. એનું કારણ એમની અંદરની તનદુરસ્તી છે. આપણે પોતે જો તનદુરસ્ત હોઇએ તો આસપાસનું વાતાવરણ સડેલું હોય એ સહન જ ન કરી શકીએ.

સુખ ઇચ્છતા મનુષ્યે અને સમાજે સૌથી પ્રથમ તો પોતાનું રોગીપણું જાણવું જોઇએ, અને પછી એ રોગીપણું ફીટાડવાનો દૃઢ સંકલ્પ કરવો જોઇએ. એવાં જાણપણા તથા સંકલ્પબળ વગર કોઇની મુક્તિ થઇ શકતી જ નથી. ધન્વન્તરી પોતે પણ એવા સંકલ્પ વગરના માણસને કે સમાજને આરોગ્ય આપવા અશક્ત થઇ પડે. જાણપણા અને સંકલ્પબળ વગરના મનુષ્યોની કોન્ફરંસ આદિ પ્રત્યેક પ્રવૃત્તિ બકરીના ગળે લટકતા આંચળ જેવી નિષ્ફળ છે. કોન્ફરંસ શબ્દ જ એ બે ગુણો માગી લે છે. સાથે ચાલવાનો સંકલ્પ હોય તો જ કોન્ફરંસ ભરવી જોઇએ, અને સાથે ચાલવાનું ત્યારે જ બની શકે કે જ્યારે બધાને પોતાના રોગનું ભાન થવા પામ્યું હોય અને રોગ કાઢવાની ધખશ પ્રગટી હોય અર્થાત્ પ્રથમ આંતરૂદૃષ્ટિ થવા પામે તો જ ખરે રસ્તે અને સહકારપૂર્વક ગતિ કરવાનું શક્ય બને. માત્ર તારીફના ભૂખ્યા લોકોનાં એકઠાં મળવાને કાંઇ 'કોન્ફરંસ' ન કહેવાય.

મહાત્મા ગાંધીજીએ ઘણું જ કહ્યું છે અને લખ્યું છેઃ પણ હમણાં આપણા ઉપર તેઓએ મોકલેલા તાર દ્વારા તેમણે 'કોન્ફરંસ'ની જે વ્યાખ્યા કરી છે તેના જેવી ગંભીર રચના તેમણે બીજી કોઇ ભાગ્યે જ કરી હોય. તેઓ અજાણતાં 'સૂત્ર' રચી જાય છે. તેઓ કોન્ફરંસ તેને કહે છે કે જેમાં આંતરૂદૃષ્ટિવાળી વ્યક્તિઓનું સદ્દગમન હોય. શરીરોનું જૂથ નહિ, અંતઃકરણનો સહકાર એ જ કોન્ફરંસ; પણ આજે આપણી બધાની પ્રવૃત્તિઓ બાહ્ય છે. મંડપ, ભાષણ, ઠરાવ, ફંડ, ધૂમધામ એને આપણે 'કોન્ફરંસ' કહીએ છીએ. આંતરૂદૃષ્ટિ (Introspection) કરવાની આપણને ફુરસદ કે ગરજ નથી. આ બહારની પરની ધમાલથી આપણે કોઇ કલ્પિત મુક્તિ મેળવવાની

આશા રાખીએ છીએ! આપણી એ આશા કદાપિ ફળી નથી અને ફળવાની પણ નથી, પણ આપણી મૂર્ખાઈનો લાભ લઈ સત્તાલોલુપીઓ અને સગવડપંથીઓ પોતાની ઈચ્છા તો જરૂર પૂરી કરી શકે છે! 'સામાયિક' અને 'પ્રતિક્રમણ' એ કંઈ પાઠ નથી, પણ આંતરદૃષ્ટિની ક્રિયાઓ છે, એ હજુ સુધી આપણે સમજી શક્યા નથી, અને પાઠ બોલવાથી દુઃખમુક્તિ આપોઆપ થઈ જશે એવી ખોટી આશામાં સડીએ છીએ. મનને સપાટી પરની અસરોથી વાળી લઈને મનનક્રિયામાં ઉતારવું જોઈએ, કે જેથી તે બુદ્ધિના રાજ્યમાં પ્રવેશી શકે. બુદ્ધિને વ્યાપક અને કુશાગ્ર બનાવી ચિત્તના રાજ્યમાં પ્રવેશવી જોઈએ, કે જેથી તે દરેક ચીજને આખાના ભાગ તરીકે જ જોઈ અને વિચારી શકે. આ માનસિક ક્રિયાના અભ્યાસ માટે જ સામાયિક–પ્રતિક્રમણાદિ ક્રિયાઓ રચવામાં આવી હતી. એ ક્રિયા પદ્ધતિસર અને વિવેકપૂર્વક કરનાર માણસ કોઈથી ડગાય નહિ, કોઈથી ડરે નહિ, લોભ–મોહનો દાસ બને નહિ; અને એવો મનુષ્ય બિમાર વાતાવરણને દૂર કરવા દિવાળીના ફટાકા ફોડયા વગર રહી પણ શકે નહિ.

આપણે પોતાને રૂડા-રૂપાળા માની લઈ હરખાઈએ, પણ જેમને આંખો છે તેઓ તો આપણું રોગીપણું જોઈ શકે છે. જુઓ એક સહૃદય આર્ય-મહાશય શ્રીરસાહેબનો તાર અહિં હમણાં જ મળ્યો છે, જેમાં તેઓ જણાવે છે કે 'Hope you will discuss the existing backward condition of society and adopt practical ways and means for its advancement.' આપણું પછાતપણું [illegible]

[illegible]

ખાતર આખા સમાજનું આપણે અકાળ મૃત્યુ નિપજાવીએ છીએ. ગાંધીજી અને બીરલાજીની સહૃદય સલાહ જો તમારા દિલ પર કંઈ અસર કરી શકતી હોય તો આજ રાત્રે વિષય-નિર્ણયક-સમિતિની બેઠકમાં એ સલાહને અમલમાં મૂકજો. કોન્ફરંસ ઑફિસ કે જે પાંચ લાખ મનુષ્યોને તારનાર કે ડુબાડનાર જહાજ છે તેના રોગ પ્રથમ શોધજો, અને દૂર કરજો. તેમ ન થાય તો કોન્ફરંસ વગર જ ચલાવવું વધારે ઠીક થઈ પડશે. આપણે ઘણી વખત કહીએ છીએ કે ધર્મને આપણે બચાવવો જોઈએ, પણ એ આપણું મિથ્યાભિમાન છે. ધર્મ પોતે જ આપણને સડતા બચાવનાર શકિત છે, ગતિશીલતા પ્રેરનાર શકિત તે જ ધર્મ છે. આજે આપણે જૈનધર્મ કહીએ છીએ તે તો ધર્મનું બાહ્ય ખોખું છે. ખોખાં અથવા શરીરો જન્મે છે અને મરે છે. આત્મા અથવા આંતરગત શકિત કદાપિ મરતી નથી, પણ સ્થાન બદલે છે-બીજાં ખોખાંમાં જાય છે. જૈનધર્મ મરશે એની ચિંતા તો મને કદાપિ થતી નથી. આજે હિંદ જૈન ધર્મના વિજયશીલ ધમધમાટને સહન કરી શકે તેમ ન હોવાથી એ શકિત અન્યત્ર જઈ રહી છે. આપણે જો સહન કરવાની શકિત કેળવીએ તો આપણા શરીરમાં ફરી જૈનધર્મ-વિજિગીષા-Will-to-conquer પ્રગટે. આજે આપણે એવા ભીરૂ અને સુંવાળી ચામડીવાળા બની ગયા છીએ કે એ લાજપતરાયજી જેવી પોતીકી વ્યકિતનો પણ આતાપ સહી શકતા નથી. એમણે જરાસું સ્વતંત્ર વકતવ્ય કર્યું ત્યાં તો ચોતરફ આપણે બૂમરાણ કરી મૂકી. આપણે એમને જૈન સમાજના શત્રુ માની બેઠા. આપણે આંતરદૃષ્ટિની ગેરહાજરીમાં 'મિત્ર'-'શત્રુ' વચ્ચેનો વિવેક કરી શકતા નથી. જો પંજાબના કેસરી અને ભારતના સુપૂત લાજપતરાયજી આપણા મિત્ર ન હોત તો આજે તેમના તરફથી જે તાર આવ્યો છે તેવો તાર આવ્યો જ કેમ હોત! તેઓએ તો તનદુરસ્ત વાતાવરણની ગરજે માત્ર આપણી આજની માન્યતાઓને જ છેડી હતી, નહિ કે આપણને અને તેથી જ તેઓ અત્રે ઉપસ્થિત

'સ્થાનકવાસી જૈનના પૌત્ર હોવા માટે' અભિમાન લઈ શકયા છે. 'માન્યતા'ઓ માટે ઝઘડો કરવો ફોગટ છે. આપણી આજની માન્યતાઓ તનદુરસ્ત જ હોત તો આપણી આ દશા જ ન હોત. આપણે જે અને જે માનીએ છીએ તે પણ જો સાચા જિગરથી અને સમજપૂર્વ માનતા હોત તો આપણો વ્યવહાર મૂર્તિપૂજક જેવો ન હોત **સઘળી બાહ્ય ધામધૂમોથી છોડવનાર, શક્તિ માત્રની કરકસર શિખવનાર, આંતરદૃષ્ટિનો મહાવરો આપનાર, 'જરૂરીયાતો માત્ર પર જય મેળવવાનું' શિખવનાર, હલકા પવન જેવ બનાવી ગરૂડ વેગે આકાશી પ્રદેશમાં ઉડાડનાર આપણો ધર્મ** જો આપણે પોતે જ સમજ્યા હોત તો આજે કરોડો મનુષ્ય તે ધર્મને પોતાની ગરજે અપનાવી ચૂકયા હોત.

આપણને પોતાને નીરોગી બનાવવા માટે તેમજ જગતમાં આપણો ધર્મ ફેલાવવા માટે-એમ બન્ને પરિણામો માટે-લાલાજી આપણા એક બંધુ તરીકે હિતસલાહ આપે છે કે 'સાચું જૈનત્વ શોધો અને ફેલાવો, વિશ્વવ્યાપક પ્રેમ શિખો, મનસહિષ્ણુતા અને નિર્મળ જીવન આદરો.' કેવી વ્યવહારૂ સલાહ! પણ આપણે ખ[illegible] જૈનત્વ શોધતું નથી! શોધક મળ્યો હતો અને સાધન રજુ થઈ હતાં ત્યારે પણ એ મિશનના ગર્ભને જ ઉડાડી મૂકવામાં જ જૈનપણું અને આગેવાનીપણું મનાયું હતું. વાગોળને પ્રકાશ અપ્રિય લાગે છે. કમનસીબ બંધને [illegible] નજીક આવે છે ત્યારે જ [illegible] આવે છે. ખ્રીસ્ત.મા [illegible] એક [illegible] પર [illegible] પ્રખર [illegible] વિદ્વાન જૈનેતરો અને કરોડો [illegible] [illegible] છે. જૈન [illegible] અને [illegible] [illegible] [illegible] કરવા અને [illegible] [illegible] સુધી [illegible] પ્રયત્ન કર્યો નથી. [illegible] [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible]

ઉપર ટીકા લખાવી પંડિતાઈનાં પ્રદર્શન ભર્યાં, કોઈએ તો શાસ્ત્રોનાં શરીરને પૂજ્યાં અને માથે મૂકી ગામમાં ફેરવી અહોભાગ્ય પણ માન્યું ! મુક્તિ આવી હોય, તેવી ન હોય અને સાધુપણું અમુક ક્રિયામાં જ સમાયલું હોય એ બાબતની ચર્ચામાં જ શાસ્ત્રોની ઉપયોગિતા સમાવી. પણ જીવતાં મુક્તિ આપવામાં એ શાસ્ત્રો કેટલાં ઉપયોગી છે તે શોધવાની કોઈએ દરકાર ન કરી. જીવનને દિવ્ય અને પછી કલેશમુક્ત કરવામાં કામ લાગે એવું માનસશાસ્ત્ર અને સાયન્સ એમાં ભર્યું પડયું છે, પણ તે સમર્થ શોધકોને જ—'ઢુંઢકો'ને જ હાથ લાગે એવી રીતે ઢંકાયલું છે. એ શોધ માટે સાહિત્યવેત્તા, માનસશાસ્ત્રી, સાયન્ટિસ્ટ અને યોગીઃ સર્વનો-પૂર્વના અને પશ્ચિમનાનો-સહકાર જોઈએ અને એ કામ નિયમિત રીતે વર્ષો સુધી ચાલુ રહે તો જ વિજિગીષા અથવા Will-to-powerનું સાયન્સ અથવા જૈનિઝમ્ ખરા રૂપમાં બહાર આવે અને 'જયવંત મનુષ્ય' બનાવવાની પ્રોસેસ હાથ લાગે, સમાજ-રચનાની ઉત્તમોત્તમ રીત પણ ત્યારે જ જડશે. દિવ્ય પોલિટિક્સ પણ તે પછી જ રચાશે. આજે તો પોલિટિક્સ કે સમાજસુધારણા, ધર્મ તેમજ વ્યાપાર, સર્વમાં માત્ર 'ફિફાંફિફાં' અને સપાટી પરની દોડધામજ ચાલી રહી છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં સટ્ટો (Speculation) ચાલી રહ્યો છે. ગાંધીજી તો આગળ વધીને-તારમાં-કહે છે કે 'આજના જીવનમાં માણસાઈ ભાગ્યે જ જોવામાં આવે છે, કોઈ કોઈ સ્થળે તો અમનુષ્યત્વ (જંગલીપણું-રાક્ષસીપણું-સેતાનપણું) આવી ગયું છે.

× × ×

આ અધિવેશનમાં કેટલાયે ઉપયોગી ઠરાવો થયા હતા. તેમાં ચોથી વિશેષ ધ્યાન ખેંચે એવો ઠરાવ 'જૈનપ્રકાશ'ની વ્યવસ્થા શ્રી વાડીલાલ શાહે સંભાળવી એ બાબતને લગતો હતો. સભાપતિએ જણાવ્યું હતું કે 'હજાર-પાંચસોની ગ્રાહક સંખ્યા માટે એવી ઉપાધિ સ્વીકારવી તે બીજા ઉપયોગી કામોને ખલેલ કરવા જેવું થઈ પડે, પરન્તુ જો સારી સંખ્યામાં પ્રચારની સગવડ હમણાં જ થતી હશે તો સમાજનોની ઇચ્છાનો સ્વીકાર કરવામાં મને હરકત નથી ! આ ઉપરથી તે

જ વખતે માત્ર ૧૫ મિનિટની અંદર જ પાંચ હજાર નકલોના પ્રચા-રનાં વચનો જાહેર થયાં હતાં. એ વચનોમાંથી છોટી સાદડી નિવાસી શ્રી છગનલાલજી ગોદાવત અને ભીનાસર નિવાસી શ્રી હનીરામજી બાંઠિયાએ જ માત્ર પોતાના તરફથી અનુક્રમે ૧૦૦૧ પ્રતો તેમજ ૫૦ પ્રતોના પ્રચાર માટે રૂ. ૨૦૦૨ તેમજ રૂ. ૧૦૦ સભાપતિને સુપ્રત કર્યા હતા—બીજાઓ પોતાનાં વચનને ઘોળીને પી ગયા હતા. સ્થાનકવાસી જૈનોનાં વચનની બહાદુરીની એ બલિહારી જ સાબીત કરે છે!

બીજી ધ્યાન ખેંચે એવી વસ્તુ એ બનવા પામી હતી કે ઑફિસ-બેરર્સ નિયત કરવાનો પ્રશ્ન નીકળતાં સભાપતિએ જાહેર કર્યું હતું કે 'અધિવેશનની સમાપ્તિ બાદ ઑફિસના પ્રમુખ તરીકે હું કામ કરવા બીલકુલ ખુશી નથી. હું તો ફક્ત કોન્ફરંસને તૂટતી બચાવવા પૂરતો ભાગ લેવાના નિશ્ચયથી બિકાનેર આવ્યો છું.' એ વખતે સઘળા સભ્યોએ આગ્રહ કર્યો હતો કે પ્રમુખે કમમાં કમ ત્રણ વર્ષ પ્રમુખપદે રહી સેવા આપવી જોઈએ. પરિણામે એ આવ્યું કે એ પક્ષો તરફથી કેટલુંક સ્પષ્ટ વક્તવ્ય થવા પામ્યું અને શ્રી મોતીલાલજી મુથા તથા શ્રી પુંજલાલ ખીમચંદ શાહ એ બન્નેએ શ્રી વેલજીભાઈ લખમ-શીની સાથે રહીને કોન્ફરંસ ઑફિસના જોઈન્ટ સેક્રેટરી તરીકે કામ કરવાનું સ્વીકાર્યું અને શ્રી વેલજીભાઈ આનાકાની કરે તો પણ તેમને અમને નહિ એવી ખાત્રી આપવામાં આવી હતી. એ વખતનો સભાનો દેખાવ ખરેખર દિલ ખુશ કરનાર હતો. બીજા બે ત્રણ ઠરાવો જુદી જુદી કમિટિઓને અંગે [illegible] સંબંધી હતા. વિશેષ ધ્યાન ખેંચે એવો એક [illegible] હતો કે '[illegible] [illegible] [illegible] [illegible] [illegible]! [illegible], [illegible]

ખુલ્લી બેઠકમાં સભાપતિએ પ્રસ્તાવ રજુ કરનારને પોતાનો ઠરાવ પાછો ખેંચી લેવાની એવી કબુલાત સાથે વિનતિ કરી હતી કે, આ પ્રશ્ન ધારાધોરણ ઘડનારી કમીટીમાં મૂકવામાં આવશે અને તે પર પૂરેપૂરૂં ધ્યાન અપાશે. દરખાસ્ત રજુ કરનાર યુવાને, જો કે આખી કોન્ફરંસ તેમના મતને અનુકૂળ હતી તો પણ પ્રમુખ મહાશયના માન ખાતર પોતાની દરખાસ્ત પાછી ખેંચી લીધી હતી અને પ્રમુખ મહાશયે તેમની જાહેર હિંમત તેમજ વિનય માટે આભાર માન્યો હતો.

* * *

બિકાનેર અધિવેશન સમાપ્ત થયું. સૌ સૌને રસ્તે પડયું. પ્રમુખ મહાશય મારવાડની મુસાફરીએ ઉપડી ગયા અને ત્યાં બે ચાર જાહેર સંસ્થાઓના શ્રી ગણેશ માંડવાના કામમાં રોકાયા. બીજી બાજુએ મુંબઈમાં ખટપટનો સળવળાટ શરૂ થયો. જુના સેક્રેટરીઓ કહે કે અમે હવે ફારગ થયા છીએ; નવા કહે કે અમોએ ચાર્જ સંભાળ્યો નથી. પરિણામે કોન્ફરંસનું તેમજ સમાજનું કામ ખોળંબે પડ્યું અને બધી વાત કથળી ગઈ. એ દરમીયાન પ્રમુખ મહોદય મુંબઈ પધાર્યા અને તપાસ કરી તો કોન્ફરંસના જુના-નવા હોદ્દેદારોમાંથી એકાદ અપવાદ સિવાય સર્વ કોઈ બહારગામ હતા અને કોન્ફરંસ ઓફિસમાં ચાલુ રહેતી સીલીક બેંકમાં જમા થઈ ચૂકી હતી, કે જેથી કંઈ પણ ખર્ચ થઈ શકે નહિ. પ્રમુખે ખટપટની આંધીનું સૂક્ષ્મ સ્વરૂપ નિહાળી લીધું અને સમજી લીધું કે એ આંધીએ ખૂબજ પ્રગતિ કરી લીધી છે. તે દરમ્યાન જેમ જેમ કોન્ફરંસના સંચાલકો બહારગામથી મુંબઈ આવતા ગયા તેમ તેમ તેમની સાથે અંગત મુલાકાત તેમજ પત્રવ્યવહારથી પરિસ્થિતિનું માપ કાઢવાનો તેમણે પ્રયાસ કર્યો અને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવવા માટે બની શકતા બધા પ્રયત્નો કર્યા. પણ પરિણામ શૂન્ય આવ્યું. છેવટે નિરૂપાયે પ્રમુખે સઘળો ઓફિસીયલ પત્રવ્યવહાર 'જૈનપ્રકાશ'ના ૪૦ પૃષ્ઠના એક અંકમાં પ્રગટ કરાવ્યો અને તેના પરિણામે પ્રમુખ પર સોલિસિટરો તરફથી જુદા જુદા

દષ્ટિબિંદુઓને અનુલક્ષીને નોટિસો મોકલાવાઈ. એક નોટિસનું સ્વરૂપ તો એવું હતું કે શ્રી વાડીલાલ શાહ બિકાનેર અધિવેશનના કાર્ય-સરના પ્રમુખ જ નહોતા. બીજી નોટિસ એવા પ્રકારની હતી કે સભાપતિ 'જૈનપ્રકાશ'ને બચાવી પડયા છે. સ્થાનકવાસી જૈન સમા-જના ઇતિહાસનું એ પૃષ્ટ ઘણું જ દિલ કંપાવનારૂં છે. તેના પર પડદો જ પાડવો વધુ ઈષ્ટ છે. છેવટે પ્રમુખે જનરલ કમીટીની મિટિંગ માટે આમંત્રણો પાઠવ્યાં એટલે જુના સેક્રેટરીએ તે તિથિ પછીની તારીખે પોતાના તરફથી જનરલ કમીટીને જુદું જ આમંત્રણ મોકલ્યું. છેવટે તા. ૩૦-૧૨-૨૭ ના રોજ પ્રમુખે બોલાવેલી જનરલ કમીટીની બેઠક ભરાઈ અને ઉપસ્થિત સજ્જનોના આગ્રહથી સંધિદિનનાં બહાને તા. ૧ લી જાન્યુઆરી પર મુલતવી રખાઈ. તે દરમ્યાન સમાધાન માટેના કેટલાયે સૂર સંભળાયા; કેટલીએ વાટાઘાટો તેમજ મુલાકાતો થઈ; સોલિસિટરની ઓફિસમાં જ સાચાં સમાધાન માટેની આશાપૂર્ણ વખતે શ્રી વાડીલાલ શાહને બેભાન થઈ જવા સુધીની સ્થિતિમાં શ્રી દુર્લભજી ઝવેરીએ આ લખનારની રૂબરૂમાં જોયેલ. છતાં પરિણામમાં કંઈ તોડ નીકળી શકયો નહિ.

* * *

છેવટે તા. ૧-૧-૧૯૨૮ ની મિટિંગ ભરાઈ. સભ્યો અને પ્રેક્ષકો પૂરતી સંખ્યામાં હાજર થયા. પ્રમુખ બેઠા જ [illegible] એક [illegible] મુખ્ય મુખ્ય સ્થાનિક તેમજ બહારગામના [illegible] [illegible] પછી સંપૂર્ણ [illegible] [illegible]

"ગૃહસ્થો! જે આમંત્રણપત્રિકાએ તમો સર્વને તકલીફ આપી છે તે તો તમોએ વાંચેલી હશે જ; એમાં સૂચવેલા મુખ્ય કાર્યને અંગે વિશેષ માહેતી મેળવવા બહારગામના સભ્યોનાં નામથી મળાયલી બે દિવસની મહેતલ પણ અપાયાનું તમને વિદિત છે. આ બે દિવસ દરમ્યાન કેટલાએક સભ્યો મને મળી ગયા છે. અને કેટલાએક સંદેશા મને પહોંચાડવામાં આવ્યા છે. આ સઘળા સમાચાર 'પબ્લીક પ્રોપર્ટી' હોવા છતાં આ સ્થળે એક શબ્દ વદીકબોલવાની મને મારાં અધ્યાત્મજ્ઞાનની મના છે. તમે સમજી શકો છો તેમ, મારી આ હાજરી વ્યક્તિ તરીકે નહિ પણ સમષ્ટિ તરીકે-પાંચ લાખ જૈનોના 'આત્મા' કે 'ગૌરવ' તરીકે છે. દૃષ્ટિબિંદુ નહિ, માત્ર પ્રેરણા જ મને બોલાવી શકે; અને પ્રેરણાનો શબ્દ દૃષ્ટિબિંદુથી કરાતી દલીલ વડે સમજી ન શકાય તો તેથી હું આશ્ચર્ય પામું નહિ. આવે પ્રસંગે જ અધ્યાત્મશાસ્ત્રનાં જ્ઞાનનું ઉપયોગીપણું શ્રદ્ધાય છે.

સમષ્ટિભાવ મારામાં તમેજ પ્રેર્યો હતો: ગત વિજ્યા દશમીએ. તે પહેલાં હું એક વ્યક્તિ માત્ર-ક્ષત્રિય અર્થાત્ લડવૈયા તરીકેની વ્યક્તિ માત્ર-હતો. તમારી સ્મરણશક્તિ યાદ કરી શકશે કે ત્રીસ ત્રીસ વર્ષ સુધી કેવાં અને કેટલાં યુદ્ધો હું લડતો રહ્યો હતો. ભલી યા બૂરી-જેવી હોય તેવી-આ કોન્ફરંસ મારી એ લડતોનું જ પરિણામ હતું. મારી સામે પોતાનાં ભલાં યા બુરાં શસ્ત્રો ફેંકવાની તાકાત આપનાર પણ આ લડવૈયો જ હતો. સમાજના શત્રુઓ સામે એકલો હાથે-અને શસ્ત્રો કે સૈન્ય વગર જ લડાતું યુદ્ધ જોવાની કોને આંખો હતી! અને તે છતાંયે પોતાના ભાઈઓ સાથે લડવાના પ્રસંગ જ્યારે જ્યારે પણ ઉપસ્થિત થયા છે ત્યારે ત્યારે શસ્ત્ર છોડી ચૂપ ઉભો છું. સિકંદ્રાબાદ કોન્ફરન્સનું દૃશ્ય કોણ ભૂલી શકશે! અને બિકાનેરનું પણ! લડવૈયાની ઉદારતા હમેશાં કાયરોના શબ્દકોષમાં ખોટો અર્થ પામે છે: ત્યાં એનો અર્થ નિર્બળતા કે મૂર્ખતા થતો હોય છે! ક્ષત્રિય વ્યક્તિ તરીકે પણ જે પોતાના

ભાઈઓથી લડવાને કાયર હતો તે શું ત્યારે સમષ્ટિ તરીકે—સમુદાયના આત્મા તરીકે—પોતાના એક ઉપાંગ સામે લડવા ઉભશે! માથું ધડથી છૂટું પડી પગથી લડવા ઉભશે? સમુદાયની બહાર લડવાના પ્રસંગ હજી ઘણાયે કુદરતના સ્ટોરમાં છે. એ માટે એ લડાયક ખમીરને સંગ્રહિત રહેવા દો. એટલા માટે તો આ લડવૈયાની પ્રકૃતિમાં મ્યુનિસિપલ કે પોલિટિકલ ક્ષેત્રની રૂચિ જ નથી! એનો એ અર્થ નથી કે દેશપ્રેમની માત્રા એનામાં થોડી છે. કુદરતે એને ધર્મક્ષેત્ર માટેજ ઘડયો છે અને ધર્મક્ષેત્રમાં જ જે સ્થાને તેને જન્મે મૂકયો છે તે સ્થાન ત્યાંથી તે પતંગ ગમે તેટલો ઉંચો ચઢી શકે તો પણ, તેને એક પતલી દોરીથી તો બાંધી રાખે જ! સાતમા આસમાનમાં પતંગ ભલે સહેલગાહ કરે, પણ તે એટલા માટે કે તે સફરના અનુભવરૂપ ખજાનો, જ્યાંથી તે ઉડયો હતો ત્યાંના ભંડારમાં નાખવામાં આવે.

આ શબ્દો શું મ્હારા છે! ...ના, એ તમારા પોતાના શબ્દો [illegible] તમારા પોતાનાં હૃદયની એ ઉર્મિએ જ મને ગત વિજ્યાદશમીના [illegible] તમારી સાથે જોડાવા આમંત્રણ આપ્યું હતું. એ આમં[illegible] [illegible] ફરીથી યાદ કરો. તેનો આરંભ થતો હતો આ [illegible]થી [illegible] સ્થાનકવાસી જૈન સમાજમાં નવીન [illegible] [illegible] ...ની આવશ્યકતાનું ભાન તમને [illegible] [illegible] તે [illegible]ની અને ખાત્રી કરાવવા [illegible] [illegible] ઉન્નતિ તેમજ ધર્મના પ્રચાર [illegible] [illegible] [illegible]નાત્મક [illegible] કરવાની આવશ્યકતા છે.' [illegible] [illegible] [illegible] [illegible] તમે [illegible] [illegible] [illegible] [illegible] લખ્યું હતું કે [illegible] [illegible] [illegible]ની [illegible] [illegible] નિવૃત્તની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લખ્યું હતું કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અદ્વિતીય


ભક્તિને જ—નહિ કે વાડીલાલને, નહિ કોઈ હાડમાંસ-ધન કે દલીલ-શક્તિને—તમે 'ઇચ્છા' તેમજ આગ્રહ દર્શાવ્યો હતો કે તમારે સમાજનું નેતૃત્વ સ્વીકારવું.' મને કહેવા દો કે એ આજ્ઞા નહોતી, અરજ હતી. અને 'અરજ' માત્ર નીચલી ભૂમિકાથી ઉપલી ભૂમિકા પ્રત્યે થાય છે એ તમે પણ જાણતા હતા: જાણતા હતા તેથી જ તો ગરજ જેના પ્રત્યે કરતા હતા તેને 'તત્ત્વજ્ઞાની, સેવાપ્રેમી, જૈનવીર' એવા શબ્દોથી સંબોધ્યો હતો. હું ખરેખર એવો હતો યા છું કે નહિ એ વાતની મારે ચર્ચા કરવાની હોય જ નહિ. ખરી કે ખોટી રીતે તમારા એ શબ્દો હતા: કાં તો હકીકત તરીકે અને કાં તો ભાવના તરીકે; બન્ને રસ્તે પરિણામ તો એક જ આવે. જેને ઉદ્દેશીને એ શબ્દો આટલા બધા માણસોનાં હૃદયથી નીકળે તે વ્યક્તિ 'જૈનવીર' હોય જ યા બને જ. કારણ કે, સમાજની ભાવના જ એના નેતાનું સ્વરૂપ (મૂર્તિ) ઘડે છે. તમારી ભાવનાએ જ, ત્યારે, મને સમષ્ટિરૂપ બનાવ્યો હતો. જ્યાં સુધી એ ભાવના સંયુક્ત રૂપે રહે ત્યાં સુધી, અને તેવા સમાજ માટે, હું સમષ્ટિ હતો જ—અને તેથી જ વગર યારીએ બોલાયલું મારું ભાષણ બિકાનેરમાં સઘળાંનાં હૃદયને જગાડી શક્યું હતું; ત્યારે જ તો અડવાડિયામાં રચનાત્મક કાર્ય દશ દશ વર્ષમાં નથી થવા પામ્યું તેટલું થઈ શક્યું હતું; ત્યારે જ તો મારા નિમિત્તે પાંચ લાખ માણસોનાં સૂતેલાં ચિત્તમાં ખળભળાટ જાગી ચૂક્યો છે. આજે તમને એમ લાગતું હશે કે હોદ્દેદારો વચ્ચેનો કાંઇ ઝગડો છે,—વખત જવા દો: તમે જોશો કે કોઇ મોટો અને બહારનો ભય તમને જગાડવા માંગતો હતો. એ ભય સામે તમારે એકલા હાથે જ ઝૂઝવું સર્જાયું છે—જેમ અત્યાર આગમચ મારે એકલાએ કરવું પડ્યું. ગૌતમ જ્યાંસુધી તૈયાર નહોતો થયો ત્યાંસુધી શ્રી મહાવીર તેને સદા પોતાની સાથે રહેવા દેતા. પછી! બરાબર અંતકાળે—કે જ્યારે પરમ સત્યના ઉચ્ચામાં ઉચ્ચા ઈસારા આપવાની તક હતી—શ્રી મહાવીરે ગૌતમને છોડયો !...અને ગૌતમે એકાકી જ લડવું પડ્યું અને એકાકી જ મુક્તિ મેળવી શકાય છે.

ગૌતમ એ સમાજનો આત્મા છે, મહાવીર એ ત્રણ લોકનો આત્મા છે. ગણધર એ જૈન વીર છે, વર્ધમાન એ મહાવીર છે. આ શબ્દો બહુ વિચારવા જેવા છે. 'પ્રકાશ મારી ગેરહાજરીમાં તમને જુદા જ અર્થો ખુલ્લા કરશે કે જે અર્થો તમારે સ્વતંત્ર પુરુષાર્થથી ઢુંઢવા પડશે. મને પણ મારી મુક્તિ ઢુંઢવાની છે–મારી સ્વતંત્રતા મને પોકારી રહી છે. સુવર્ણની બેડી ત્રીસ વર્ષ મેં પહેરી હતી, પણ તે મારી પસંદગીની અને એકજ હતી; હમણાં તે પાંચલાખ વ્યક્તિઓની પસંદગીની અને વજનદાર હોઈ મારી ક્રિયાશક્તિ લથડી પડી છે: મારો પગ નકામો બન્યો છે: મને મારી સ્વતંત્રતાની શોધમાં જવાની સ્વતંત્રતા લેવા દો. તત્ત્વજ્ઞાનની મારી સમજ સ્વતંત્ર છે, પોતાના હિસાબે ને જોખમે થતા જીવનપ્રયોગોમાંથી જ હું ખેંચું છું મારું તત્ત્વજ્ઞાન: તે ખરું હો વા ખોટું તેની મને ચિંતા નથી. અને તમને તો હું બુઢ્ઢો હોઉં તોય ચિંતા કરવાની જરૂર ન પડે એમ આ ઘડીએ જ કરવાનો મેં નિશ્ચય કર્યો છે. જુઓ: આ ચિઠ્ઠી: તે હું સમગ્ર સમાજની વતી તમને સોંપું છું: તેમાં લખ્યું છે:

"મ્હારું આત્મહિત અને શ્રી મહાવીરનું તત્ત્વ મ્હને ફરમાવે છે કે મ્હારે સમાજકાર્યથી ફારેગ થવું. આ પત્રને મ્હારા રાજીનામા તરીકે સ્વીકારશો."

તમારા ગરીબોના ચિત્રમાં વાડીપાનનું ચિત્ર સમષ્ટિ રૂપે [illegible]
[illegible]

શેઠ વીરચંદભાઇ મેઘજી થોભણ–મુંબાઇ



[illegible] પ્રમુખ

બન્યાં. કોન્ફરંસના સેક્રેટરીએ પણ એ પ્રસંગનો ઉલ્લેખ કરતાં નોં છે કે 'તેઓશ્રીની ગંભીરતા તેમજ વિચારપૂર્ણ વિવેચનથી અ ઉભી થયેલી પરિસ્થિતિ પ્રસંગે પ્રશંસનીય સમયસૂચકતા વાપરવા સભા ઉપર બહુ પ્રભાવ પડયો હતો.'

પ્રમુખશ્રી ગયા અને તેની પાછળ બીજા કેટલાક પણ ચાલ્ ગયા. પાછળ રહેલાઓએ મિટિંગ ચાલુ રાખી, ત્યારે શ્રી માણેકલાલ અમુલખરાય અને શ્રી. ધારશી ગુલાબચંદ બધારણની ગૂંચનો વાં ઉઠાવ્યો હતો, પણ તેથી કંઈ વળ્યું નહોતું. પ્રમુખશ્રીનાં રાજીનામાને દિલગીરી સાથે સ્વીકાર કરતો એક ઠરાવ સર્વ કોઈએ ઉભા થઈને પસાર કર્યો હતો. ત્યાર પછી શ્રી. માણેકલાલ અમુલખરાયે વા. મો. શાહના જવાથી સમાજને કેવી જબરજસ્ત ખોટ જવા પામી છે તે બાબતમાં તેમજ પ્રમુખશ્રીની સમાજ અને સ્વધર્મની સેવાઓનો ઉલ્લેખ કરનારૂં એક લાંબું ભાષણ ગદ્‌ગદિત કંઠે કર્યું હતું અને એમના જેવી કાબેલ કલમની ઉણપ હંમેશને માટે સમાજને સાલશે એમ જણાવ્યું હતું. તે ઉપરાંત શ્રી હીરાલાલ કેશરીચંદ મુકાદમે પણ આ વે પોતાનાં હૃદયની વરાળ કાઢી હતી. અને છેવટે સભા બીજા દિવસ પર મુલતવી રહી હતી.

બીજા દિવસની મિટિંગ વખતે માત્ર ૨૫ થી ૩૦ મનુષ્યોની હાજરી હતી. તે વખતે પણ શ્રી [illegible] એ મિટિંગ [illegible]

[illegible]

જા પામે એ દેખીતું જ છે. વળી જે ધોરણે મેમ્બરોને આમંત્રણ-પત્રિકા લખાઈ છે તે ધોરણ બંધારણ વિરુદ્ધ છે. જેથી ઘણા હકદાર મેમ્બરો આ કમીટીમાં હાજર થઇ શકયા નથી અને નવા મેમ્બરો ભાગ લેતા અટકી પડયા છે, તથા પ્રમુખને મેમ્બરોનાં શીરનામાં પંદર દિવસની મુદતમાં સેક્રેટરીએ નહિ પહોંચાડવાથી તથા પહોંચાડેલાં શિરનામાં અધૂરાં હોવાથી જે થોડા ગૃહસ્થોને આમંત્રણ-પત્રિકા લખી શકાઈ છે તે પણ પહોંચી નથી અને પેપર પણ મારવાડ, પંજાબ વગેરે પ્રાંતોમાં ઘણું જ મોડું પહોંચ્યું છે, તેથી ઘણા સભ્યો હાજર થઈ શકયા નથી.' એ દરખાસ્તની તરફેણમાં પૂરતા મત ન મળતાં ઉડી ગઈ હતી. પરન્તુ પ્રમુખ પાસે આવેલી પ્રોક્ષીઓ, પત્રો, સૂચનો વગેરે મંગાવવાનું સૌજન્ય દાખવવાનું કોઇને પાલવ્યું નહોતું. આ કમીટીએ બિકાનેર અધિવેશને પસાર કરેલા ઠરાવોને પણ રદ્દ કર્યા હતા એ ધ્યાન પર લેવા જેવી વસ્તુ હતી. સૌથી વધુ ધ્યાન ખેંચે એવો ઠરાવ મુંબઇ બોર્ડિંગ સંબંધી હતો, જે નીચે મુજબ હતો :

'મુંબઈ બોર્ડિંગ ખાતામાં રૂા. ૬૧૬ાાાૂાા વસુલ થયા નથી, તે વસુલ કરવાનું કામ રે. જનરલ સેક્રેટરીએ કરવું. એ બોર્ડિંગ બંધ થઈ ત્યારે સેક્રેટરી વગેરે કોણ કોણ હતું તેની તપાસ કરી તેની પાસેથી હિસાબ લેવો, અને આ બાબતનો રિપોર્ટ આવતી કમિટિમાં રજુ કરવો'. પરન્તુ ઈ. સ. ૧૯૨૯ના જુનની ૨૯મી તારીખે મળેલી કમિટિની મિટિંગે એ બાબતમાં નીચેનો ઠરાવ પસાર કર્યો હતો કે :—

'સંવત ૧૯૮૪ના હિસાબમાં શ્રી મુંબઈ બોર્ડીંગને ખાતે રૂા. ૬૧૬ાાાૂાા લેણા નીકળે છે તેની તપાસ કરતાં કંઇ પત્તો મળતો નથી તેથી તે રકમ વ્યવહારિક કેળવણી ફંડ ખાતે માંડી વાળવી'. હવે આ બાબતમાં કોન્ફરન્સ ઓફિસે કયા પ્રકારની તપાસ કરી તે તે

ઓફિસના પ્રગટ થયેલા ૧૭મા અહેવાલમાંથી નીચે ઉતારી લેવામાં આવે છે:—

"મુંબઈમાં કોન્ફરંસ તરફથી જે બોર્ડિંગ ચાલતી હતી તેનો હિસાબ, સિલિક, ફર્નીચર વગેરે તે સંસ્થાના પ્રમુખ અને મંત્રીઓ સાથે પત્રવ્યવહાર કરી ઓફિસે સંભાળી લેવો, એવો પ્રસ્તાવ મુંબઈમાં સં. ૧૯૮૨ની સાલમાં મળેલી જનરલ કમીટીમાં પસાર થયો હતો. તે જ પ્રમાણે અમદાવાદ કમિટિના ઠરાવ અનુસાર બોર્ડીંગ બીલ્ડીંગ ફંડના રૂપિયા કે જે તે સમયના સેક્રેટરી શેઠ હીરાચંદ વનેચંદ દેસાઈને ત્યાં જમા હતા તે વિષે તેઓશ્રી સાથે પણ પત્રવ્યવહાર કરવામાં આવ્યા હતા, પરન્તુ તેઓ તરફથી એવી મતલબના જવાબ મળ્યા હતા કે 'અમારી પાસે તે વખતના કાગળપત્રો નથી, પરન્તુ ઓફિસમાં જો કંઈ હોય તો બતાવશો, તેથી તે ઉપર વિચાર કરવામાં આવે.' આ સંબંધમાં એ વસ્તુ તો સ્પષ્ટ જ હતી કે આ રકમોની વસુલાત પરભારી થયેલ હોવાને કારણે ઓફિસના ચોપડામાં તેનો ઉલ્લેખ હોવો સંભવિત નથી. અને બોર્ડીંગનું ચોપડું ઓફિસના હસ્તક હતું જ નહિ કે ઓફિસ તે અંગે કશું પણ સાધન બતાવી શકે." એ રીતે એ મુંબઈ બોર્ડીંગ હાઉસનાં પ્રકરણ પર સં. ૧૯૫૮ આસપાસ, એ બોર્ડિંગ કમીટીના સભ્યો, [illegible] અને [illegible] મુખ્ય [illegible] હતા અને [illegible] સંવત ૧૯૭૪ ની આસપાસ. [illegible] [illegible]

—

૧૨

નવમું અધિવેશન : અજમેરમાં

[તા. ૨૨-૨૩-૨૪ એપ્રિલ ૧૯૩૩]

અજમેરમાં આ બીજી વખતનું અધિવેશન હતું અને સાથેસાથ બૃહદ્ સાધુ સંમેલનની પણ યોજના હોવાથી બીજાં કોઈ અધિવેશનમાં થઇ હોય તેના કરતાં ઘણી વિશેષ સંખ્યાએ હાજરી આપી હતી. પ્રમુખ તરીકે શ્રી દુર્લભજી ઝવેરીના નાનપણના ગોઠીયા શ્રી હેમચંદ રામજીભાઈ મહેતાને શોધી કાઢયા હતા અને કોઇ રાજાને પણ ભાગ્યે જ મળે તેવું માન હાથીની અંબાડી પર ફેરવીને પ્રમુખને અપાયું હતું. જનસમાજને પ્રથમથી જ એ આશ્ચર્ય થયું હતું કે સ્થાનકવાસી જૈન સમાજ જેઓને અત્યાર લગી પીછાનતો નથી, જેઓની સ્થા. જૈન સમાજ પ્રત્યેની કોઈ પૂર્વ-સેવાઓ સુવિદિત નથી, તેવા પ્રમુખની વરણી કોઇ ચોક્કસ વ્યક્તિના પક્ષપાત વિના કેમ જ બને ? ગમે તેમ પણ તેમની તીખી કાર્યપદ્ધતિથી જનતાના એક વિભાગને ખેદત બનવું પડયું હતું; એટલું જ નહિ પણ લાલા જવાલાપ્રસાદજી જેવા સમાજસેવક અને સ્વાગત-પ્રમુખ પોતાના અવાજનું અને પોતાની માન્યતાઓનું અપમાન થતું જોઇ વિરોધરૂપે વોકઆઉટ કરી ચાલી ગયા હતા અને પછીની પરિષદની કોઈ બેઠકમાં હાજરી સુદ્ધાં આપી નહોતી. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં પણ તેમની ગેર-હાજરી માટે ન તો પ્રમુખ મહાશય પોતાના ફરજ સમજ્યા કે ન તો પરિષદના મંત્રીઓએ કંઈ દરકાર કરી. અને એ રીતે પ્રમુખશ્રીએ

તેમજ કાર્યવાહકોએ પરિષદના સ્વાગત-પ્રમુખની ગેરહાજરી સામે આંખ આડા કાન ધરી દઈ કોન્ફરંસનું નાવ હાંકયે જ રાખ્યું એ પણ આપણા સમાજની કામ કરવાની એક બલિહારી જ ગણવી કે બીજું કંઈ !

આ અધિવેશનને એક 'જલસા'નું ઉપનામ આપવા જેવું છે. તેમાં કંઈ પણ સંગીન કાર્ય થયું નહોતું તેમ થવા માટે પદ્ધતિસરનો ઉહાપોહ પણ થવા પામ્યો નહોતો. પ્રમુખશ્રીનાં ભાષણમાં પણ વર્ષો થયાં ચાલતી આવતી જુની-પુરાણી વાતોનું જ સૂચન માત્ર હતું અને શૈલી કોઈ નિબંધ જેવી હતી, તેથી જનતા પર એવાં ભાષણની ખાસ અસર થવા પામી નહોતી. એક ઠરાવ વીરસંઘની યોજનાને લગતો હતો, પણ તે તો મુંબઈ અધિવેશનના ઠરાવનું પુનરાવર્તન જેવોજ હતો. બીજો એક ઠરાવ ત્રણે ફીરકાઓમાં એકસપી કરાવ-વાનો હતો. કેમ જાણે કે એવા ઠરાવો કરવાથી સંપ થઈ જતો હશે !

[illegible] સાધુ સંમેલનની [illegible] પણ આ અધિવેશનની [illegible] કરી હતી, જે વખતે આપણા સ્થાનકવાસી જૈન મુનિઓના જે ૩૨ જુદા જુદા સંપ્રદાય છે અને તમામ મુનિઓની સંખ્યા ૪૧૪ અને આર્યાજીની સંખ્યા ૧૧૩૨ ની હતી. તે પૈકી ૨૧ સંપ્રદાયના ૨૬૦ જેટલા મુનિઓએ અજમેરમાં હાજરી આપી હતી અને એ સંમેલન [illegible]

લાઉડસ્પીકરને જૈન સાધુના ઉપયોગ બહારની વસ્તુ તરીકે ગણાવી હતી પરન્તુ તેઓ લાઉડસ્પીકરનો ઉપયોગ કરે એવો આગ્રહ શ્રોતાવર્ગે કરવાથી તેઓ મંડપ છોડી ચાલી ગયા હતા. વિજ્ઞાનના આ જમાનામાં પણ આ પ્રશ્નનો નિવેડો કલમના એક ગોદાથી લાવી શકાય એમ નથી એમ મારૂં અધીન મંતવ્ય છે. સમસ્ત જૈનસમાજે-સાધુઓએ તેમજ શ્રાવકોએ—આ જમાનાને અનુકૂળ વિચારણા કરી લેવાનો વખત હવે આવી પહોંચ્યો છે એમ સમજી લેવું જોઈએ. લાઉડસ્પીકર કે એવી બીજી વસ્તુનો ઉપયોગ ન કરે તે જ ખરો સાધુ અને તેમ કરે તે સાધુ નહિ એવી જે વિઘાતક માન્યતા આજે ચોતરફ જનતામાં ફેલાવવામાં આવે છે તે પ્રગતિવિરોધી છે; અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવને અનુસરી સમયાનુકૂળ પ્રવૃત્તિ અપનાવી લેવામાં ડહાપણ અને ચતુર્વિધ શ્રી સંઘનું શ્રેય છે એ વાત તરફ જૈન સમાજનું ધ્યાન ખેંચવું જરૂરી છે.

આ સંમેલનમાં મૂંગા સમાજ સેવક શ્રી નથમલજી ચોરડીયાએ કન્યા ગુરૂકુળ સ્થાપવા માટે સિત્તેર હજારની સખાવત જાહેર કરી હતી તે ખરેખર અભિનંદનને પાત્ર હતી. બીજી નોંધવા જેવી વસ્તુઓ તે યુવક પરિષદ, શિક્ષણ પરિષદ અને મહિલા પરિષદ : એ ત્રણ સંમેલનો હતાં અને ત્યાં સમાજમાં ઉત્સાહ તેમજ પ્રેરણા આપે એવી કેટલીક સાચી વાતો કરવામાં આવી હતી.



૧૩

દશમું અધિવેશન : ઘાટકોપરમાં

[તા. ૧૧-૧૨-૧૩ એપ્રિલ ૧૯૪૧]

આઠ આઠ વર્ષના ગાળા પછી આ દશમું અધિવેશન ભરાતા પામ્યું હતું અને મુંબઈના એક પરામાં તે ભરાયું હોવાથી હાજરીની સંખ્યા સારી સમાર હતી. કારણ કે મુંબઈમાં વસનારી પચરંગી પ્રજાએ તેમાં હાજરી આપી હતી અને તે બધાને તેમનાં ભિન્ન ભિન્ન વતનના પ્રતિનિધિ કે પ્રેક્ષક સમુદાયમાં આવ્યા હતા. [illegible] કુલ [illegible] [illegible] જેટલી હતી એમ [illegible] કહેવું તેમજ માનવું હતું. [illegible] આ અધિવેશનને મહત્ત્વ [illegible] નહિ [illegible] [illegible]

દશમ અધિવેશન, ઘાટકોપરના સ્વાગત પ્રમુખ,
ઘાટકોપર રાષ્ટ્રીયશાળાના મુખ્ય સહાયક અને દાનવીર



શેઠ મનજીભાઈ દેવશી—ઘાટકોપર

તેમાં સંચાલકોનો જ દોષ છે, જ્યારે સંચાલકોએ પોતાના હોદ્દાનાં રાજીનામાં આપવાની ઈંતેજારીપૂર્વક જણાવ્યું હતું કે અમારાથી બનતી બધી સેવા અમોને મળતા ફાજલ વખતમાં અમે કરીએ છીએ, છતાં પણ બીજા વધુ સેવાભાવી સેવકો મળતા હોય તો અમે ખસીને માર્ગ આપવા તૈયાર છીએ. છેવટે રાત્રિના ચાર વાગ્યા સુધી ખૂબજ ચર્ચા થયા પછી જુના કાર્યકરોએ જ એ કામ સંભાળવું એવું ઠરાવી એ કોન્ફરન્સ બરખાસ્ત થઈ હતી.

આ અધિવેશનમાં કૉન્ફરન્સ હસ્તક ચાલતી પૂના બોર્ડિંગ માટે રૂ. પીસ્તાલીશ હજારનું, ઔદ્યોગિક સહાયતામાં રૂ. સાત હજારનું અને જૈન ધાર્મિક શિક્ષણને અંગે સંસ્કારપ્રેરક પાઠ્ય પુસ્તકોની યોજના માટે આશરે રૂ. ત્રણ હજારનું ફંડ થવા પામ્યું હતું. તથા કોન્ફરન્સના નવા બંધારણ મુજબ વાર્ષિક એક રૂપીયાવાળા સભ્યો બનાવવાનું ઘણા પ્રાંતોના પ્રતિનિધિઓ તથા ગૃહસ્થોએ માથે લીધું હતું [illegible] શ્રી રત્નચંદ્રજી મ. તથા પંડિત [illegible] પૂજ્યશ્રી [illegible] મ. તથા પ્રવર્તક મુનિશ્રી તારાચંદ્રજી મ. વગેરેએ [illegible] શ્રમણસંઘની જે યોજના [illegible] હતી તેને [illegible] શ્રમણસંઘની એક બોર્ડ [illegible] કેન્દ્ર [illegible] કમીટી, તથા [illegible] કમીટી [illegible] નિયુક્ત [illegible] ઠરાવ્યું [illegible]

[illegible] અધિવેશન [illegible] [illegible] [illegible] યોજના [illegible] [illegible]

આ અધિવેશન પ્રસંગે 'સ્થા. જૈન યુવક પરિષદ' અને 'મહિલા પરિષદ' મળી હતી. જે એક નોંધવા જેવી બીના હતી.

***

૧૪

ઉપસંહાર

અધિવેશનોની કથા આંહિ પૂરી થાય છે એમ કોઈ રખે સમજે. આ તો આપણા સમાજને કોન્ફરંસનો પૂરો પરિચય નથી એટલે તેનો કંઇક પરિચય થવા પામે એ પદ્ધતિએ આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે, જેમાં બની શકે તે પ્રમાણમાં પ્રમુખોનાં ભાષણોમાંથી અને બીજાં વિવેચનોમાંથી જરૂર પૂરતા ઉતારા આપીને કોન્ફરંસની ઉપયોગિતા તરફ અંગુલિનિર્દેશ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે. બીજી દૃષ્ટિએ જોઈએ તો તેમાં ઇતિહાસની પ્રકૃતિએ ઇતિહાસ આપવામાં આવ્યો નથી. એવો ઇતિહાસ આપવાનો પ્રયત્ન હવે બીજા ખંડમાં આપવાની ખાએશ છે. તેમાં કોન્ફરંસની ઉત્પત્તિથી આજ દિવસ સુધીની તેની પ્રવૃત્તિઓ પર એક 'ઊડતી નજર' ફેંકી સમાજને પ્રગતિ આપવા માટે કોન્ફરંસના સંચાલકોએ અને બીજા સેવકોએ કેવા કેવા પ્રયત્નો કર્યા તેનું વેધક ધ્યાન આપવાની અભિલાષા છે. કોન્ફરંસ પ્રવૃત્તિઓમાં મુખ્ય 'મુંબઈ બોર્ડિંગ હાઉસ,' 'રતલામ જૈન ટ્રેનિંગ કોલેજ,' 'અજમેરની ગુજરશાળા,' 'બાળાશ્રમ,' 'જૈનપ્રકાશ' ઈત્યાદિ છે અને એ પ્રવૃત્તિઓના પરિણામે સમાજને પ્રગતિ મળવા પામી છે કે સમાજ પાછો હઠયો છે તેનું તારણ કાઢવાનો પ્રયત્ન કરવામાં આવશે અને કોન્ફરંસની ચડની–પડનીનો સાચો ઈતિહાસ એવા પ્રયત્ન દ્વારા જ સમજાવી શકાય એ સમજી શકાય તેવું છે.

પ્રકાશકનું અંતિમ નિવેદન

મ્હારે આ પુસ્તકને અંગે કાંઈ પણ નિવેદન કરવાનું નહોતું, પરન્તુ છેક છેલ્લી ઘડીએ, લેખકબંધુની અને મ્હારા એક બે મિત્રની ઇચ્છાને માન આપી બે શબ્દ જનતા સમક્ષ મુકું તો તે અસ્થાને નહિ ગણાય.

કૉન્ફરન્સના અત્યારસુધીનાં સઘળાં અધિવેશનોના ઇતિહાસનું આ પુસ્તક કહેવાયું છે ખરૂં, પણ ખરૂં જોતાં આ પુસ્તકમાં ચર્ચાયેલા અધિવેશનો પર સમાજની કયાં કયાં ત્રુટીઓ હતી, સામી પ્રવૃત્તિ માટે સમાજે એકસંપીથી રચનાત્મક અને સક્રિય કાર્ય કરવું જોઈએ એજ પ્રેરણા મુખ્યત્વે આ પુસ્તકદ્વારા આપણને મળી શકશે અને 'ઇતિહાસ' કહેવા કરતાં 'આપણાં કાર્યોની સમીક્ષા કે વિવેચન' કહેવું વધારે બંધ બેસતુ થઈ પડશે.

જે પુસ્તકમાં કેવળ પ્રશસ્તિઓ જ માત્ર હોય છે, વિષય, અંતરંગ [illegible]

[illegible]

[illegible]

અગાઉથી ગ્રાહક થનારા ગૃહસ્થોના મુબારક નામ.

મુંબાઈ

ll શ્રી ચંદુલાલ ગુલાબચંદ દેશાઈ
1 શા જગજીવન દેવસીભાઈ
1 શા તલકશી ઝવેરચંદ
1 શ્રી ધીરજલાલ મોતીચંદ
૨ મોહનલાલ જેઠાલાલ ઉદાણી
1 રાયચંદ જગજીવન પારેખ

જેતપુર

૨ ભોગાભાઇ સ્થાનક ભંડાર
૨ લીંબડી સ્થાનક ભંડાર
૨ નાથાલાલ ઝવેરચંદ કામદાર
૨ તલકચંદ દેવજી શાહ
૨ ભાઈચંદ જશરાજ અજમેરા
1 રેવાશંકર મંગળજી કામદાર
1 વછરાજ ધરમશી
1 જેઠાલાલ વસનજી
1 બેન નવલ પરમાણંદ
1 વછરાજ લક્ષ્મીચંદ
1 લક્ષ્મીચંદ હીરાચંદ શાહ
1 જેચંદ કાલિદાસ ગાંધી
1 જેઠા મુળજી-પ્રાફ
દા. શામળજી હરજીવન
1 રાયચંદ દેવચંદ
1 મુનિલાલ અભેચંદ ઉદાણી
1 અમૃતલાલ હરજીવન
1 જગજીવન દેવરાજ

૧ પ્રભુદાસ કહાનદાસ પારેખ
૧ વનમાળી પરસોત્તમ શેઠ
૧ માણેકચંદ દયાળ દલાલ
૧ કરસનજી દામજી
૧ નેમચંદ કચરા શેઠ
૧ જીવરાજ વર્ધમાન વકીલ
૧ દલપતરામ અભેચંદ કોઠારી
૧ પરમાણંદ જગજીવન દેશાઈ
૧ જેઠા બેચર મોચી
૧ ભગવાનજી જેચંદ કામદાર
૧ નૌતમલાલ છગનલાલ મહેતા
૧ પ્રાણશંકર જગન્નાથ શેઠ
૧ મૂળશંકર જગનાથ શેઠ
૧ પ્રાગજી મુળજી
૧ ભાઈચંદ અમરશી ગાંધી
૧ દામોદર દેવરાજ
૧ ભાઈચંદ જુઠાભાઇ
૧ ન્યાલચંદ નરભેરામ વિપાણી
૧ ગવરીશંકર અનચજી
૧ ગવરીશંકર કાજાની દીકરી
બેન નરભેકુંવર
૧ રતિલાલ રાઘવજી
૧ ભગવાનજી વેલજી વોરા
૧ હંસરાજ જેરામ દોશી

૧ બીમજી કાળા
૧ લક્ષ્મીચંદ રણછોડ
૧ અમરશી ઝીણા મોદી
૧ ભવાન કાળા
૧ જેચંદ વર્ધમાન કોઠારી
૧ જીવરાજ દેવચંદ કામદાર
૧ ભગવાનજી કુલચંદ
૧ જેરામ વિઠલ ખત્રી
૧ ગવરીશંકર નરભેરામ દેશી
૧ મુળજી ઝવેરચંદ
૧ હંસરાજ ઝવેરચંદ
૧ દીપાશંકર શીવલાલ મોદી
૧ મવાચંદ મુળચંદ પારેખ

અમદાવાદ

૨ શા વાડીલાલ ડાહ્યાભાઈ
૨ શા ચીમનલાલ છગનલાલ
૨ ચંદુલાલ હીરાલાલ સંઘવી
૨ શેઠ વ[illegible] [illegible]
૨ મો[illegible] [illegible] દેશી
૧ શા [illegible] [illegible] (૩[illegible])
૧ [illegible] [illegible] [illegible] ,,
૧ [illegible] [illegible] [illegible]

૧ શા દેવચંદભાઈ કુંવરજી
૧ કેશવલાલ પાનાચંદ પરેખ (મીઠાખળી)
૧ છીપાપોળ સ્થા. જૈનશાળા
૧ શા ગીરધરલાલ મહાસુખરામ
૧ શા લહેરાભાઈ ઉમેદરામ
૧ શા તલકચંદ ખીમચંદ
૧ શા પુરાભાઈ પ્રભુરામ
૧ શા મગનલાલ કસ્તુરચંદ

રાજકોટ

૪ શેઠ ચુનીલાલ નાગજી [illegible]
૨ વકીલ હરખચંદ જોઠાભાઈ [illegible]
૧ [illegible] [illegible] [illegible] (મુ[illegible])
૧ નાનાભાઈ સ્થા. જૈન[illegible]
૧ શ્રી સ્થા જૈન [illegible] [illegible]

[illegible]

૪ સંઘવી [illegible] [illegible]
૧ શા ચુની[illegible] [illegible]
૧ શા [illegible] [illegible]
૧ શા [illegible] [illegible]

પરચુરણ

[illegible]

ચીમનલાલ પોપટલાલ ઘાટકોપર, ૧ શ્રી. કપુરચંદ રૂપશીભાઈ ઘાટકોપર, ૧ શેઠ શામજી મંગળજી જમશેદપુર. ૧ દોશી ઝવેરચંદ વલ્લભજી જમશેદપુર, ૧ દશાશ્રીમાળી સ્થા. જૈન સંઘ જમશેદપુર. ૧ મનસુખલાલ માધવજી કરાંચી, ૧ શા. જેઠાલાલ કુંવરજી કરાંચી, ૧ શા. લાલજી સુંદરજી કરાંચી, ૨ મણીલાલ લાલજી ધ્રોળ. ૧ રતિલાલ મુળજી ગાંધી ઊંઝા. ૧ ઓધવજી ગીગાભાઈ સાયણ, ૧ જેરામ ડાહ્યાભાઈ કુંબાકોનમ, ૧ ઘાટલીયા જમનાદાસ નથુભાઈ જામનગર, ૧ રણછોડલાલ પ્રભુલાલ કોઠારી જામનગર, ૧ માનસિંગ મંગળજી મહેતા જામનગર, ૧ વનેચંદભાઈ દુર્લભજી ઝવેરી જયપુર, ૧ સરૂપચંદજી માણેકચંદજી ભંડારી ઈંદોર, ૧ અમોલખચંદજી હેમરાજજી સુરાણા રામપુરા, ૧ હરીલાલ ડાહ્યાભાઈ નીકાવા, ૧ કેશવલાલ એચ. મોદી જળગામ, ૧ નારાયણદાસ રામચંદ પનવેલ. ૧ સરૂપચંદ કસ્તુરચંદ મુણોત બાંબોરી, ૧ અમૃતલાલ રતનશી કુસુન્દા, ૨ પીરપાળ પરસોતમ દોમડીયા કલકત્તા, ૧ પ્રાણલાલ ઘેલાચંદ લખતર, ૧ જગજીવનદાસ ડામરસી લખતર, ૧ રમણીકલાલ નંદલાલ તલસાણીયા લખતર, ૪ ગીરજાશંકર મોનજી ઉદાણી બોજુડી. ૧ વસંતલાલ નારણજી સંઘવી- થાવનથી (બર્મા) ૩ શા. લાલજી તેજુ સ્થાનકપાયા. ૨ કમાણી ગીરધરલાલ ગોવિંદજી રાણપુર (ભેસાણ) ૧ પા. ચુનીલાલ નાથાલાલ ખંભાત, ૧ કોઠારી ભીજમશી ડુંગરશી સોપીકા, ૧ સંઘવી ભગવાનજી ભાઈચંદ વાંકાનેર, ૧ પટેલ ફતેચંદ દરજીવન બેરમો, ૧ મહેતા છગનલાલ મોરારજી સુલતાનપુર, ૧ શેઠ હીરાચંદજી ખેતાજી પૂના, ૧ શેઠ ચુનીલાલજી જસરાજજી પૂના, ૧ ગુલરાજજી સંતોકચંદ કાવેડીયા પૂના, ૨ ભાઈચંદ દેવચંદ બરવાળા, ૧ છબીલાલ ચુનીલાલ ડેલીવાલા બરવાળા, ૧ વોરા જસરાજ કરસન નીઆલા, ૧ અમૃતલાલ જેરામભાઈ વારીયા કમ્પાલા, ૧ શેઠ ઘેલાભાઈ નાનજી જલગાંવ, ૧ આત્માનંદ જૈન ગુરૂકુળ ગુજ્રાનવાલા ૧ વર્ધમાન જૈન સાધુમાર્ગી પુસ્તકાલય નાગોર, ૧ માણેકચંદ મુળજી મહેતા ખીલોસ ૧ મોદી નેમચંદ સરજી લાલપુર, ૧ સંતોષચંદ જૈન શિવપુરી, ૧ શ્રીમતી નથીબાઈ ધર્મપત્ની શ્રી. શેઠ અમરચંદજી કોઠારી ભોપાલ, ૧ શા. મોહનલાલ કેશવજી દામનગર, ૧ શેઠ

વીરજીભાઈ ડાહ્યાભાઈ સમાઘોઘા, ૧ શેઠ ડુંગરશી ડાહ્યાભાઈ સમઘોઘા, ૧ ગો. મનમોહનદાસ કપુરચંદ પોરબંદર, ૧ શા. હીરાલાલ શામળદાસ વસુંધરા, ૨ શ્રી જિનેન્દુ શ્રાવકમંડળ રતલામ, ૧ શા. શા. મણીભાઈ બી. મહેતા (પ્રે. ગ્રે. ક્ર.) વડાલુ શહેર, ૧ શ્રી. રતનલાલ ડોશી સૈલાના, ૧ શેઠ નૈનમલ કેસરીમલ મસોર. ૧ શેઠ હજારીમલ મોતીલાલ પાંદારકવડા.

જૈનાચાર્ય શ્રીમાન લવજી સ્વામીના નામની સૌરાષ્ટ્રમાં ચાલતી સંસ્થાઓ

૧ શ્રી લવજી સ્વામી સ્મારક લાયબ્રેરી — જુનાગઢ
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જિરાસીયા હેડ્રેલ લાયબ્રેરી — વઢવાણ
૧ શ્રી લવજી સ્વામી જૈન ફ્રી લાયબ્રેરી — ચેલીયા
૧ શ્રી લવજી સ્વામી સ્થાનકવાસી જૈન પુસ્તકાલય — ચેલીયા
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી — ગુંદા
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી — ખીરસરા
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી — જામનગર [illegible]
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી — [illegible]
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી — [illegible]
૧ શ્રી લવજી સ્વામી સ્મારક જૈન લાયબ્રેરી — [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]
૧ [illegible]